# સમ્યગ્દર્શન
## કેવી રીતે પ્રગટે ?

લેખક

**ભીખાલાલ ગીરધરલાલ શેઠ**

પ્રકાશક

**જગદીશચંદ્ર ભાલચંદ્ર ખોખાણી**

૧૬, કૈલાસ નિવાસ નં. ૨

આર. બી. મહેતા માર્ગ

ઘાટકોપર (પૂર્વ)

**મુંબઈ-૪૦૦ ૦૭૭**

# સમ્યગ્દર્શન

## કેવી રીતે પ્રગટે?

લેખક
ભીખાલાલ ગીરધરલાલ શેઠ

પ્રકાશક
જગદીશચંદ્ર [illegible]ચંદ્ર ખોખાણી
૧૬, કૈલાસ નિવાસ નં. ૨
આર. બી. મહેતા માર્ગ
ઘાટકોપર (પૂર્વ)
મુંબઈ-૪૦૦૦૭૭

પુસ્તક–પ્રાપ્તિસ્થાન—

જગદીશચંદ્ર ભાલચંદ્ર ખોખાણી
૧૬, કૈલાસ નિવાસ નં. ૨, ૩જે માળે,
આર. બી. મહેતા રોડ,
ઘાટકોપર (પૂર્વ), મુંબઈ–૪૦૦ ૦૭૭
ટેલીફોન નં. ૫૧૨૪૦૭૯

ભીખાલાલ ગીરધરલાલ શેઠ
૪, રતન આબાદ,
તુકારામ જાવજી રોડ,
મુંબઈ–૪૦૦ ૦૦૭
ટેલીફોન નં. ૩૮૨૯૮૧

સને ૧૯૮૩
વીર સંવત ૨૫૦૯
મૂલ્ય : સ્વાધ્યાય

: મુદ્રક
બેલા ટાઈપ સેટિંગ વર્ક્સ
ઘીકાંટા રોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧.

# સમર્પણ

**પૂજ્ય પિતાશ્રી સ્વ. શ્રી ભાલચંદ્રભાઇ ડુંગરસીભાઇ ખોખાણી**

જેમણે મારી નાની વયમાં દેહત્યાગ કર્યો હતો પરંતુ અમને સ્નેહ તથા સુશિક્ષણથી સંસ્કારી બનાવ્યા, તથા–

**પૂજ્ય માતુશ્રી સ્વ. વજકુંવરબહેન**

જેમણે પોતે ધર્મસંસ્કાર પામીને અમને તે સમયના પૂજ્ય મુનિવરો તથા મહાસતીજીઓના ઉપદેશામૃતનું પાન કરાવ્યું, તેમ જ કૃપાળુદેવ આત્મજ્ઞાની શ્રીમદ્ રાજચંદ્રજીના વચનામૃત પ્રત્યે ભક્તિ અને પ્રેમ પ્રાપ્ત કરાવી જીવનમાં ધાર્મિક સંસ્કારનું સિંચન કરાવ્યું, વીતરાગમાર્ગમાં રુચિ પ્રગટાવી.

તેમની પુણ્ય સ્મૃતિમાં—

શ્રદ્ધાનવંત

**જગદીશચંદ્ર**

# પ્રકાશકની પ્રસ્તાવના

મુરબ્બી શ્રી ભીખાલાલભાઈ શેઠનું "ગુણસ્થાન" પુસ્તક વાંચ્યા પછી તેમને મળવાનો અવસર પ્રાપ્ત થયો ત્યારે સમ્યક્ત્વ કેમ પ્રાપ્ત થાય ?—એ મારા પ્રશ્નના ઉત્તરમાં તેમના સમજાવટપૂર્વક ઉત્તરથી મને ઘણો આનંદ પ્રાપ્ત થયો.

સમ્યગ્દર્શનનું સ્વરૂપ અને તેને પામવાનો ઉપાય જાણવાથી એ આનંદ અન્યને પણ પ્રાપ્ત થાય તે માટે તેમના વિચારોને પુસ્તકરૂપે મૂર્ત કરવા મેં વિનંતિ કરી અને પુસ્તકનું ખર્ચ પણ મારે આપવું છે એવી ભાવના દર્શાવી. તેમણે પરિશ્રમ લઈ લખાણ તૈયાર કર્યું, એટલું જ નહિ, પરંતુ પ્રુફ સુધારવાથી માંડી સમસ્ત કાર્ય કરી આપેલ છે તે માટે તેમનો હું આભાર માનું છું.

મુરબ્બી શ્રી ભીખાલાલભાઇએ સમ્યગ્દર્શનનું સ્વરૂપ વિશદ અને શાસ્ત્રોક્ત દર્શાવ્યું છે. તે વાંચતાં શ્રી વીતરાગ-દર્શન પ્રત્યે પરમ ભાવ ઉત્પન્ન થાય છે. શ્રી જિનેશ્વરદેવની વાણી પૂર્વાપરવિરૂદ્ધ–કથનથી રહિત હોય છે, માટે જૈનદર્શન યથાર્થવાદી દર્શન છે.

આ પુસ્તકમાં નિશ્ચયસમ્યગ્દર્શન તેમ જ વ્યવહાર–સમ્યગ્દર્શનની સ્પષ્ટ સમજણ આપેલી છે. સમ્યગ્દર્શન પૂર્વેની પાંચ લબ્ધિઓ, સમ્યક્ત્વના ભેદો, તેના લક્ષણો વગેરેની જાણકારી પ્રાપ્ત થાય છે. સાત ભયનું વર્ણન

કરીને સમ્યક્ત્વથી ઉત્પન્ન થતી નિર્ભયતા દર્શાવી છે, તેના જ્ઞાનથી અને ચિંતનથી આપણે પણ નિર્ભયતા પ્રાપ્ત કરી શકીએ એમ છીએ. તદુપરાંત સમ્યક્ત્વના આઠ અંગ, તેના ૨૫ મળ વગેરે ફરી ફરી વાંચવાયોગ્ય છે તે પણ આપ્યા છે.

તત્ત્વ સંબંધી યથાર્થ નિર્ણય થતાં, જડ અને ચેતનને વિવેક થાય છે, સ્વ-પરનું ભેદવિજ્ઞાન પ્રકાશે છે, તેથી મુમુક્ષુ પોતાના આત્માને અજર, અમર, અવિનાશી ચૈતન્યસ્વરૂપ અને દેહાદિથી પ્રત્યક્ષ ભિન્ન સમજવા લાગે છે, તેથી નિર્ભય બની જાય છે.

તદુપરાંત મુરબ્બી શ્રી ભીખાલાલભાઈએ પુસ્તકમાં પરમ ઉપકારી વિશ્વવંદ્ય શ્રી તીર્થંકરદેવના પંચકલ્યાણકનો મહિમા દર્શાવ્યો છે.

જૈન પારિભાષિક શબ્દો સમજવા કઠીન પડતા હોવાથી તેમના અર્થ અકારાદ્યાનુક્રમ અનુસારે તેમણે પુસ્તકના અંત ભાગમાં મૂકયા છે, જેથી વાચક સરળતાપૂર્વક ભાવ ગ્રહણ કરી શકે.

મુમુક્ષુ આત્માઓ આ પુસ્તકમાંથી પ્રેરણા પ્રાપ્ત કરશે તો લેખકનો પરિશ્રમ સાર્થક થશે.

મુંબઈ, **જગદીશચંદ્ર ભાલચંદ્ર ખોખાણી**

તા. ૧૯-૧-૧૯૮૩.

# લેખકનું પ્રાક્કથન

પ્રાણીમાત્રને વિકાસના અને આત્મશ્રેયના અંગોનો યોગ મળવો અત્યંત દુર્લભ છે. મનુષ્યપણું પ્રાપ્ત થવું, સદ્‌ગુરુનો યોગ મળવો તથા સદ્ધર્મનું શ્રવણ કરી, શુદ્ધાત્મતત્ત્વનું સ્વરૂપ સમજી, સમ્યગ્દર્શન પ્રગટાવવું અતિ અતિ દુર્લભ છે. આવું દુર્લભ મનુષ્યત્વ પામ્યા પછી પણ સમ્યગ્દર્શનની સંપ્રાપ્તિ અત્યંત અત્યંત દુર્લભ છે. તેથી જીવ સમ્યક્ત્વ પ્રગટાવવાનો પુરુષાર્થ ન કરે તો સંસાર-ચક્રમાં પરિભ્રમણ કર્યા કરે અને મનુષ્યપણાની કાંઈ સાર્થકતા થાય નહિ. માટે ભવ્ય આત્માઓ સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાની પ્રેરણા પામે એ અભ્યર્થના છે.

શ્રીયુત્ જગદીશભાઈએ પરમ ઉલ્લાસભાવથી આ પુસ્તક પોતાના ખર્ચે છપાવ્યું છે તેને માટે ધન્યવાદને પાત્ર છે.

અધ્યાત્મપ્રેમી શ્રીયુત્ જયંતીલાલભાઈ ધનજીભાઈ દોશી (દાદર–મુંબઈ) તરફથી પુસ્તક સંબંધી યોગ્ય સૂચનો સંપ્રાપ્ત થયા છે તે માટે આભાર પ્રદર્શિત કરું છું.

મુંબઈ, ભીખાલાલ ગિરધરલાલ શેઠ

તા. ૧૯–૧–૧૯૮૩.

# અનુક્રમણિકા


| વિષયસૂચિ | | પૃષ્ઠ |
|---|---|---|
| **૧. સમ્યગ્દર્શન કેવી રીતે પ્રગટે ?** | | |
| સ્વરૂપના અજ્ઞાનથી ભવભ્રમણ | .... | ૧૧ |
| મુમુક્ષુનું સર્વપ્રથમ કર્તવ્ય | .... | ૧૨ |
| સ્વરૂપલક્ષે જ સાધના હોવી ઘટે | .... | ૧૫ |
| ધર્મનું મૂળ સમ્યગ્દર્શન | .... | ૧૫ |
| મોક્ષમાર્ગ | .... | ૧૭ |
| રત્નત્રયની વ્યાખ્યા | .... | ૧૭ |
| સમ્યગ્દર્શન તે શુદ્ધ શ્રદ્ધાન છે | .... | ૧૮ |
| નવતત્ત્વ જાણવા | .... | ૨૨ |
| ભેદવિજ્ઞાન | .... | ૨૯ |
| પોતાના શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરો | .... | ૩૧ |
| સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો ઉપાય | .... | ૩૪ |
| સમ્યગ્દર્શન પૂર્વે શુભોપયોગ | .... | ૪૧ |
| આત્માનુભૂતિ | .... | ૪૨ |
| પાંચ લબ્ધિઓ | .... | ૪૬ |
| સમ્યક્ત્વના ભેદ | .... | ૫૩ |
| સમ્યગ્દર્શન બે પ્રકારે ઊપજે | .... | ૫૩ |
| સમ્યક્ત્વના ત્રણ ભેદ | .... | ૫૭ |
| ઉપશમ–સમકિત | .... | ૫૭ |
| ક્ષયોપશમ–સમકિત | .... | ૬૦ |
| ક્ષાયિક–સમકિત | .... | ૬૨ |

સમ્યક્ત્વના પાંચ લક્ષણો .... ૬૪
સમ્યક્ત્વી જીવ નિર્ભય હોય છે .... ૬૫
(સાત ભયનું વર્ણન)
સમ્યગ્દર્શનના આઠ અંગ .... ૭૦
સમ્યક્ત્વના ૨૫ મળ .... ૭૫
સમ્યક્ત્વીને આયુબંધ .... ૭૬
સમકિતીને ૪૧ કર્મપ્રકૃતિનો અબંધ .... ૭૭
સમકિતીનો તત્ત્વસંબંધી યથાર્થ નિર્ણય .... ૭૮

**૨. જગત્પૂજ્ય શ્રી તીર્થંકરદેવ .... ૮૩**

તીર્થંકરનામકર્મનો બંધ .... ૮૫
ગર્ભકલ્યાણક .... ૮૬
જન્મકલ્યાણક .... ૮૭
તપકલ્યાણક .... ૯૪
કેવળજ્ઞાનકલ્યાણક .... ૯૭
સમવસરણ .... ૯૮
ધર્મોપદેશ .... ૯૯
તીર્થંકરદેવ ૧૮ દોષ રહિત છે .... ૧૦૦
સ્વરૂપકથન .... ૧૦૧
નિર્વાણકલ્યાણક .... ૧૦૩

**શ્રાવક કંદમૂળ ખાય ? .... ૧૦૪**

પારિભાષિક શબ્દોના અર્થ .... ૧૦૬

# સમ્યગ્દર્શન

## કેવી રીતે પ્રગટે?

લેખક

ભીખાલાલ ગીરધરલાલ શેઠ
૪, રતન-આબાદ,
તુકારામ જાવજી રોડ,
મુંબઈ-૪૦૦૦૦૭.

નિરંતર ભાવવાયોગ્ય

# આત્મભાવના

હું એક છું, અભેદ છું, અસંગ છું, નિર્વિકલ્પ છું, ચૈતન્યમાત્ર એકાંત શુદ્ધ નિર્મમત છું. હું સહજ શુદ્ધ જ્ઞાન અને આનંદ જેનો સ્વભાવ છે એવો પરિપૂર્ણ છું. હું ઉદાસીન છું, જ્ઞાતા-દ્રષ્ટા છું. હું સ્વપર્યાય પરિણામી સમયાત્મક છું.

હું નિજ નિરંજન શુદ્ધાત્માના સમ્યગ્ શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનથી ઉત્પન્ન થતા વીતરાગ-સહજાનંદરૂપ સુખની અનુભૂતિમાત્ર છું. હું સ્વસંવેદન જ્ઞાન વડે સ્વસંવેદ્ય છું, જણાવાયોગ્ય છું, પ્રાપ્ત થવાયોગ્ય છું.

હું અબદ્ધ-સ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત છું. હું જન્મ-જરા-મરણ રહિત છું. હું દેહાદિ રહિત છું. હું પરભાવથી મુક્ત છું, સ્વભાવમાં રહેલો છું. હું અનુભવ-સ્વરૂપ, શુદ્ધચૈતન્યમાત્ર, પરમ સમાધિમય પરમશાંતરસમય અને નિજઉપયોગમય છું.

હું રાગ-દ્વેષ-મોહ, ક્રોધ-માન-માયા-લોભ, પાંચ ઇંદ્રિયોના વિષય-વ્યાપાર, મન-વચન-કાયાનો વ્યાપાર, ભાવકર્મ-દ્રવ્યકર્મ-નોકર્મ, ખ્યાતિ-પૂજા-લાભની તેમ જ ભોગોની આંકાક્ષારૂપ નિદાન, માયા અને મિથ્યારૂપ ત્રણ શલ્ય ઇત્યાદિ સર્વે વિભાવ-પરિણામોથી શૂન્ય છું. ત્રણે કાળે શુદ્ધનિશ્ચયનયથી હું આવો છું.

# સમ્યગ્દર્શન કેવી રીતે પ્રગટે ?

## સ્વરૂપના અજ્ઞાનથી ભવભ્રમણ

અનાદિ કાળથી આ આત્માએ પોતાનું સ્વરૂપ જાણ્યું નહિ, તેથી સ્વ-પરનું યથાર્થ શ્રદ્ધાન થયું નહિ, સ્વને પરરૂપે માન્યો અને પરને સ્વ-રૂપે માન્યું. તેથી બાહ્ય પદાર્થો તરફ તીવ્ર મમત્વબુદ્ધિ થઈ. શરીરાદિ પરદ્રવ્યોને પોતાના માન્યા તથા તેમાં અહંબુદ્ધિ અને મમત્વબુદ્ધિ કરીને અત્યંત આસક્તિપૂર્વક આ જીવ પ્રવર્ત્યો. જીવનું અનાદિ કાળનું આ અગૃહીતમિથ્યાત્વ છે. આ મિથ્યાત્વ જીવને મૂળ નિગોદસ્થાનથી જ ચાલ્યું આવે છે.

એકેંદ્રિયથી પંચેંદ્રિય-અસંજ્ઞી સુધી તો જીવને પોતાનું હિત શું છે અને અહિત શું છે તેનો વિચાર કરવાની શક્તિ જ પ્રાપ્ત થઈ નથી.

પંચેંદ્રિય સંજ્ઞી થયો, મનુષ્ય બન્યો, મંદ કષાય અને જ્ઞાનના ઉઘાડ વડે પોતાનું હિત-અહિત શું છે તેનો વિચાર કરવાયોગ્ય શક્તિ પ્રાપ્ત થઇ, પરંતુ પછી બન્યું શું ? અહીં પણ જીવાત્માએ કુદેવ, કુગુરૂ, કુધર્મ અને કુશાસ્ત્રને માન્યા તથા તત્ત્વો જે રૂપે અવસ્થિત છે તે રૂપે

ન માનતાં વિપરીત રીતે માન્યા. આ ગ્રહીતમિથ્યાત્વ છે. તે અગૃહીતમિથ્યાત્વમાં ભળીને, તેને દૃઢ કર્યું. આ કારણે જીવ અનાદિ કાળથી સંસારચક્રમાં પરિભ્રમણ કરતો રહ્યો, એક ગતિ પૂર્ણ થતાં બીજી ગતિમાં ગયો અને અનંત-અનંત દુઃખ ભોગવતો રહ્યો. તેમાં સૌથી વધુ કાળ તો નિગોદમાં જ નિર્ગમન કર્યો.

પરમતત્ત્વજ્ઞ, આત્મજ્ઞાનસંપન્ન શ્રીમદ્ રાજચંદ્રજીએ પ્રબોધ્યું છે કે—

" જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત. "
"અનંત કાળથી પોતાને પોતા વિષેની જ ભ્રાંતિ રહી ગઈ છે."
—શ્રીમદ્ રાજચંદ્રજી

જીવાત્માને જે જે ગતિઓ કર્મના નિમિત્તે પ્રાપ્ત થઈ ત્યાં ત્યાં તે પર્યાયોને જ પોતાનું સ્વરૂપ માન્યું. હું કોણ છું ? મારું પદ શું છે ? મારું રહેઠાણ ક્યાં છે ? મેં કોને મારું રહેઠાણ માન્યું ? આ બધું વિચારણાનું સ્થળ છે, ત્યાં વિચાર કર્યો જ નહિ. તત્ત્વની સંપ્રાપ્તિ થઈ જ નહિ.

## મુમુક્ષુનું સર્વપ્રથમ કર્તવ્ય

મુમુક્ષુએ સિદ્ધાંતબોધ તથા તત્ત્વની પ્રાપ્તિ માટે સર્વપ્રથમ નીતિ, વૈરાગ્ય, ઉપશમાદિમાં પ્રવર્તવું ઘટે, તે

સંબંધમાં આત્મજ્ઞાનસંપન્ન પરમતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી ઉપદેશે છે કે—

"જે મુમુક્ષુજીવ ગૃહસ્થ વ્યવહારમાં વર્તતા હોય, તેણે તો અખંડ નીતિનું મૂળ પ્રથમ આત્મામાં સ્થાપવું જોઈએ, નહીં તો ઉપદેશાદિનું નિષ્ફળપણું થાય છે.

"દ્રવ્યાદિ ઉત્પન્ન કરવા આદિમાં સાંગોપાંગ ન્યાય-સંપન્ન રહેવું તેનું નામ નીતિ છે. એ નીતિ મૂકતાં પ્રાણ જાય એવી દશા આવ્યે ત્યાગ વૈરાગ્ય ખરા સ્વરૂપમાં પ્રગટે છે અને તે જ જીવને સત્પુરુષના વચનનું તથા આજ્ઞાધર્મનું અદ્ભુત સામર્થ્ય, માહાત્મ્ય અને રહસ્ય સમજાય છે; અને સર્વ વૃત્તિઓ નિજપણે વર્તવાનો માર્ગ સ્પષ્ટ સિદ્ધ થાય છે.

"વારંવાર, પળે પળે તથા કાર્યે કાર્યે સાવચેતીથી નીતિ આદિ ધર્મોમાં વર્તવું ઘટે છે. પ્રત્યક્ષ સત્પુરુષનો નિશ્ચય છે, તેને પ્રથમ ભૂમિકામાં એ નીતિ મુખ્ય આધાર છે.

"આ વાત પર વારંવાર....મુમુક્ષુઓએ લક્ષ કર્તવ્ય છે. કઠણ વાત છે માટે ન બને, એ કલ્પના મુમુક્ષુને અહિતકારી છે અને છોડી દેવા યોગ્ય છે." (પ. ૪૯૬)

દેહને વિષે આત્મબુદ્ધિ અને આત્માને વિષે દેહ બુદ્ધિ એવી જે વિપર્યાસ બુદ્ધિ તેનું બળ કેમ ઘટે તે વિષે શ્રીમદ્ રાજચંદ્રજી વદે છે કે—

"તે વિપર્યાસબુદ્ધિનું બળ ઘટવા, યથાવત્ વસ્તુસ્વરૂપ જાણવાને વિષે પ્રવેશ થતા, જીવને વૈરાગ્ય અને ઉપશમ સાધન કહ્યાં છે.

"જે જીવને વિષે ગાઢ વિપર્યાસબુદ્ધિ છે, તેને તો કોઈ રીતે સિદ્ધાંતબોધ વિચારમાં આવી શકે નહીં. જેની વિપર્યાસબુદ્ધિ મંદ થઈ છે તેને તે પ્રમાણમાં સિદ્ધાંતનું અવગાહન થાય; અને જેણે તે વિપર્યાસબુદ્ધિ વિશેષપણે ક્ષીણ કરી છે એવા જીવને વિશેષપણે સિદ્ધાંતનું અવગાહન થાય.

"ગૃહકુટુંબ પરિગ્રહાદિભાવને વિષે જે અહંતા મમતા છે અને તેની *પ્રાપ્તિ અપ્રાપ્તિ* પ્રસંગમાં જે રાગદ્વેષ કષાય છે, તે જ 'વિપર્યાસબુદ્ધિ' છે; અને અહંતા મમતા તથા કષાય જ્યાં વૈરાગ્ય ઉપશમ ઉદ્ભવે છે, ત્યાં મંદ પડે છે, અનુક્રમે નાશ પામવાયોગ્ય થાય છે. ગૃહકુટુંબાદિભાવને વિષે અનાસક્ત બુદ્ધિ થવી તે 'વૈરાગ્ય' છે; અને તેની પ્રાપ્તિ અપ્રાપ્તિ નિમિત્તે ઉત્પન્ન થતો એવો જે કષાયક્લેશ તેનું મંદ થવું તે 'ઉપશમ' છે. એટલે તે બે ગુણ વિપર્યાસબુદ્ધિને પર્યાયાંતર કરી સદ્બુદ્ધિ કરે છે; અને તે સદ્બુદ્ધિ જીવાજીવાદિ પદાર્થની વ્યવસ્થા જેથી જણાય છે એવા સિદ્ધાંતની વિચારણા કરવાયોગ્ય થાય છે."

**—શ્રીમદ્ રાજચંદ્રજી**

આ પ્રમાણે સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે પ્રથમ પાત્રતા તૈયાર થવી જોઇએ.

## સ્વરૂપલક્ષે જ સાધના હોવી ઘટે

ઉપરોક્ત કથનમાં શ્રીમદ્જીનો કહેવાનો ભાવ એવો છે કે અંતરંગમાં રાગાદિકષાયોનો ત્યાગ તથા વૈરાગ્ય એ સાધન છે, પરંતુ એટલેથી જ અટકી ન જતાં, સિદ્ધાંતનું અવગાહન કરીને કે સાંભળીને, જીવાદિ-પદાર્થો જે પ્રકારે રહેલા છે તેવા પ્રકારની વિચારણા કરવામાં આવે અને વિશેષે કરીને આત્મતત્ત્વને તેના મૂળ શુદ્ધ સ્વરૂપે ઓળખવામાં આવે, તેવી જ પ્રતીતિ વર્તે અને તેની પ્રાપ્તિની એકમાત્ર ભાવના કરવામાં આવે તો જ સમ્યગ્દર્શન પ્રકાશે છે. જો પરમાર્થનું લક્ષ ન હોય, આત્મપ્રાપ્તિની ભાવના ન હોય, ભૂતાર્થ સ્વભાવની સન્મુખ થઈને શુદ્ધાત્મદ્રવ્યનું શ્રદ્ધાન ન કરે, તેને ભાવે નહિ તો આત્માર્થ ચૂકી જવાય છે.

જેને સત્‌ની રૂચિ છે તેમને તત્ત્વ પામવાની સાચી જિજ્ઞાસા હોય છે.

## ધર્મનું મૂળ સમ્યગ્દર્શન

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે–

સમકિત વિના જ્ઞાન ન હોય, જ્ઞાન વિના ચારિત્રના ગુણો ન હોય, ચારિત્રના ગુણ વિના કર્મથી મુક્તિ ન હોય અને કર્મમુક્તિ વિના સિદ્ધપદની પ્રાપ્તિ ન હોય.

શ્રી કુંદકુંદાચાર્યદેવે પ્રરૂપ્યું છે કે–

"દંસણમૂલો ધમ્મો"

અર્થાત્-સમ્યગ્દર્શન જેનું મૂળ છે તે ધર્મ છે.

"જેના હૃદયમાં સમ્યક્ત્વરૂપી જળનો પ્રવાહ નિત્ય વહ્યાં કરે છે તેને પૂર્વબદ્ધ કર્મમળ રેતીની પાળની પેઠે ધોવાઈ જઇ ક્ષય પામી જાય છે."

"જેમ વૃક્ષ મૂળસહિત હોય તો તેની શાખા, પ્રશાખા, સ્કંધ વગેરે સમૃદ્ધ બને છે, તે પ્રમાણે રત્નત્રયરૂપ મોક્ષ માર્ગનું મૂળ જિનશાસનમાં સમ્યગ્દર્શનને કહ્યું છે.

"એવું જિનેંદ્રકથિત સમ્યગ્દર્શનરૂપ રત્ન તમે ભાવ-પૂર્વક ધારણ કરો. રત્નત્રયમાં તે સારરૂપ છે અને મોક્ષનું પહેલું પગથિયું છે."

—શ્રીમત્ કુંદકુંદાચાર્યદેવ.

"હે સર્વોત્કૃષ્ટ સુખના હેતુભૂત સમ્યગ્દર્શન ! તને અત્યંત ભક્તિથી નમસ્કાર હો ! આ અનાદિ અનંત સંસારમાં અનંત અનંત જીવો તારા આશ્રય વિના અનંત અનંત દુઃખોને અનુભવે છે.

"તારા પરમાનુગ્રહથી સ્વરૂપમાં રૂચિ થઈ, પરમ વીતરાગ સ્વભાવ પ્રત્યે નિશ્ચય આવ્યો; કૃતકૃત્ય થવાનો માર્ગ ગ્રહણ થયો.

"અનંત કાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું, તે જ્ઞાનને

એક સમયમાત્રમાં જાત્યાંતર કરી જેણે ભવનિવૃત્તિરૂપ કર્યું તે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનને નમસ્કાર.

"સર્વગુણાંશ તે સમ્યક્ત્વ."

—શ્રીમદ્ રાજચંદ્રજી

## મોક્ષમાર્ગ

ઉપર કહ્યું તે પ્રમાણે મોક્ષમાર્ગ સમ્યગ્દર્શનથી પ્રારંભ થાય છે, કારણ કે સમ્યગ્દર્શન થતાં જ્ઞાન અને ચારિત્ર પણ સમ્યગ્ બની જાય છે. છતાં એમ ન સમજવું કે એકલું સમ્યગ્દર્શન મોક્ષનું કારણ છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણ સાથે મળીને મોક્ષમાર્ગ બને છે. મોક્ષપ્રાપ્તિ માટે આ ત્રણ અમૂલ્ય રત્નો છે. તે જ વાત તત્ત્વાર્થસૂત્રમાં કહેવામાં આવી છે.

" સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગઃ ।"

એટલું અવશ્ય છે કે મોક્ષ માર્ગનો પ્રારંભ સમ્યગ્દર્શનથી થાય છે.

## રત્નત્રયની વ્યાખ્યા

સર્વ અન્ય દ્રવ્યથી ભિન્ન, એકક્ષેત્રાવગાહપણે રહેલા શરીરથી પણ ભિન્ન એવા જ્ઞાનદર્શન ઉપયોગલક્ષણસંપન્ન, ચૈતન્યચમત્કારમાત્ર એવા આત્માનું સદ્ગુરુ ઉપદેશથી જ્ઞાન કરવું, એવા એકત્વવિભક્ત આત્માને યથાર્થરૂપે જાણવો તેનું નામ જ્ઞાન છે.

જે જ્ઞાને કરીને અજર, અમર, ટંકોત્કીર્ણ આત્માને દ્રવ્યાર્થિકનયથી જાણ્યો, તેની શંકાદિ રહિત શુદ્ધ, નિર્મળ પ્રતીતિ કરી, શ્રદ્ધા કરી તેને ભગવંતે દર્શન કહ્યું છે, જેનું બીજું નામ સમકિત છે.

એ આત્માની પ્રતીતિ–શ્રદ્ધા આવી અને તેને વિશ્વના સમસ્ત પદાર્થોથી ભિન્ન અને કંઈ પણ સંગ–સ્પર્શ–સંપર્ક વિનાનો અસંગ જાણ્યો, તે પ્રમાણે એવો ભિન્ન અસંગ સ્થિર સ્વભાવ ઊપજે અર્થાત્ આત્મા આત્મભાવમાં સ્થિર થાય તેનું નામ બાહ્યલિંગાદિની અપેક્ષા વિનાનું ભાવચારિત્ર છે, નિશ્ચયચારિત્ર છે.

—મૂળમારગ, ગા. ૬-૭-૮ના આધારે

વસ્તુ અને ગુણ એક જ સત્ત્વ છે. છતાં અહીં ભેદથી સમજાવવામાં આવે છે કે આત્મા જ્ઞાનમય છે, દર્શનમય છે, ચારિત્રમય છે, કારણ કે ગુણ–ગુણીરૂપ ભેદકથન છે તે પણ જ્ઞાન ઊપજાવવાનું એક નિમિત્ત છે.

આત્મા કેવળજ્ઞાનાદિ ગુણવાળો છે એમ કહેવું તે અનુપચરિત શુદ્ધ સદ્‌ભૂતવ્યવહારનય છે. ગુણ–ગુણી અભેદ હોવા છતાં પણ અહીં સમજાવવા માટે ભેદનો ઉપચાર કર્યો છે.

## સમ્યગ્દર્શન તે શુદ્ધ શ્રદ્ધાન છે

સાચા દેવગુરુશાસ્ત્રનું શ્રદ્ધાન વ્યવહાર સમ્યગ્દર્શન છે.

સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે દેવ-ગુરૂ-શાસ્ત્રના સ્વરૂપનું સાચું જ્ઞાન અને શ્રદ્ધાન હોવા જોઈએ.

જે વીતરાગ અને સર્વજ્ઞ છે તે જ સાચા દેવ છે. અરિહંત અને સિદ્ધભગવાન સાચાદેવ છે.

જેમના રાગ-દ્વેષ-મોહાદિ ક્ષય થઈ ગયા છે તે વીતરાગ છે. લૌકિક સુખની આકાંક્ષાથી પરમાત્માની ઊપાસના કરનાર વસ્તુતઃ વીતરાગ-અરિહંતદેવનો ઉપાસક જ નથી. અલોકાકાશ સહિત, છ દ્રવ્યના સમુદાયરૂપ સમસ્ત લોકને ભૂત-વર્તમાન-ભવિષ્યના સમસ્ત અનંતાનંત પર્યાયો સહિત યુગપત્ જેઓ જાણે છે તે સર્વજ્ઞ છે.

સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર દ્વારા જેઓ મહાન થયા છે તેઓ ગુરુ છે. તેઓ પરદ્રવ્યમાં અહંબુદ્ધિ કરતા નથી અને પોતાના જ્ઞાનાદિ-સ્વભાવને જ પોતાનો માને છે. તેઓ પરદ્રવ્યમાં ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ કરતા નથી. પરમતત્ત્વજ્ઞ, આત્મજ્ઞાનસંપન્ન શ્રીમદ્ રાજચંદ્રજીએ 'આત્મસિદ્ધિશાસ્ત્ર'માં સદ્ગુરુના લક્ષણ આ પ્રમાણે દર્શાવ્યા છે—

'આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદય પ્રયોગ;
અપૂર્વ વાણી પરમશ્રુત, સદ્ગુરુ લક્ષણ યોગ્ય !'

—શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર

આત્મજ્ઞાન એટલે સમ્યગ્જ્ઞાન, તેમાં પરવસ્તુમાં રાગ, દ્વેષ, ઈચ્છા, મમતાદિ રહિતપણું છે. પોતાની આત્મવસ્તુ

અને સમસ્ત પદાર્થોને યથાવસ્થિત જાણવા તે છે. સમદર્શિતા એટલે પદાર્થને વિષે ઇષ્ટાનિષ્ટ બુદ્ધિ રહિતપણું, મમત્વ રહિતપણું, સત્ય-અસત્યનો વિવેક કરે, ખોટાનો નિષેધ કરે અને જેમ છે તેમ કહે, પરંતુ તેમાં રાગદ્વેષ ન કરે. હિતઅહિત બરાબર જાણે.

વિચરે ઉદયપ્રયોગ એટલે પૂર્વકર્મના ઉદય અનુસાર યોગનું વર્તવું તથા સહજ સ્વરૂપસ્થિત દશામાં આત્માનું સ્થિર રહેવું તે. અજ્ઞાનીની વાણીથી જે જુદી પડે છે, એટલે કે જેમાં પરભાવનું સ્થાપન હોતું નથી તથા અવિરોધ અનેક ન્યાય સહિત સ્યાદ્વાદયુક્ત અને નિર્દોષ જે વાણી છે તે અપૂર્વ વાણી. ષટ્દર્શનના તાત્પર્યને જાણનારા તે પરમશ્રુત. આ સદ્‌ગુરુના લક્ષણ કહ્યા.

શાસ્ત્ર– જે મોક્ષમાર્ગનો પ્રકાશ કરે તે જ સત્શાસ્ત્ર છે. મોક્ષમાર્ગ તો એક વીતરાગ ભાવ છે, માટે જે શાસ્ત્રમાં કોઈ પ્રકારે રાગ-દ્વેષ-મોહભાવોનો નિષેધ કરી વીતરાગ-ભાવનું પ્રયોજન પ્રગટ કર્યું હોય તે જ સત્શાસ્ત્ર છે.

હવે અહીં એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે સાચા દેવ, ગુરૂ, શાસ્ત્રના શ્રદ્ધાનથી સમ્યગ્દર્શન કેવી રીતે થાય ?

**સમાધાન**–સમ્યગ્દર્શનની સંપ્રાપ્તિ માટે દેવ-ગુરૂ-શાસ્ત્ર તથા જીવાદિ નવ તત્ત્વોનું સાચું જ્ઞાન અને શ્રદ્ધાન કરવું આવશ્યક છે, તે દર્શાવાય છે—

જેઓ વીતરાગ અને સર્વજ્ઞ છે તેમને દેવ કહે છે. શ્રી પ્રવચનસારમાં કહ્યું છે કે–

"જે ખરેખર અર્હંતને દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયપણે જાણે છે, તે પોતાના આત્માને પણ જાણે છે અને તેનો મોહ અવશ્ય નાશ પામે છે."

અરિહંત દેવના પ્રગટ શુદ્ધ સ્વરૂપમાં અને સ્વભાવ–પરિણતિથી, નિશ્ચયનયથી આપણા આત્મામાં ભિન્નતા નથી તેથી અરિહંતદેવના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે, તેની શુદ્ધતા મનથી વિચારે. પછી પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને ભેદપૂર્વક જાણે, વિચારે. ત્યારબાદ ભેદનો વિકલ્પ પણ છોડી દે અને અંતરંગમાં સ્વસ્વરૂપમાં સ્થિર થાય, નિર્વિકલ્પ થાય એટલે સમ્યગ્દર્શન પ્રગટે.

આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ પંચપરમેષ્ઠીપદમાં આવે છે. તેઓ સંવરનિર્જરાયુક્ત બનીને મોક્ષપ્રાપ્તિના પુરુષાર્થી બનેલા હોય છે. તેઓ સ્વરૂપના જ્ઞાતા છે. શ્રમણ-ધર્મ અંગીકાર કર્યો છે. શુદ્ધોપયોગવડે પોતાના આત્માને અનુભવી રહ્યા છે, સ્વસ્વરૂપને વેદે છે. એવા સદ્ગુરૂની શ્રદ્ધા થતાં, શ્રદ્ધા કરનાર આત્મા પણ પોતાના ગુણોના નિર્મળ પર્યાયો પ્રગટાવવાનો અભિલાષી બને છે, તેથી તેનો મોહ નાશ પામે છે અને સમ્યગ્દર્શનની સંપ્રાપ્તિ કરે છે.

સાક્ષાત્ કેવળી ભગવંતનો દિવ્યધ્વનિ સાંભળીને તથા તેમાંથી અગમ્ય અર્થને પણ જાણીને તદનુસાર ચાર જ્ઞાનના

ધારક શ્રી ગણધરદેવ શાસ્ત્રની રચના કરે છે. એવા શાસ્ત્રોમાં સમ્યગ્શ્રદ્ધા કરીને, તેનું અવગાહન કરવાથી પોતાના આત્માનું શુદ્ધ સ્વરૂપ જણાય છે અને તેની ભાવના વડે સમ્યગ્દર્શનની સંપ્રાપ્તિ થાય છે. દેવ–ગુરૂ–શાસ્ત્રને ત્યારે જ ઓળખ્યા કહેવાય કે જ્યારે શુદ્ધાત્માનું શ્રદ્ધાન પણ ભેળું હોય.

દેવ–ગુરૂ–શાસ્ત્રની વ્યવહારથી શ્રદ્ધા તો કરે અને કુદેવ–કુગુરુ–કુશાસ્ત્રમાં શ્રદ્ધા ન કરે એમ એકલા વ્યવહારથી કાંઈ મોક્ષ માર્ગ ખૂલતો નથી. અંતરંગમાં પોતાના શુદ્ધ સ્વભાવને અવલંબીને પોતાના એકત્વવિભક્ત સ્વભાવની સમ્યક્ પ્રતીતિ થઈ ત્યારે નિશ્ચયસમકિત કહેવાય છે. કેવળ વ્યવહારને મોક્ષમાર્ગ માનવમાં આવ્યો નથી, પરંતુ શુદ્ધાત્માના શ્રદ્ધાનરૂપ નિશ્ચયસમ્યગ્દર્શન હોય ત્યારે મોક્ષમાર્ગ માનવામાં આવ્યો છે.

કુદેવ–કુગુરૂ–કુશાસ્ત્રની જેને શ્રદ્ધા હોય અથવા સર્વજ્ઞતાને માનતો ન હોય તેની તો વ્યવહારશ્રદ્ધા પણ વિપરીત છે અને તેને માટે તો શુદ્ધાત્માનું શ્રદ્ધાન ઘણું ઘણું દૂર છે.

## નવતત્ત્વ જાણવા

સમ્યગ્દર્શનની સંપ્રાપ્તિ માટે જીવ–અજીવાદિ નવ-તત્ત્વો તેના ભાવો સાથે જાણવા તથા તેમની યથાસ્વરૂપે પ્રતીતિ કરવી તે પણ આવશ્યક છે. નવતત્ત્વોને જાણવાથી આત્માનું "સામાન્ય સ્વરૂપ", અર્થાત્ પરમશુદ્ધ, ત્રિકાળી

ધ્રુવ, એકરૂપ આત્મસ્વરૂપ જે દ્રવ્યદળમાં રહેલું છે તે જાણી શકાય છે. નવતત્ત્વનું શ્રદ્ધાન ત્યારે જ સાચું કહેવાય કે જ્યારે તે જાણીને સ્વસ્વભાવની સન્મુખતા થાય, શુદ્ધાત્માનું નિશ્ચયશ્રદ્ધાન કરવામાં આવે અને તેના અવલંબને સમ્યગ્દર્શન પ્રગટાવવામાં આવે.

નવતત્ત્વોને તેમના યથાર્થ સ્વરૂપે જાણવાથી અને પ્રતીતવાથી મૂળ ભૂલ ટળે છે. તેથી જ્ઞાનમાં પણ જે ભૂલ હતી તે પણ ટળી જાય છે. તેથી આત્માનું અત્યન્ત ભિન્નપણું અર્થાત્ ભિન્ન આત્માનું એકપણું જે સદાય અંતરંગમાં પ્રકાશમાન છે, એવા પ્રકારનું વર્તમાન પર્યાયમાં પણ પરિણમન થાય છે.

તત્ત્વાર્થસૂત્રમાં શ્રી ઉમાસ્વામી ફરમાવે છે કે–

"તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્ ।"

અર્થાત્–જીવાદિ નવતત્ત્વો જે સ્વરૂપે અવસ્થિત છે, તે તત્ત્વોની તેવા જ સ્વરૂપે શ્રદ્ધા કરવી, અન્યથા શ્રદ્ધા ન કરવી તે સમ્યગ્દર્શન છે. તત્ત્વાર્થ–શ્રદ્ધાન સાથે શુદ્ધાત્માનું શ્રદ્ધાન પણ ભેળું જ હોય. તત્ત્વાર્થશ્રદ્ધાન સાથે શુદ્ધાત્માનું સ્વરૂપ જાણીને ભૂતાર્થસ્વભાવની સન્મુખ થઈ શુદ્ધાત્માનું શ્રદ્ધાન કર્યું તો જ નવતત્ત્વોને યથાર્થ સ્વરૂપે જાણ્યા એમ કહી શકાય છે. એકલા વ્યવહારથી આ તત્ત્વો જાણે પરંતુ આત્મામાં પરિણમન કરી શુદ્ધાત્માના શ્રદ્ધાનરૂપ નિશ્ચય–સમ્યક્ત્વ ન પ્રગટાવે તો એવા આત્માને કેવળ વ્યવહાર–

શ્રદ્ધાથી સમ્યગ્દૃષ્ટિ કહેવાય નહિ. આત્માનુભૂતિ સહિત શુદ્ધાત્માના શ્રદ્ધાનરૂપ જે નિશ્ચયસમ્યક્ત્વ છે, તેમાં અનંતાનુબંધીના ચાર કષાયો અને દર્શનમોહની પ્રકૃતિનો ઉપશમ થાય છે અને પ્રથમોપશમ સમ્યક્ત્વ પ્રગટે છે તે જ શુદ્ધસમ્યક્ત્વ છે.

'તત્ત્વ' અને 'અર્થ' શબ્દોના સંયોગથી 'તત્ત્વાર્થ' સમાસ બન્યો છે, યથા—"તત્ત્વેન અર્થઃ તત્ત્વાર્થઃ ।" જેનું પ્રકરણ છે તેને 'તત્' કહે છે અને તેનો જે ભાવ—અર્થ—સ્વરૂપ છે તે 'તત્ત્વ' જાણવું. 'તસ્ય ભાવસ્તત્ત્વં ।' વસ્તુના ભાવનું નામ તત્ત્વ છે. માટે તત્ત્વ અને તેના ભાવનું એમ બંનેનું શ્રદ્ધાનજ્ઞાન થાય તે જ સાચું શ્રદ્ધાનજ્ઞાન છે.

તત્ત્વો જે સ્વરૂપે રહેલા છે અર્થાત્ તેનો જે ભાવ છે તેનાથી અન્યથા—સ્વરૂપે જાણવા, માનવા, પ્રતીતવા, શ્રદ્ધવા કે એક તત્ત્વનું સ્વરૂપ અન્ય તત્ત્વના સ્વરૂપે કહેવું કે તત્ત્વના સ્વરૂપને અન્યોન્યમાં ભેળવીને તેમને કહેવા વગેરે સંકરદોષ થવો ન જોઈએ.

**પ્રશ્ન**—નવતત્ત્વોના નામો તેમ જ તેમના ભાંગા જાણી લીધા, જેમકે જીવના નરકાદિ—ગતિમાર્ગણાથી ચાર ભેદ છે, એકેંદ્રિયાદિ ઇંદ્રિયમાર્ગણાથી પાંચ પ્રકાર છે, સ્ત્રીઆદિ—વેદમાર્ગણાથી ત્રણભેદ છે, ત્રસ—સ્થાવર, બાદર—સૂક્ષ્મ, પર્યાપ્ત—અપર્યાપ્ત, પ્રત્યેક—સાધારણ, આદિરૂપ બબ્બે પ્રકાર છે—એ પ્રમાણે જીવોના સર્વે ભાંગા જાણી લીધા તો સમ્યગ્દર્શન થયું કહેવાય ને?

**સમાધાન**-ના, એમ નથી. આવું ઘણા માને છે તે માન્યતા યથાર્થ નથી. તેથી સમકિત થયું એમ પણ નથી. ઉપર વર્ણવ્યા એ બધા ભાંગા તો પર્યાયાર્થિકનયથી જીવનું વિશેષસ્વરૂપ છે, વર્તમાન અશુદ્ધ અવસ્થા છે. ઉપર દર્શાવેલા તેમ જ તે સિવાયના ચારેય ગતિમાં જીવની અવસ્થા કઇ રીતે કેમ હોય તેનું સિદ્ધાંત અનુસાર જે નિરૂપણ છે, ભાંગાઓ છે તે જીવની જુદી જુદી અવસ્થાઓનું વર્ણન છે. માહિતી છે, શાસ્ત્રજ્ઞાન છે પરંતુ અનુભવજ્ઞાન નથી. અનુભવ તે જ સમ્યગ્દર્શન છે.

આત્મા શુદ્ધસ્વરૂપે અભેદ, એકરૂપ, ત્રિકાળી ધ્રુવ છે, જ્ઞાન સ્વભાવી છે, શાંતરસથી ભરપૂર છે અને સદા અરૂપી છે તથા પરદ્રવ્યથી અત્યંત ભિન્ન છે, એવું જીવનું શુદ્ધસ્વરૂપ જે નિરૂપણ કર્યું છે તે રૂપ પરિણમન પોતાના આત્મામાં થાય તે સમ્યગ્દર્શન છે, સર્વ અન્ય દ્રવ્યો અને અન્ય દ્રવ્યના ભાવોથી આત્માને જુદો દેખવો, શ્રદ્ધવો તે નિયમથી સમ્યગ્દર્શન છે.

**પ્રશ્ન**-તો પછી જીવના ભેદો શાસ્ત્રમાં વર્ણવ્યા છે, તે શા માટે કહ્યાં છે?

**સમાધાન**-અનાદિ કાળથી જીવે પોતાનું શુદ્ધસ્વરૂપ જાણ્યું નહિ, તેથી શરીરાદિ પરદ્રવ્યોમાં આત્મબુદ્ધિ કરી તેથી અનંતાનંત જન્મ-મરણ થતાં રહ્યા અને તેથી જે જે

ગતિઓ પ્રાપ્ત થતી રહી અને તેને લઈને અનંત દુઃખ જીવાત્માએ અનેક ગતિઓમાં ભોગવ્યું તે દર્શાવવા અને આત્મલક્ષ કરાવવા માટે જીવની અશુદ્ધ–અવસ્થાઓના ભાંગા શાસ્ત્રોમાં વર્ણવ્યા છે, પરંતુ તે ભાંગા કાંઈ આશ્રય કરવા માટે વર્ણવ્યા નથી. જીવની અશુદ્ધઅવસ્થા અવલંબન લેવા-યોગ્ય નથી. આ અવસ્થા વ્યવહારનયથી કહેવામાં આવી છે.

વળી જીવની અશુદ્ધાવસ્થાના ભેદો જાણવાથી, જીવની અવસ્થાઓ અને તેના સ્થાનોની જાણકારી થાય છે તેથી તેમની દયા થાય, વિરાધના ન થાય. જો જીવના સ્થાનો જાણ્યા જ નહિ, તો "સત્ત્વેષુ મૈત્રી" કોની કરશે ? અનુકંપા કોની કરશે ? વિરાધનાથી કેમ બચી શકાશે ?

તે ઉપરાંત પ્રમાણજ્ઞાન દ્વારા જીવનું સામાન્ય અને વિશેષ સ્વરૂપ જાણવું જોઈએ. નય તો એક દેશને જાણનાર છે, પદાર્થના એક ધર્મનું મુખ્યતાથી જ્ઞાન કરાવે છે. પ્રમાણ-જ્ઞાન વસ્તુના બધા અંશોને ગ્રહણ કરે છે. દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક બંને નયોથી આત્મસ્વરૂપ જાણવું જોઇએ. એ જાણીને જે અશુદ્ધ સ્વરૂપ છે તે સંસારાવસ્થા છે માટે હેય (ત્યાગવાયોગ્ય) છે અને મારૂં શુદ્ધસ્વરૂપ છે તે જ ઉપાદેય (અંગીકાર કરવાયોગ્ય) છે, એમ નિશ્ચય કરીને, શુદ્ધસ્વરૂપનું અવલંબન લઇને, તે પ્રગટાવવાનો પુરુષાર્થ ઉપાડવો–એવા કારણોથી શાસ્ત્રોમાં જીવનું અશુદ્ધ સ્વરૂપ પણ દર્શાવવામાં આવ્યું છે.

તત્ત્વો તેના સ્વરૂપે જાણતાં, અજીવ તત્ત્વ આત્માથી અત્યંત ભિન્ન તત્ત્વ છે, એ નિશ્ચય થતાં તેના પ્રત્યેનો ભ્રમ નાશ પામે છે તેથી સમ્યગ્દર્શન પ્રકાશે છે.

આસ્રવતત્ત્વ હેય છે એમ પ્રતીતિ કરવી. બંધતત્ત્વ આત્માને સંસારમાં દાખલ કરાવે છે એમ પ્રતીતવું. આસ્રવ –બંધતત્ત્વોનો નાશ કરવા માટે સંવર–નિર્જરા તત્ત્વોમાં પ્રવર્તવું અને તેમને ઉપાદેય માનવા. મોક્ષતત્ત્વને પરમ ઉપાદેય માનવું.

પુણ્યપાપતત્ત્વો આસ્રવ–બંધમાં સમાવેશ પામે છે. મને પુણ્ય થાય, દેવ લોક મળે, ભૌતિક સુખ પ્રાપ્ત થાય, હું રાજા કે શેઠ શાહુકાર બનું એ રીતે ઉપયોગને ભમાવવો તેનો અર્થ એ થાય છે કે–"તેને સંસારપ્રાપ્તિની ઇચ્છા છે, મોક્ષની ઈચ્છા નથી, લક્ષ નથી, ભાવના નથી." જેને સંસારના સુખની ઈચ્છા હોય તેને સંસાર મળ્યા જ કરે છે.

કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ ઉપદેશ્યું કે–

"વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ;
તેહ શુભાશુભ છેદતાં, ઊપજે મોક્ષસ્વભાવ."

–શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર

અર્થાત્–જીવ અનાદિ કાળથી ચાર ગતિમાં પરિભ્રમણ કરી રહ્યો છે તેનું કારણ શુભ–અશુભ કર્મ છે અને તે કર્મનું કારણ જીવે પૂર્વે કરેલા શુભ–અશુભ ભાવો છે.

તેથી પરિભ્રમણના મૂળ કારણરૂપ શુભ અને અશુભ ભાવોને છેદતાં, તેમનો લય કરતાં અને જ્ઞાતા-દૃષ્ટાપણે માત્ર રહેવાથી જીવનો મૂળ શુદ્ધસ્વભાવ પ્રગટે છે અર્થાત મોક્ષઅવસ્થા ઊપજે છે.

"આ શુભાશુભ ભાવો મારા અને હું તેનો"—એવા બંધભાવમાં રાચીને જીવે અનંતકાળ વીતાવ્યો. પોતાનું જ્ઞાતાપણું ભૂલી ગયો, ઉપાધિમાં અટકયો તેથી ઉપાધિરૂપ થયો. ઔપાધિક ભાવ તે કાંઇ આત્માનો નિજ સ્વભાવ નથી, પરંતુ કર્મપ્રકૃતિના ઉદયનિમિત્તે પરનો આશ્રય કરવાથી થયો છે. જો આત્મા શુભાશુભ ભાવોથી ભિન્ન પડીને, તે ભાવોનો જ્ઞાતાદૃષ્ટા જ માત્ર રહે તો તેમનાથી નિવૃત્ત થઈ મોક્ષસ્વભાવ પ્રગટે. જ્ઞાતાપણામાં ટકી રહેવારૂપ પુરૂષાર્થથી પ્રગટ મોક્ષ-દશા થઈ શકે છે. અબંધપરિણામે બંધ-અવસ્થા ટળે છે.

સ્ત્રી, પુત્ર, ઘર, કુટુંબ, વ્યાપારાદિમાં રાગબુદ્ધિ છે, એકત્વ છે, તે અશુભ પરિણામોથી નિવૃત્ત થઈને કોઈ મનુષ્ય સાચા દેવ-ગુરૂ-ધર્મની ભક્તિ કરે, સુપાત્રે દાન દે, વીતરાગ -શાસનની પ્રભાવના કરે, ભક્તિ-વૈયાવૃત્યમાં પ્રવર્તે તે સારૂં જ છે, કારણ કે પાપકાર્યમાંથી અટકીને શુભોપયોગમાં આવ્યો.

અશુભોપયોગની અપેક્ષાએ શુભોપયોગ સારો જ છે. અશુભ પરિણામોમાં કષાય તીવ્ર છે ત્યારે શુભ પરિણામોમાં મંદકષાય હોય છે, તેથી બંધ હીન પડે છે. માટે શુદ્ધો-

પયોગ ન હોય ત્યારે અશુભથી છૂટી શુભમાં પ્રવર્તવું યોગ્ય છે, પણ શુભને છોડી અશુભમાં પ્રવર્તવું તો યોગ્ય છે જ નહિ. કોઈ એમ માને કે શુભભાવ કરતાં કરતાં મોક્ષ થશે, તો તેવા પ્રકારની માન્યતા મિથ્યા છે. મોક્ષ તો શુભ–અશુભ એ બંને ભાવો છેદવાથી ઊપજે છે અર્થાત્ શુદ્ધોપયોગથી જ ઊપજે છે.

વળી જે ધર્માત્મા હોય, જેણે સમ્યક્ત્વ પ્રગટાવ્યું હોય, પરંતુ હજુ ચારિત્રની અધૂરાશ હોય, તેથી નિર્વિકલ્પ -દશામાં વધુ ટકી ન શકે ત્યારે પણ એવો સાધક શુભ પરિણામોમાં પ્રવર્તે છે. તે દેવ–ગુરુ–ધર્મની ભક્તિ કરે છે, તત્ત્વને ચિંતવે છે, સુપાત્રે દાન આપે છે, વીતરાગ–શાસનની પ્રભાવના થાય એવા કાર્યોમાં પ્રવર્તે છે. પરંતુ તે શુભપરિણામો સાથે એકત્વ કરતો નથી કે તેનું સ્વામિત્વ કરતો નથી. એક માત્ર શુદ્ધોપયોગની ભાવનાયુક્ત બનીને શુભોપયોગમાં પ્રવર્તે છે. તે માને છે કે મારા પુરુષાર્થની એટલી મંદતા છે કે હું શુદ્ધોપયોગમાં વધુ સમય સ્થિર રહી શકતો નથી. શુભોપયોગથી મોક્ષ થશે એવું તો કદી પણ માને નહિ.

## ભેદવિજ્ઞાન

તત્ત્વચિંતનમાં ભેદવિજ્ઞાન અને આત્માનુભૂતિ ગર્ભિત છે.

પૂ. અમૃતચંદ્રાચાર્યદેવે પ્રરૂપ્યું છે કે—"અનાદિકાળથી આજ દિવસ પર્યંત જ્યાં સુધી જીવે ભેદવિજ્ઞાન કર્યું નથી

ત્યાં સુધી તે કર્મથી બંધાયેલો રહ્યો છે અને બંધાયા કરે છે તથા સંસારમાં રઝળ્યા કરે છે. **જે જે આત્મા બંધાયા છે, તે સઘળા ભેદવિજ્ઞાનના અભાવથી જ બંધાયા છે અને જે જે આત્માઓ સિદ્ધ-બુદ્ધ થયા છે, કર્મોથી મુકાયા છે અને પરિનિર્વાણને પ્રાપ્ત થયા છે તે સર્વે ભેદ વિજ્ઞાનથી જ થયા છે.**"

–શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ

પરદ્રવ્યથી અત્યંત ભિન્ન એવા ત્રિકાળી ધ્રુવ અંતસ્તત્ત્વને જાણીને તેની તથારૂપ શ્રદ્ધા કરવી, પ્રતીતિ લાવવી તે ભેદ વિજ્ઞાન છે. સ્વરૂપના આવા જ્ઞાન વડે આત્માને સર્વે પદાર્થોના દ્રવ્ય–ગુણ–પર્યાયોથી અને અન્ય સર્વે ભાવોથી પૃથક્ ચિંતવવો, ભાવવો તે ભેદવિજ્ઞાન છે. સ્વપરના શ્રદ્ધાનમાં અને આત્મશ્રદ્ધાનમાં વિપરીત–અભિનિવેશરહિતપણાની મુખ્યતા છે. જે ભેદ વિજ્ઞાન કરે છે કે નિજ અંતસ્તત્ત્વને સર્વ પદાર્થથી ભિન્ન અનુભવે છે, તેને વિપરીત અભિનિવેશ હોય જ નહિ. તેથી ભેદવિજ્ઞાની સમ્યગ્દષ્ટિ જ છે. ભેદવિજ્ઞાનથી જ્ઞાયક આત્મા જ્ઞાયકભાવે પ્રકાશે છે. આત્મા આત્મા વડે, આત્મા માટે, આત્મામાં આત્માનું જ જ્ઞાન કરે છે, ત્યારે ઉપયોગાત્મક આત્માનુભૂતિ પ્રગટે છે, તે વિષે હવે પછી લખશું. આ બધું ભેદવિજ્ઞાનથી બને છે, તેથી તેનો અચિંત્ય મહિમા શાસ્ત્રમાં વર્ણવ્યો છે.

સ્વને સ્વ–રૂપે જાણતાં એ પણ જાણવું જોઈએ કે આત્મામાં ઉત્પન્ન થતા રાગાદિ–વિભાવ ભાવો જે આસ્રવબંધ-

રૂપ છે તે પણ ત્રિકાળી શુદ્ધસ્વરૂપથી ભિન્ન છે. અશુદ્ધનિશ્ચયનયથી એ ભાવો વર્તમાન પર્યાયમાં ઉત્પન્ન થતા હોવા છતાં પણ તે ભાવો આત્માના શુદ્ધસ્વરૂપમાં સમાતા નથી, નિમિત્તકારણે ઉત્પન્ન થાય છે અને પછી લય પામે છે. તેથી આત્મા સાથે તેમનો અવિનાભાવી સંબંધ નથી.

આ પ્રમાણે ભેદવિજ્ઞાન વડે પોતાના આત્માનો અનુભવ કરવો તે જ મોક્ષાર્થે પ્રયોજનભૂત કાર્ય છે, જેથી સ્વભાવસન્મુખતાની એકતા થાય છે અને પરસન્મુખતા ચાલી જાય છે. એ રીતે આત્માનુભવ થાય છે.

## પોતાના શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરો

તેથી સમ્યગ્દષ્ટિ પ્રાપ્ત કરાવવા માટે પૂજ્ય અમૃતચંદ્રાચાર્યદેવ કોમળ સંબોધનથી કહે છે કે- "હે ભાઈ! તું કોઈ પણ રીતે મહાકષ્ટ ભોગવીને પણ અથવા **મરીને પણ એટલે કે મૃત્યુ જેવા કષ્ટોને ભોગવીને પણ** તું તારા આત્મતત્ત્વનો કૌતૂહલી થા, આત્માનો અનુભવ કર. સંયોગથી પ્રાપ્ત અને આત્મપ્રદેશો સાથે એક ક્ષેત્રાવગાહરૂપ રહેલું આ શરીર તે તારું સ્વરૂપ નથી, તે તારાથી અત્યંત ભિન્ન છે. તું બે ઘડી તેનો પડોશી થઈ તારા આત્મવિલાસનો અનુભવ કર! તેથી શરીરાદિ પરપુદ્ગલ સાથેના એકત્વનો તારો મોહ તું શીઘ્ર છોડી દઈશ અર્થાત્ તું સમ્યગ્દષ્ટિ સંપ્રાપ્ત કરીશ."

કરુણાના સાગર શ્રી અમૃતચંદ્રાચાર્યદેવનો આ ઘણો મહત્ત્વનો કળશ છે. તેનો અર્થ એ છે કે સમ્યક્ત્વ પ્રાપ્ત કરવા માટે યુગના યુગ નથી જતાં. જો જીવાત્મા પુરૂષાર્થ ઉપાડે તો બે ઘડીમાં જ સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી લે છે અને જન્મ-મરણના ફેરાનો અંત કરી શકે છે. પરંતુ તેમાં જે પુરુષાર્થ કરવાનો છે તે મહાન્ છે. ગમે તેવા પરિષહો કે ઉપસર્ગો આવે, મૃત્યુ જેવા ભયંકર કષ્ટો આવે તો પણ તેમને ભોગવી લઈને, તું આત્માનુભૂતિ કરવાનો, ચૈતન્ય-ભગવાનનો અનુભવ કરવાનો કૌતૂહલી થા. બસ ! જો આ પ્રમાણે તેં કર્યું તો ફક્ત બે ઘડીમાં જ સમ્યગ્દષ્ટિ બની જઈશ અને ભવભ્રમણનો છેડો લાવી દઈશ. કેટલું કોમળ આ સંબોધન છે !

તદુપરાંત આચાર્યદેવે શરીરને પાડોશી તરીકે વર્ણવ્યું છે, એટલે કે શરીર તે તારી વસ્તુ નથી, આપણા ઘરની પાસે બીજા કોઈ પાડોશી રહેતા હોય, તો તેમના ઘરમાં શું થઇ રહ્યું છે, તે ઘર સુંદર છે કે નહિ વગેરેનો વિચાર કરવાનું કે તે સંબંધી જાણવાનું આપણને શું પ્રયોજન છે ? કશું જ નહિ. તે જ પ્રમાણે શરીર સંયોગસંબંધે આત્મપ્રદેશો સાથે એકક્ષેત્રે રહ્યું છે તેથી તે આપણું પાડોશી છે. તે પાડોશીના ઘરમાં શું થઈ રહ્યું છે તેનો વિચાર બે ઘડી માટે હે ભાઇ ! તું છોડી દે અને તને આત્માનુભવ પ્રાપ્ત થશે !

કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી પણ સંબોધે છે કે—

"અનંતકાળમાં કાં તો સત્પાત્રના થઇ નથી અને કાં તો સત્પુરૂષ (જેમાં સદ્‌ગુરૂત્વ, સત્સંગ અને સત્કથા એ રહ્યાં છે) મળ્યા નથી, નહીં તો નિશ્ચય છે કે મોક્ષ હથેળીમાં છે."

—શ્રીમદ્‌ રાજચંદ્રજી

અહીં સત્પાત્રતા થઈ નથી તેનો પણ એ જ અર્થ છે કે મુમુક્ષુ બનીને, કષ્ટ ભોગવીને પણ આત્મતત્ત્વનો કૌતૂહલી થયો નથી, નહિ તો નિશ્ચય છે કે આત્માનુભૂતિ અને સમ્યગ્દર્શન તથા મોક્ષ હથેળીમાં છે અર્થાત્ તારી સન્મુખ જ છે, તું જ મોક્ષસ્વરૂપ છો. માટે આત્માનો કૌતૂહલી થા. સત્ મળ્યા નથી એટલે કે આત્મજ્ઞાની ગુરુ વગેરે કે સત્શાસ્ત્ર મળ્યા નથી, તેમનામાં સાચી શ્રદ્ધા થઇ નથી.

વળી પત્રાંક ૫૩૭માં કહ્યું છે કે—

"જીવ દિશામૂઢ રહેવા ઈચ્છે છે ત્યાં ઉપાય પ્રવર્તી શકે નહીં. ફરી ફરી ઠોકી ઠોકીને કહ્યું છે કે એક આ જીવ સમજે તો સહજ મોક્ષ છે, નહીં તો અનંત ઉપાયે પણ નથી."

—શ્રીમદ્‌ રાજચંદ્રજી

જીવ દિશામૂઢ અર્થાત્ માર્ગનો અજાણ, આત્મતત્ત્વનો અજ્ઞાની, મિથ્યાત્વી રહેવા ઇચ્છતો જ હોય અથવા આત્મતત્ત્વનો કૌતૂહલી થઇ આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા ન ઈચ્છતે

હોય અને પોતાનું આત્મહિત ન સમજે તો અનંત ઉપાયે મોક્ષ નથી, પરંતુ જો એ જીવ આત્મહિત સમજીને આત્મજ્ઞાન પ્રગટાવવાના પુરુષાર્થમાં પ્રવર્તે તો સમ્યક્ત્વ પ્રાપ્ત થતાં સહજ મોક્ષ પણ થાય છે.

તેથી બધાય સત્પુરુષોએ આત્મજ્ઞાન પ્રગટાવવાનો ઉપદેશ આપ્યો છે. માટે એમ ચિંતવવું કે હું મારા સાન્નિધ્યમાં રહેલા સર્વે પદાર્થથી જુદો છું. મન–વાણી–કાયાના બાહ્ય નાટકોનો પણ હું જ્ઞાતાદૃષ્ટા અને સાક્ષીભૂત છું. આચાર્યશ્રી કહે છે કે બે ઘડી તારા ભગવાન આત્મામાં લીનતા કર, તને સ્વરૂપનો અનુભવ થશે.

## સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો ઉપાય

સર્વપ્રથમ કહેવાઈ ગયું છે તે પ્રમાણે સમ્યગ્દર્શન પ્રાપ્તિના અભિલાષી મુમુક્ષુએ પાત્રતા તૈયાર કરવી જોઈએ. તેને માટે વ્યવહારમાં નીતિ, વૈરાગ્ય અને ઉપશમાદિમાં પ્રવર્તવું ઘટે.

આચાર્યોએ અને સર્વે સત્પુરુષોએ કહ્યું છે કે જો તું સુખનો અભિલાષી હો, હે ભાઈ! તારે સાચું સહજ અતીંદ્રિય સુખ જોઈતું હોય તો સર્વપ્રથમ તે સુખ ક્યાં છે અને તે કેવી રીતે પ્રગટાવી શકાય તેનો સાચો નિર્ણય કર. અત્યાર સુધી કરેલો નિર્ણય સાચો નહોતો, તેથી સુખને બદલે દુ:ખ જ પ્રાપ્ત થયું.

સુખ આત્મામાં જ છે અને સુખનો સ્રોત આત્મામાંથી જ પ્રવહે છે. શરીર, ઇંદ્રિયો કે બાહ્ય અન્ય પદાર્થોમાંથી સુખ પ્રાપ્ત થશે એવું માનવું તે તો ભ્રાંતિ છે. આ પ્રમાણે સદ્ગુરુઓનો ઉપદેશ છે.

અનાદિ કાળથી નિજસ્વરૂપને ઓળખ્યું નહિ તે જ અગ્રહીતમિથ્યાત્વ અને અજ્ઞાનદશા છે. હવે સ્વરૂપની જાણકારી કરવી એટલે પોતાના આત્માને સર્વે પદાર્થોથી ભિન્ન ચિંતવવો, તે મિથ્યાત્વ તોડવાનો ઉપાય છે. ઘણા એમ કહે છે કે અમે તો આત્માને સર્વે પરદ્રવ્યોથી ભિન્ન માનીએ છીએ, પરંતુ જો તે પ્રમાણે આત્માનું પરિણમન ન હોય તો તે વાત સાચી કહેવાય નહિ.

જેણે આત્માને શરીરથી અને અન્ય સર્વે પરદ્રવ્યોથી ભિન્ન માન્યો, તે પરદ્રવ્યથી મને લાભ થશે કે નુકશાન થશે એવું માને નહિ, પરદ્રવ્યનું હું કાર્ય કરી શકું એમ માને નહિ, શરીરનું કાર્ય હું કરૂં અને શરીર મારૂં છે, હું જેમ ચલાવું તેમ ચાલે છે એવી માન્યતા હોય નહિ.

આ સંબંધમાં શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે–

“ જડ ને ચૈતન્ય બન્ને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન,
સુપ્રતીતપણે બન્ને જેને સમજાય છે;
સ્વરૂપ ચેતન નિજ, જડ છે સંબંધ માત્ર,
અથવા તે જ્ઞેય પણ પરદ્રવ્યમાંય છે.”

એટલે કે-શરીરરૂપ પુદ્‌ગળ-જડ પદાર્થ અને પરમ-જ્યોતિસ્વરૂપ ચૈતન્ય-આત્મા એ બંને દ્રવ્યનો સ્વભાવ જુદો છે એવું જેને સુપ્રતીતપણે સમજાય છે તથા સ્વપરપ્રકાશક આત્મા તે જ પોતાનું સ્વરૂપ છે તથા શરીરાદિ જડ તો માત્ર સંયોગસંબંધરૂપ છે અથવા જડ તો જ્ઞેયરૂપ પર દ્રવ્ય છે, મારાથી અત્યંત ભિન્ન છે, હું તો તે જ્ઞેયનો જ્ઞાતા-દ્દષ્ટા જ છું એવો અનુભવનો પ્રકાશ જેને ઉલ્લસિત થયો છે, તેને શરીરાદિ જડથી ઉદાસીનતા થઈને આત્મામાં પ્રવર્તવારૂપ આત્મવૃત્તિ થાય છે.

એ જ વાત શ્રીમદ્‌ રાજચંદ્રજીએ આત્મસિદ્ધિશાસ્ત્રમાં પણ પ્રકાશી છે કે-

"જડ ચેતનનો ભિન્ન છે, કેવળ પ્રગટ સ્વભાવ;
એકપણું પામે નહીં, ત્રણે કાળ દ્વયભાવ."

અર્થાત્‌-જેનો જાણવાનો સ્વભાવ નથી તે જડ અને સદાય જ્ઞાન કરવાના સ્વભાવવાળો આત્મા, તે બંનેનો કેવળ ભિન્ન સ્વભાવ છે. તે બંને કદી પણ એકપણું પામે નહિ, એવો દ્વૈતભાવ પ્રસિદ્ધ જ અનુભવાય છે.

વળી કહ્યું છે કે-

"પરદ્રવ્યને જીવ જો કરે તો જરૂર તન્મય તે બને,
પણ તે નથી તન્મય અરે! તેથી નહીં કર્તા ઠરે."

અર્થાત્‌-આત્મા જો ખરેખર શરીરની ક્રિયા કરે, તો અવશ્ય તે પરદ્રવ્ય સાથે તન્મય (એકરૂપ) થઈ જાય તો

આત્મા જડસ્વરૂપ બની જાય. એમ થતાં તો આત્માની સત્તાનો જ નાશ થઈ જાય એવો દોષ આવે. પરંતુ આત્મા પરદ્રવ્યમાં તન્મય થતો નથી, પરરૂપ બનતો નથી, માટે આત્માને શરીરાદિ–પરદ્રવ્યનો કર્તા કહેવો અનુચિત અને મિથ્યા કથન છે. ચેતન અને જડ સર્વે દ્રવ્યો પોતપોતાનું કાર્ય સ્વતંત્રપણે કરે છે, એક દ્રવ્ય અન્ય દ્રવ્યનું કાંઈ પણ કાર્ય કરે નહિ એવો વસ્તુસ્વાતંત્ર્યનો ધ્રુવ સિદ્ધાંત છે. કર્તાકર્મપણું અથવા પરિણામ–પરિણામીપણું એક દ્રવ્યમાં જ હોય, ભિન્ન ભિન્ન દ્રવ્યોમાં ન હોય.

પરમતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે–

"જીવની ઉત્પત્તિ અને રોગ, શોક, દુઃખ, મૃત્યુ;
દેહનો સ્વભાવ, જીવ–પદમાં જણાય છે."

અર્થાત્–આત્મા સદા શાશ્વત હોવાથી અનુત્પન્ન છે, પરંતુ જ્યારે તે આત્મા નવો દેહ ધારણ કરે છે ત્યારે તે દેહની ઉત્પત્તિ થઈ તેને જીવની ઉત્પત્તિ માને છે. રૂપી ઈંદ્રિયવાળા વિજાતીય નર-નરકાદિ વિભાવ વ્યંજનપર્યાયનો નાશ થાય છે અર્થાત્ શરીરનો નાશ થયો તેને પોતાનું મૃત્યુ માને છે, તે પ્રમાણે શરીરમાં રોગાદિ થાય છે તેમને આત્મામાં થયાં માને છે. આ અનાદિનું અગ્રહીત–મિથ્યાત્વ ચાલ્યું આવે છે. એવો મિથ્યાત્વભાવ જ્યાં સુધી રહ્યો છે ત્યાં સુધી સ્વરૂપને ઓળખ્યું કહેવાય નહિ.

સ્વરૂપને સમજ્યા વિના અનંત–અનંત જન્મ–મરણ

કરીને અનંત દુઃખ ભોગવ્યું. જન્મ અને મરણનું અનંત દુઃખ જ્ઞાનીઓએ કહ્યું છે. આવા જન્મ-મરણ એક લબ્ધ્યપર્યાપ્તક જીવ નિરંતર કરે તો એક અંતર્મુહૂર્ત સમયમાં ઉત્કૃષ્ટ (વધુમાં વધુ) ૬૬૩૩૬ જન્મ અને મરણ થઇ શકે છે! અંતર્મુહૂર્ત એટલે બે ઘડી (૪૮ મિનિટ) થી કાંઇક ઓછો સમય થાય છે.

માટે હે ભવ્ય! તું તારા સ્વરૂપને ઓળખીને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની ભાવના નિરંતર કર. આવી ભાવના સદ્‌ગુરુ અને સત્શાસ્ત્રની સાચી શ્રદ્ધાથી ઉદ્‌ભવે છે. માટે સદ્દેવ, સદ્‌ગુરુ અને સત્શાસ્ત્રની શ્રદ્ધા કરવી. મોક્ષમાર્ગમાં વિઘ્ન કરનારા કુદેવ, કુગુરુ અને કુશાસ્ત્રની માન્યતા છોડવી, જેથી ગ્રહીતમિથ્યાત્વનો અભાવ થાય, ત્યારબાદ જ અગૃહીતમિથ્યાત્વ છૂટે છે.

વળી નવતત્ત્વનો વિચાર કરવો. તે તત્ત્વોના ભાવોને ગ્રહણ કરવા, જેથી તત્ત્વાર્થશ્રદ્ધાનની પ્રાપ્તિ થાય. નવતત્ત્વોને તેના યથાર્થ ભાવ સાથે ચિંતવતાં સ્વસ્વરૂપનો નિશ્ચય થાય છે, સ્વપરનું ભિન્નપણું ભાસે છે. સ્વમાં જ સ્વપણું દૃઢ કરવા માટે સ્વરૂપનો વિચાર કરવો, તેનું અત્યંત ભિન્નપણું વારંવાર ચિંતવવું, કારણ કે સ્વરૂપના અભ્યાસથી આત્માનુભવ પ્રાપ્ત કરી શકાય છે. તે સ્વરૂપ ચિંતન આ પ્રમાણે છે–

"હું એક છું, અભેદ છું, અસંગ છું, પરમ શુદ્ધ ચિદ્‌ધાતુ છું, હું સહજ શુદ્ધ જ્ઞાન અને આનંદ જેનો

સ્વભાવ છે એવો છું. હું નિર્વિકલ્પ છું, ઉદાસીન છું; શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છું, જ્ઞાતાદૃષ્ટા છું.

"હું નિજ નિરંજન શુદ્ધાત્માના સમ્યગ્શ્રદ્ધાનજ્ઞાન–અનુષ્ઠાનથી ઉત્પન્ન થતા વીતરાગ–સહજાનંદરૂપ સુખની અનુભૂતિમાત્ર છું. હું સ્વસંવેદન જ્ઞાન વડે સ્વસંવેદ્ય છું, જણાવાયોગ્ય છું, પ્રાપ્ત થવાયોગ્ય છું.

"હું અબદ્ધ–સ્પૃષ્ટ અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત છું. હું જન્મ–જરા–મરણ રહિત છું, હુ દેહાદિ રહિત છું. હું પરભાવથી મુક્ત છું, સ્વભાવમાં રહેલો છું. હું પરમ સમાધિમય, પરમ શાંતરસમય અને નિજ ઉપયોગમય છું.

"હું રાગ–દ્વેષ–મોહ, ક્રોધ–માન–માયા–લોભ, પાંચ ઈન્દ્રિયોના વિષય વ્યાપાર, મન–વચન–કાયાનો વ્યાપાર, ભાવકર્મ–દ્રવ્યકર્મ–નોકર્મ, ખ્યાતિ–પૂજા–લાભની તેમ જ ભોગોની આંકાક્ષારૂપ નિદાન, માયા અને મિથ્યારૂપ ત્રણ શલ્ય ઈત્યાદિ સર્વે વિભાવ–પરિણામોથી શૂન્ય છું. ત્રણે કાળે શુદ્ધનિશ્ચયનયથી હું આવો છું." ઈત્યાદિ

આ પ્રમાણે ઉપયોગને અખંડ સ્થિર કરી આત્મભાવના નિરંતર ચિંતવવી જોઈએ.

આ રીતે આત્માનો અભ્યાસ કરતાં અને આત્માને ચિંતવતાં દર્શનમોહનો અનુભાગ મંદ પડતો જાય છે અને તેથી સત્ય સમ્યગ્દર્શનની સંપ્રાપ્તિ થાય છે. તેમાં જીવને કોઈ

પ્રબળ વિપરીત કારણ આવી જાય તો સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થાય, પરંતુ મુખ્યતઃ ઘણા જીવોને તો એ જ અનુક્રમથી કાર્યસિદ્ધિ થાય છે. માટે એ ક્રમ અંગીકાર કરવો અને તેમાં શિથિલતાને પ્રવેશવા દેવી નહિ.

સદ્દેવ–ગુરુ–ધર્મમાં શ્રદ્ધાન કરવું અને તેમને જ માનવા તથા અન્ય કુદેવાદિને ન માનવા એ કરવું તો આવશ્યક છે જ પરંતુ એટલા માત્રથી સમ્યગ્દર્શન નથી. તેમ કરતાં જીવના બંધ–મોક્ષના કારણ–કાર્યનું સ્વરુપ ભાસે નહિ તો મોક્ષમાર્ગરૂપ પ્રયોજનની સિદ્ધિ થાય નહિ. સ્વપરની જાણકારીમાં આસ્રવાદિનું સ્વરૂપ પણ ભાસવું જોઈએ, તો જ મોક્ષમાર્ગરૂપ પ્રયોજન સિદ્ધ થાય.

તત્ત્વોને યથાર્થ સ્વરૂપે જાણ્યા તેથી શુદ્ધાત્માનો નિશ્ચય થયો. તેથી શરીરાદિ પરદ્રવ્યમાં એકત્વશ્રદ્ધાનરૂપ ભ્રાંતિ અને અજ્ઞાનભાવનો અભાવ થાય.

જીવ–અજીવાદિનું તથા આસ્રવાદિનું યથાર્થ શ્રદ્ધાન થતાં અને તે સર્વેનું સ્વરૂપ બરાબર ભાસતાં મોક્ષ–માર્ગરૂપ પ્રયોજન સિદ્ધ થાય છે. વળી આ પ્રમાણે સમ્યક્ શ્રદ્ધાન થતાં, તેથી સમ્યગ્દર્શનની સંપ્રાપ્તિ થાય ત્યાર-બાદ પણ રાગાદિ છોડી મોક્ષનો ઉપાય રાખવો.

પરવસ્તુને ભોગવવાની ઈચ્છાનો અભાવ કરવા માટે, વસ્તુનું સ્વરૂપ અને તેનું સ્વતંત્ર પરિણમન લક્ષગત કરવું ત્યાં એવો વિચાર કરવો કે શરીરાદિ પરદ્રવ્યો મારાથી

અત્યંત ભિન્ન છે. મારી ઈચ્છાનુસાર તેમનું પરિણમન થતું નથી, પરંતુ દરેક દ્રવ્યનું પોતાની સ્વતંત્રતાથી તથા તે સમયની યોગ્યતાથી પરિણમન દ્રવ્યમાં પોતામાં થાય છે, દ્રવ્યની બહાર થતું નથી. દરેક દ્રવ્યનું પરિણમન સ્વદ્રવ્યની અંદર જ થાય છે, બહાર થઈ શકતું જ નથી, તેથી પરદ્રવ્યને ભોગવવાનો પ્રશ્ન જ રહેતો નથી.

આવી રીતે તત્ત્વનો વિચાર કરવાથી તથા તેનો નિર્ણય કરવાથી, પરવસ્તુ ગ્રહવાની, ભોગવવાની કે પોતાની બનાવવાની વગેરે પ્રકારની ઇચ્છાઓ વિલય પામે છે, તેથી વર્તમાન પર્યાયનું સ્વરૂપમાં પરિણમન કરવા પ્રત્યે લક્ષ કેંદ્રિત થાય છે. જો સુખ શાંતિ અને નિરાકુળતાની અભિલાષા હોય તો આત્મપરિણામી થવું આવશ્યક છે, તે સિવાય અન્ય કોઈ માર્ગ નથી.

## સમ્યગ્દર્શન પૂર્વે શુભોપયોગ

સમ્યગ્દર્શનની સંપ્રાપ્તિ પૂર્વે શુભોપયોગ જ પ્રવર્તતો હોય છે. અશુભોપયોગ હોતો નથી. વિશુદ્ધ પરિણામો પશ્ચાત્ જ સમ્યગ્દર્શન હોય છે. તત્ત્વોનું મનન, શુદ્ધાત્મ-સ્વરૂપના ચિંતનાદિરૂપ વિશુદ્ધ પરિણામો અને સમ્યક્ત્વ-પ્રાપ્તિની ભાવના અને એ જ એકમાત્ર લક્ષ તે સમ્યક્ત્વના હેતુ બને છે, માટે સમ્યક્ત્વ પ્રાપ્તિના અભિલાષીએ સંક્લેશ પરિણામો ટાળવા જોઇએ.

## આત્માનુભૂતિ

સમ્યક્ત્વની સંપ્રાપ્તિ માટે અંતસ્તત્ત્વોન્મુખી સ્થિતિ થવી આવશ્યક છે. સમ્યગ્દર્શન સ્વાશ્રયથી જ ઉદ્ભવેલા નિર્મળ પરિણામો છે. અસંખ્યાત પ્રદેશી આત્મા અનંત ગુણો યુક્ત છે અને એકેક ગુણમાં અનંત સામર્થ્ય ભરેલું છે એવા અદ્ભુત વૈભવવાળા આત્માનો મહિમા આવે ત્યારે પરિણતિ સ્વાશ્રય તરફ ઝૂકે. ત્રિકાળી ધ્રુવની સન્મુખતાથી અર્થાત્ જ્ઞાનસ્વભાવી આત્મા સાથે સંધિ કરતાં, આત્મ-સન્મુખ થતાં, જ્ઞાનનો પર્યાય એક અખંડ, ધ્રુવ ચૈતન્ય નિજ દ્રવ્યમાં જ જ્ઞાનને એકાગ્ર કરે છે.

હવે આ જ્ઞાનની ધ્રુવ ચૈતન્ય સાથે સંધિ થયા પહેલા તો સાધક-આત્મા સ્વાનુભવમાં જવા ઇચ્છે છે ત્યારે શુદ્ધ-નયનો આશ્રય કરીને દઢ સંકલ્પ કરે છે કે, "હું ભૂત, ભાવિ, વર્તમાનના સમસ્ત કર્મોથી ભિન્ન છું, મોહરહિત છું અને નિર્વિકલ્પ ચૈતન્ય માત્ર આત્માના શરણે જાઉં છું. હું જ્ઞાયક શુદ્ધસ્વભાવી છું, અબદ્ધ છું, એક છું, નિશ્ચળ છું, અભેદ-સામાન્ય છું "આ પ્રમાણે સવિકલ્પ ભાવના ભાવે છે.

એ પ્રમાણે ભાવના કરતાં સ્વરૂપમાં જામી જાય છે, રમણ કરે છે અને લીનતા કરે છે. સમસ્ત વિકલ્પો અસ્ત પામી જાય છે. આત્મા પોતામાં, પોતા વડે, પોતાના માટે પોતાને ધ્યાવે છે, ત્યારે સ્વાનુભૂતિ પ્રગટ કરી લે છે. સ્વ-ભાવ સન્મુખ થવાથી અને તેમાં એકાગ્રતા કરવાથી એક

સાથે અનંત ગુણોનું નિર્મળ પરિણમન શરૂ થાય છે, તેથી જ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું કે-"સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ" આવા સ્વસંવેદનવડે આત્માનો અચિંત્ય વૈભવ ખૂલી જાય છે. પર્યાયને અંતરોન્મુખી કરીને જ્ઞાનાનંદ સ્વભાવને ભેટતાં જે આનંદનો અંશ પ્રગટયો, તેમાં આકુળતાનો અભાવ હોય છે. તે આનંદાંશના પ્રાગટયની સાથે જ સંપૂર્ણ આનંદ પ્રગટાવવાના બીજ વવાઈ ગયાં. જ્ઞાન–આનંદરૂપ બીજનો ચંદ્રમા ઊગ્યો તે વધીને કેવળજ્ઞાન અને અનંત આનંદરૂપ પૂર્ણિમા થવાની છે તે નિશ્ચત થઇ ગયું.

જેમ દહીં વલોવવાથી માખણ કયારેક કયારેક નીકળે છે તેમ આત્માના શુદ્ધ સ્વરૂપની ભાવના કરતાં સ્વાનુભૂતિ કયારેક થોડી ક્ષણ માટે થાય છે. સ્વાનુભવ સમયે શુદ્ધનયનું અવલંબન પણ છૂટી જાય છે. **આ સ્વાનુભૂતિની સાથે જ સમ્યગ્દર્શન પ્રગટે છે. સ્વાનુભૂતિ વિના શુદ્ધ અર્થાત્ નિશ્ચયસમ્યગ્દર્શન હોતું જ નથી.** જયારે ઉપયોગ આત્મામાં સ્થિરતા પામે છે, ત્યારે ન તો ઇંદ્રિયોના વિષયોનું ધ્યાન હોય છે કે ન મનની અંદર સંકલ્પ–વિકલ્પ હોય છે.

સ્વાનુભવમાં આત્મા એવો સ્થિર થઇ જાય છે કે સાધક –સાધ્યનો, ધ્યાતા–ધ્યેયનો, જ્ઞાતા–જ્ઞેયનો સઘળો દ્વૈતભાવ સ્વાનુભવમાં લય પામી જાય છે, કે જે દશા વચન અને મનથી અગોચર છે. ત્યારે આત્મા સ્વયં અનુભવના રસાસ્વાદને પ્રત્યક્ષ રૂપે વેદે છે, સ્વાનુભવ કે આત્માનુભૂતિ પ્રત્યક્ષ

જ્ઞાન છે, એટલે કે વેદ્યવેદકભાવપણે આસ્વાદરૂપ છે. તેને પ્રત્યક્ષ કહેવાનું કારણ એ જ છે કે શાસ્ત્રપ્રમાણ, અનુમાન-પ્રમાણ આદિ પરોક્ષ-પ્રમાણ વડે કાંઈ આત્માના અનુભવનો રસાસ્વાદ વેદી શકાતો નથી.

સ્વાનુભવ તે આત્માનું વિશેષજ્ઞાન છે, જેમાં આત્મા પોતાના સ્વરૂપના આનંદને અંશે વેદે છે. સંપૂર્ણ આનંદનું વેદન તો સર્વજ્ઞોને જ હોય છે.

આત્માના સ્વરૂપની ભાવના કરતાં કરતાં આત્મામાં જ્ઞાન સ્થિરતા પામી જાય ત્યારે તેને જ આત્મિકભાવ, સ્વાનુભૂતિ, આત્માનુભૂતિ, નિર્વિકલ્પદશા વગેરે નામથી કહેવાય છે.

ભગવાન જ્ઞાનસ્વરૂપ આત્મામાં ઢળીને જે જ્ઞાનનો પર્યાય પ્રગટ થયો તે જ આત્માનુભૂતિ છે. તેમાં શુદ્ધાત્માનું સ્વ-સંવેદ પ્રત્યક્ષ બને છે. તેની સાથે શ્રદ્ધાગુણનો જે નિર્મળ પર્યાય પ્રગટે છે તે નિશ્ચયસમ્યગ્દર્શન છે.

"હું શુદ્ધ છું"-એવા એવા પર્યાયમાં જે વિકલ્પો ઊઠે છે તે વિકલ્પોના સમયે આત્માનુભૂતિ હોતી નથી. નિર્વિકલ્પ દશામાં જ આત્માનુભૂતિ અને સમ્યક્ત્વ પ્રગટે છે.

પૂજ્ય અમૃતચંદ્રાચાર્યદેવ આ સંબંધમાં વદે છે કે-"શુદ્ધનયના વિષયભૂત ચૈતન્ય-ચમત્કારમાત્ર તેજસ્પુંજ આત્માનો અનુભવ થતાં નયોની લક્ષ્મીઉદય પામતી નથી."

આત્મવસ્તુ વિકલ્પના વિષયરહિત સૂક્ષ્મ અવ્યક્તવ્ય છે. જ્ઞાયક-આત્મા નિર્વિકલ્પ ધ્યાનનો વિષય છે. નિર્વિકલ્પતા

**એ ધ્યાન છે અને તેનો વિષય "અખંડ આત્મવસ્તુ" છે. આવો અવ્યક્ત જ્ઞાનાનંદમૂર્તિ ભગવાન-આત્મા સમ્યગ્દર્શનનો વિષય છે.**

તત્ત્વનો ચિંતક મુમુક્ષુ સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો અધિકારી બને છે:

આ પ્રમાણે સમ્યગ્દર્શન કેવી રીતે પ્રકાશે છે તે સંક્ષેપમાં આપણે જોયું.

આપણે એ પણ જાણ્યું કે આત્માનુભૂતિ સાથે સમ્યગ્દર્શન પ્રકાશે છે. પરંતુ આ નિર્વિકલ્પદશા અર્થાત્ ઉપયોગાત્મક આત્માનુભૂતિ રહે જ એવો નિયમ નથી. તેથી સમ્યગ્દર્શન ચાલુ રહેલું હોય છે ત્યારે ઉપયોગાત્મક સ્વાનુભૂતિ ન પણ હોય, એટલે કે પુનઃ સવિકલ્પદશા પ્રાપ્ત થાય છે, કારણ કે છદ્મસ્થ-અવસ્થામાં ઉપયોગાત્મક જ્ઞાન નિત્ય નથી એટલે કે જે ઉપયોગ આત્મામાં સ્થિર થયો હતો તે પલટાઈને અન્યત્ર ન જાય એવો કોઈ નિયમ નથી. માત્ર સર્વજ્ઞ ભગવંતોનું ઉપયોગાત્મક જ્ઞાન નિત્ય છે.

તેથી જે સમ્યક્ત્વ પ્રકાશ્યું તે ચાલુ રહેલું હોય છતાં પણ ઉપયોગાત્મક સ્વાનુભૂતિ ન પણ હોય, પરંતુ એટલું નિશ્ચિત છે કે જ્યાં સુધી સમ્યગ્દર્શન પ્રકાશી રહ્યું છે ત્યાં સુધી લબ્ધ્યાત્મક સ્વાનુભૂતિ અવશ્ય રહ્યા કરે છે. છદ્મસ્થ સમ્યગ્દષ્ટિ આત્માને ઉપયોગાત્મક સ્વાનુભૂતિ કવચિત્ હોય

અને ક્વચિત્ ન પણ હોય. છતાં સમ્યગ્દષ્ટિને સ્વરૂપ-આચરણ અવશ્યમેવ હોય છે.

અનાદિનું મિથ્યાત્વ ટળ્યું અને જે સમ્યક્ત્વ પ્રાપ્ત થયું તે "પ્રથમોપશમ" સમ્યક્ત્વ હોય છે એટલે કે સર્વપ્રથમ "ઉપશમસમકિત" જ પ્રગટે છે.

શુદ્ધાત્મતત્ત્વમાં જેમની પ્રવૃત્તિ અને રૂચિ છે એવી વિધિ વડે પ્રવર્તતા આત્માઓ સમ્યક્ત્વને પામ્યા છે. આ પ્રમાણે જ મોક્ષમાર્ગનો તેમને પ્રારંભ થયો હતો. આ પ્રમાણે મોક્ષમાર્ગની આરાધના કરીને તીર્થંકરો, જિનો, શ્રમણો વગેરે સિદ્ધ થયા છે. તે સર્વેને આપણા ત્રિકાળ નમસ્કાર હો !

આ સ્વાનુભવ સમયમાં મતિશ્રુતજ્ઞાન પ્રત્યક્ષ હોય છે. પરપદાર્થને જાણવામાં તો તે પરોક્ષ જ છે, છતાં આત્માનુભૂતિ સમયે પ્રત્યક્ષ છે. છદ્મસ્થના બાકીના બે જ્ઞાન—અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન દેશપ્રત્યક્ષ છે, ત્યારે સર્વજ્ઞનું કેવળજ્ઞાન સકળપ્રત્યક્ષ છે.

## પાંચ લબ્ધિઓ

તત્ત્વવિચાર કરનારા મુમુક્ષુ આત્મા સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો અધિકારી બને છે. તેમાં પણ શુદ્ધાત્મસ્વરૂપ વિશેષ કરીને અભિપ્રેત અને જ્ઞેય છે. તત્ત્વને ભાવસહિત યથાસ્વરૂપે જાણનારને સમ્યગ્દર્શની પ્રાપ્તિ હોય છે. હવે

આ સમ્યગ્દર્શન પ્રકાશે છે, તેની પૂર્વે પાંચ લબ્ધિઓ પ્રાપ્ત થાય છે, તે લબ્ધિઓ આ પ્રમાણે છે :

૧. ક્ષયોપશમલબ્ધિ
૨. વિશુદ્ધિલબ્ધિ
૩. દેશનાલબ્ધિ
૪. પ્રાયોગ્યલબ્ધિ
૫. કરણલબ્ધિ

આમાંની પહેલી ચાર સાધારણ લબ્ધિ છે, એટલે કે ભવ્ય અને અભવ્ય બંને જીવને હોય છે.

પાંચમી 'કરણલબ્ધિ' મંદ કષાયરૂપ વિશુદ્ધપણાના ધારક અને સમ્યક્ત્વ તરફ ઝૂકેલા એવા નરક, તિર્યંચ, મનુષ્ય કે દેવ એ ચારેય ગતિના સંજ્ઞી, પર્યાપ્ત, અનાદિ કે સાદિ મિથ્યાદષ્ટિ ભવ્ય જીવને જ હોય છે. જેને પૂર્વે ચાર લબ્ધિ થઇ હોય અને જેને અંતર્મુહૂર્તમાં સમકિત થવાનું હોય તેને જ આ પાંચમી "કરણલબ્ધિ" હોય છે. "કરણલબ્ધિ" થતાં તે લબ્ધિના 'અનિવૃત્તિકરણ' ભાગના અંત સમયમાં પ્રથમોપશમ–સમ્યક્ત્વ થાય છે.

## ૧. ક્ષયોપશમલબ્ધિ

જેથી તત્ત્વનો વિચાર થઇ શકે એવો આત્માનો ક્ષયોપશમભાવ પેદા થવો તે ઉપાદાનકારણ હોય અને તેમાં કર્મની યોગ્ય સ્થિતિ પેદા થવી અર્થાત્ તથાપ્રકારનો કર્મોનો ક્ષયોપશમ થવો તે નિમિત્ત હોય, તે એ રીતે કે–કર્મોના મેલરૂપ અશુભ જ્ઞાનાવરણાદિ સમૂહનો અનુભાગ (રસ) જે કાળમાં સમયે–સમયે અનંતગુણા ક્રમથી ઘટતો જઈને

ઉદયને પ્રાપ્ત થાય છે, એટલે કે ઉદયકાળને પ્રાપ્ત સર્વ-ઘાતી સ્પર્ધકોના નિષેકોના ઉદયનો અભાવ તે ક્ષય તથા ભાવિકાળમાં ઉદય આવવાયોગ્ય કર્મોનું સત્તારૂપ રહેવું તે ઉપશમ, એવી દેશઘાતી સ્પર્ધકોના ઉદયસહિત કર્મોની અવસ્થા થવી તેનું નામ ક્ષયોપશમ છે. તેની પ્રાપ્તિ જે કાળમાં થાય તે 'ક્ષયોપશમલબ્ધિ' છે.

૨. **વિશુદ્ધિલબ્ધિ**—પહેલી ક્ષયોપશમલબ્ધિથી ઉત્પન્ન થયેલા જીવના શુભ પરિણામની પ્રાપ્તિ તે વિશુદ્ધિ-લબ્ધિ છે. તેમાં ઉપાદાનકારણ સંકલેશ-પરિણામોની હાનિ અને વિશુદ્ધતાની વૃદ્ધિ અર્થાત્ મંદ કષાય રૂપ ભાવ હોય છે અને તથાપ્રકારે કર્મની સ્થિતિ થતી અર્થાત્ મોહકર્મનો મંદ ઉદય થવો તે નિમિત્ત હોય છે. તેથી તત્ત્વવિચાર થઈ શકે છે. શુભ પરિણામ તે સાતાવેદનીય વગેરે શુભ પ્રકૃતિઓના બંધનું કારણ છે, તે શુભ પરિણામની પ્રાપ્તિ થવી તે વિશુદ્ધિલબ્ધિ છે.

૩. **દેશનાલબ્ધિ**—ઉપદેશિત નવ પદાર્થો, છ દ્રવ્યો આદિની ધારણાની પ્રાપ્તિ થવી તે ઉપાદાનકારણ હોય છે અને તથાપ્રકારે કર્મની સ્થિતિ થવી તેમ જ નવપદાર્થના ઉપદેશક આચાર્યાદિકનો લાભ થવો તે નિમિત્તકારણ છે. નરકાદિ ગતિમાં જ્યાં ઉપદેશ આપનારા નથી ત્યાં પૂર્વ ભવમાં ધારણ કરેલા તત્ત્વાર્થના સંસ્કારબળથી સમ્યગ્દર્શનની સંપ્રાપ્તિ જાણવી.

૪. **પ્રાયોગ્યલબ્ધિ**—ઉપરોક્ત ત્રણલબ્ધિપ્રાપ્ત

જીવ પ્રત્યેક સમયે વિશુદ્ધતાની વૃદ્ધિ કરે અને કર્મની સ્થિતિ અંતઃકોડાકોડી સાગરોપમ કાળમાત્ર રહેવાયોગ્ય આત્માના પરિણામોની પ્રાપ્તિ કરે તે ઉપાદાનકારણ હોય છે તથા નિમિત્ત–નૈમિત્તક–ભાવથી આયુકર્મ છોડીને સાત કર્મોની સ્થિતિ ઘટીને અંતઃકોડાકોડી સાગરોપમમાત્ર થઈ જાય તથા તે કર્મોની ફળ દેવાની શક્તિ કમજોર બની જાય તથા નવો કર્મબંધ આયુકર્મ છોડીને અંતઃકોડાકોડી સાગરોપમ–પ્રમાણ સંખ્યાતમા ભાગમાત્ર થાય અને તે પણ આ લબ્ધિકાળથી માંડીને ક્રમથી ઘટતો જ જાય અને કેટલીક પાપપ્રકૃતિઓનો બંધ ક્રમથી મટતો જાય, એવું કાર્ય બને તે 'નિમિત્તકારણ' હોય છે.

આવા જે આત્માના પરિણામો થવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે તે 'પ્રાયોગ્યલબ્ધિ' છે.

આટલે સુધી સામાન્ય રીતે ભવ્ય જીવ અને અભવ્ય જીવ બંનેને હોઈ શકે છે.

૫. **કરણલબ્ધિ**—જેને અંતર્મુહૂર્તમાં સમ્યક્ત્વ થવાનું હોય તેને જ આ 'કરણલબ્ધિ' હોય છે.

'કરણ' એટલે આત્માના પરિણામો—આત્મામાં સમ્યક્ત્વ–પ્રાપ્તિ યોગ્ય પરિણામોની વિશેષ શુદ્ધિ થવી તે ઉપાદાન–કારણ છે. તથા નિમિત્તકારણ કર્મોની તે સમયની તેવી યોગ્યતા થવી તે છે.

આ કરણલબ્ધિ પ્રાપ્ત થવામાં જીવનો ઉદ્યમ એ પ્રકારે હોય છે કે–

તે મુમુક્ષુ તત્ત્વવિચારમાં ઉપયોગને તદ્રૂપ થઈને લગાડે છે, તેથી સમયે સમયે તેના આત્મપરિણામો નિર્મળ થતા જાય છે. તેને તત્ત્વોપદેશનો વિચાર એવો નિર્મળ થવા લાગ્યો કે જેથી તેને તેનું શીઘ્ર શ્રદ્ધાન્ થઈ જાય. આ કરણલબ્ધિના ત્રણ ભેદ છે, તે—

૧. અધઃકરણ ૨. અપૂર્વકરણ ૩. અનિવૃત્તિકરણ

ત્રણે કરણની દરેકની સ્થિતિ અંતર્મુહૂર્ત સુધીની છે. છતાં અનિવૃત્તિકરણનો કાળ સૌથી થોડો હોય છે. તેનાથી અપૂર્વકરણનો કાળ સંખ્યાતગુણો હોય છે. તેનાથી અધઃ-કરણનો કાળ સંખ્યાતગુણો હોય છે. (લબ્ધિસાર. ગા. ૩૪)

ત્રિકાળવર્તી સર્વે કરણલબ્ધિવાળા જીવોના પરિણામોની અપેક્ષાએ જ આ અધઃકરણ આદિ ત્રણ નામ આપવામાં આવ્યાં છે, તેમાં કરણનો અર્થ 'પરિણામ' છે.

હવે પહેલાં અંતર્મુહૂર્ત કાળપર્યંત **અધઃકરણ** થાય છે, ત્યાં જીવના પરિણામોના નિમિત્તે શું કાર્ય બને છે તે કહેવાય છે. તેમાં ચાર આવશ્યક થાય છે, તે–

૧. સમયે સમયે અનંતગુણી વિશુદ્ધતા થાય.

૨. નવીન **કર્મબંધની સ્થિતિ એક એક** અંતર્મુહૂર્તથી ઘટતી જાય, તે સ્થિતિબંધાપસરણ છે.

૩. સમયે સમયે પ્રશસ્ત પ્રકૃતિઓનો અનુભાગ અનંતગુણો વધે.

૪. સમયે સમયે અપ્રશસ્ત પ્રકૃતિઓનો અનુભાગબંધ ઘટીને અનંતમા ભાગે થાય.

ત્યાર બાદ **અપૂર્વકરણ** થાય છે, તેમાં નિમ્ન પ્રકાર આવશ્યક થાય છે :

૧. સત્તાભૂત પૂર્વકર્મની સ્થિતિને એકેક અંતર્મુહૂર્તથી ઘટાડે એવો સ્થિતિકાંડકઘાત થાય.

૨. તેનાથી અલ્પ એકેક અંતર્મુહૂર્તથી પૂર્વકર્મના અનુભાગને ઘટાડે એવો અનુભાગકાંડકઘાત થાય.

૩. ગુણશ્રેણિના કાળમાં ક્રમથી અસંખ્યાતગુણા પ્રમાણસહિત કર્મ નિર્જરવાયોગ્ય કરે તેવી ગુણશ્રેણિ નિર્જરા થાય. ગુણશ્રેણિ નિર્જરામાં અસંખ્યાત સમય પ્રબદ્ધોની નિર્જરા એક જ સમયમાં થઈ જાય છે.

ત્યાર બાદ **અનિવૃત્તિકરણ** થાય છે. તેમાં આત્માના પ્રશસ્ત પરિણામોનું નિમિત્ત પામીને શું કાર્ય બને છે તે કહેવાય છે.

આમાં પૂર્વે દર્શાવ્યા તે આવશ્યક સહિત, કેટલોક કાળ ગયા પછી અંતરકરણ થાય છે, આત્માના પરિણામના નિમિત્તથી, જે અનિવૃત્તિકરણના કાળ પછી ઉદય આવવાયોગ્ય એવા મિથ્યાત્વકર્મના મુહૂર્તમાત્ર નિષેક, તેનો અભાવ કરે છે અને તે પરમાણુઓને અન્ય સ્થિતિરૂપ પરિણમાવે છે, તેને અંતરકરણ કહે છે.

તે અંતરકરણ પછી ઉપશમકરણ થાય છે. તેમાં અંતરકરણ વડે અભાવરૂપ કરેલા નિષેકોના ઉપરના જે મિથ્યાત્વના નિષેક છે તેને ઉદય આવવાને અયોગ્ય કરે છે, વગેરે ક્રિયા વડે અનિવૃત્તિકરણના અંતસમયના અનંતર જે નિષેકોનો અભાવ થયો હતો તેનો ઉદયકાળ આવતાં તે કાળે નિષેકો વિના ઉદય કોનો આવે? તેથી મિથ્યાત્વનો ઉદય ન હોવાથી પ્રથમોપશમ સમ્યક્ત્વની સંપ્રાપ્તિ થાય છે.

અનાદિ મિથ્યાદૃષ્ટિને સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયની સત્તા નથી તેથી તે જીવ એક મિથ્યાત્વમોહનીયનો જ ઉપશમ કરીને, ઉપશમસમ્યગ્દષ્ટિ થાય છે.

ચારેય ગતિમાં સમ્યક્ત્વ થઈ શકે છે. નરકમાં પણ નારકીને ત્યાં ગયા બાદ નવું સમ્યક્ત્વ પ્રગટ થઈ શકે છે. ચારેય ગતિમાં કોઈ પણ અનાદિ મિથ્યાદષ્ટિ જીવ પ્રથમ વાર નિર્વિકલ્પ આત્માનુભવ કરે તે ઉપશમસમકિત સહિત જ હોય છે.

સાદિ મિથ્યાદૃષ્ટિને સમ્યક્ત્વની પ્રાપ્તિમાં પૂર્વે કહી તે પાંચેય લબ્ધિઓ થાય છે. તેમાં કોઈ જીવને દર્શન–મોહનીયની ત્રણેય પ્રકૃતિની સત્તા હોય છે, તે ત્રણેયનો ઉપશમ કરીને પ્રથમોપશમસમકિત પ્રગટાવે છે; અથવા કોઇને સમ્યક્ત્વમોહનીનો ઉદય આવે છે અને અન્ય બે પ્રકૃતિનો ઉદય થતો નથી તે ક્ષયોપશમ–સમ્યક્ત્વ પ્રગટાવે છે.

ઔપશમિક સમ્યક્ત્વ અનાદિ મિથ્યાદષ્ટિને કુલ પાંચ પ્રકૃતિઓના ઉપશમથી થાય છે અને સાદિ મિથ્યાદષ્ટિને સાત

પ્રકૃતિના ઉપશમથી થાય છે. સાદિ મિથ્યાદષ્ટિનો કાળ મધ્યમ અંતર્મુહૂર્તમાત્ર તથા ઉત્કૃષ્ટ કિંચિત્ ન્યૂન અર્ધપુદ્ગલપરાવર્તન જેટલો જાણવો. આ બધી જીવોના પરિણામોની વિચિત્રતા છે.

## સમ્યક્ત્વના ભેદ

સમ્યક્ત્વના બે ભેદ છે, તે નિશ્ચય અને વ્યવહાર સમકિત.

તેમાં સત્યાર્થ સમ્યક્ત્વ છે તે જ સાચું સમ્યક્ત્વ છે, નિશ્ચયસમ્યક્ત્વ છે. તેમાં વિપરીત અભિનિવેશરહિત શ્રદ્ધાનરૂપ આત્માના પરિણામ હોય છે. તેમાં સમ્યક્ત્વની વિરોધી પાંચ અથવા સાત પ્રકૃતિનો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય હોય છે.

આ વિપરીતાભિનિવેશરહિત શ્રદ્ધાનને કારણભૂત જે શ્રદ્ધાન હોય છે તેને વ્યવહારસમ્યક્ત્વ કહે છે. અહીં કારણમાં કાર્યનો ઉપચાર કર્યો છે. આ ઉપચારનું નામ વ્યવહાર છે. દેવ–ગુરુ–ધર્મનું શ્રદ્ધાન તે વ્યવહારસમકિત છે. તે સાચું સમ્યક્ત્વ નથી. અર્થાત્ નિશ્ચયસમ્યક્ત્વ નથી.

## સમ્યગ્દર્શન બે પ્રકારે ઊપજે

નિશ્ચય સમ્યગ્દર્શન બે પ્રકારે ઊપજે છે, તે—

૧. નિસર્ગજ સમ્યગ્દર્શન અને

૨. અધિગમજ–સમ્યગ્દર્શન.

**૧. નિસર્ગજ–સમ્યગ્દર્શન**–વર્તમાનમાં ઉપદેશાદિ પ્રત્યક્ષ બાહ્યનિમિત્ત વિના પ્રગટ થાય છે તે નિસર્ગજ

અથવા સ્વાભાવિક સમ્યગ્દર્શન કહેવાય છે. નિસર્ગજનો અર્થ એવો થાય છે કે જે આત્માને સમ્યગ્દર્શન પ્રગટે છે તેને તે સમયે બાહ્યનિમિત્ત પ્રત્યક્ષપણે ન હોવા છતાં પણ પૂર્વના સંસ્કારબળે પ્રગટે છે.

પૂર્વે આત્મજ્ઞાની આચાર્યાદિ સદ્ગુરુનો લાભ મળ્યો હોય, તેમના ઉપદેશની સંપ્રાપ્તિ થઈ હોય અને ઉપદેશેલા તત્ત્વાર્થને ધારણ કરેલા હોય – એ રીતે "દેશનાલબ્ધિ" પ્રાપ્ત થયેલી હોય તો તે જીવને સમ્યગ્દર્શન પ્રગટવાના સમયે સદ્ગુર્વાદિકના ઉપદેશનું પ્રત્યક્ષ બાહ્ય નિમિત્ત ન હોવા છતાં વર્તમાનમાં સમ્યગ્દર્શન પ્રગટી શકે છે. છતાં પૂર્વે તો આત્મજ્ઞાનીના ઉપદેશનું નિમિત્ત તો હતું જ અને તેમના ઉપદેશેલા તત્ત્વાર્થને ધારણ કરેલા હતા જ, તેથી સમ્યગ્દર્શન પ્રગટ્યું. તે સમ્યગ્દર્શન કાંઈ અજ્ઞાનીના ઉપદેશથી પ્રગટ્યું નથી.

સમ્યગ્દર્શન પ્રગટે છે તે જીવના પોતાના જ વિશુદ્ધ પરિણામો વડે પ્રગટે છે. ગુર્વાદિકનો ઉપદેશ તો તેમાં નિમિત્તકારણ હોય છે. પરિણામોને નિર્મળ કરવાનો પુરુષાર્થ આત્માનો પોતાનો જ હોય છે. સદ્ગુરુએ તો મોક્ષમાર્ગ દર્શાવ્યો. તે માર્ગ ગ્રહણ કરવો તથા તેના ઉપર ચાલવું તે તો જીવે પોતાએ જ કરવાનું છે અને તે કાર્ય પોતાના જ ઉપાદાનથી અને પોતાના જ દ્રવ્યમાં, પોતાના જ પુરુષાર્થથી થાય છે.

સમ્યગ્દર્શન સ્વદ્રવ્યના આશ્રયથી જ પ્રગટે છે. તથી જ્યારે સમ્યગ્દર્શન પ્રગટી રહ્યું હોય ત્યારે પ્રગટાવનાર આત્માને પરનો કોઈ આશ્રય હોતો નથી, પરના આશ્રયનો વિકલ્પ પણ હોતો નથી, એટલું જ નહિ, પરંતુ "હું શુદ્ધ છું" એવા પોતાના શુદ્ધસ્વરૂપનો વિકલ્પ પણ અસ્ત થઈ જાય છે અને નિર્વિકલ્પદશામાં જ આત્માનું તે સમયે પ્રવર્તન હોય છે. તે સમયે આત્મા પરિણામોને નિજસ્વરૂપમાં તલ્લીન કરીને, એકાગ્ર કરીને સ્વાનુભવના રસાસ્વાદને પ્રત્યક્ષપણે વેદે છે. આત્મા પોતે પોતામાં વ્યાપ્ય-વ્યાપકપણે પ્રવર્તે છે.

૨. **અધિગમજ-સમ્યગ્દર્શન**—પ્રત્યક્ષ ઉપદેશાદિક બાહ્યનિમિત્તપૂર્વક પ્રગટ થાય તે અધિગમજ અથવા નૈમિત્તિક-સમ્યગ્યદર્શન કહેવાય છે. તેમાં આત્મજ્ઞાની ગુર્વાદિકના ઉપદેશનું વર્તમાનમાં પ્રત્યક્ષ નિમિત્ત હોય છે.

કોઈ ભવ્ય-આત્મા આત્મજ્ઞાની પુરુષનો ઉપદેશ સાંભળે ત્યારે જે શીઘ્ર સમ્યગ્દર્શન પ્રગટે છે, તે અધિગમજ-સમ્યગ્દર્શન કહેવાય છે. અહીં પણ એ સમજવું કે અજ્ઞાની અર્થાત્ આત્માના જ્ઞાનથી અજાણ એવા ગુરુના ઉપદેશથી સમ્યગ્દર્શન પ્રગટતું નથી. માટે મુમુક્ષુ આત્માએ જેમની પાસેથી ઉપદેશ મેળવવો છે તેમને સર્વપ્રથમ ઓળખવા જોઈએ. સદ્‌ગુરુના લક્ષણથી સદ્‌ગુરુને ઓળખી શકવાની પાત્રતા કેળવવી જોઈએ.

જેમણે લોકોત્તર માર્ગ જોયો નથી, જાણ્યો નથી, તેનું લક્ષ પણ કર્યું નથી એવા માર્ગના અજાણ છે તેઓ બીજાને આવો લોકોત્તર માર્ગ કેવી રીતે બતાવી શકે? કદી પણ બતાવી ન શકે. દીવાથી દીવો પ્રગટે.

સદ્ગુરુના બધા ગુણોમાં સૌથી પ્રથમ અને અગત્યનો ગુણ આત્મજ્ઞાન છે. પછી ભલે શ્રુતના અભ્યાસી થોડા હોય કે વધુ હોય, પરંતુ તેમને આત્મજ્ઞાન છે, લોકોત્તર માર્ગ તેમણે જાણ્યો છે અને તે માર્ગે ચાલી રહ્યા છે. તેમને આત્માની સહજ આનંદદશા–સ્વરૂપસ્થિતિ વર્તે છે અને અંતરંગ જ્ઞાનની રમણતા છે.

આત્મજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ સદ્ગુરુના લક્ષણમાં સર્વપ્રથમ "આત્મજ્ઞાન" દર્શાવ્યું છે, જુઓ—

"આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ;
અપૂર્વ વાણી પરમશ્રુત, સદ્ગુરુ લક્ષણ યોગ્ય."

—શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર

અર્થાત્–આત્મજ્ઞાનને વિષે જેમની સ્થિતિ છે, પરભાવની ઇચ્છાથી જેઓ રહિત થયા છે તથા શત્રુ, મિત્ર, હર્ષ–શોકાદિ કે નમસ્કાર–તિરસ્કારાદિ ભાવ પ્રત્યે જેમને સમભાવ–સમતા પ્રવર્તે છે. પૂર્વે ઉત્પન્ન થયેલાં એવા કર્મોના ઉદયને લીધે જેમની વિચરવા આદિ ક્રિયા થાય છે; અજ્ઞાનીની વાણીથી જેમની વાણી પ્રત્યક્ષ જુદી પડે છે અને ષડ્દર્શનના તાત્પર્યને જાણે છે તે સદ્ગુરુના ઉત્તમ લક્ષણ કહ્યાં છે.

આમાં જ્ઞાનદશા (આત્મજ્ઞાન) પ્રથમ પદમાં જ કહેલ છે. જ્ઞાનીની સ્વરૂપસ્થિતિ હોય છે.

વર્તમાનકાળમાં સ્વરૂપસ્થિત પુરુષો હોઈ શકે. જેઓ આત્મજ્ઞાની છે તેઓ સ્વરૂપસ્થિત જ છે; અને અત્યારે પણ આત્મજ્ઞાન હોઈ શકે છે. તેમને આત્મસ્વભાવનું આવિર્ભાવપણું હોય છે.

માટે સદ્‌ગુરુની ઓળખાણ કરીને તેમની પાસેથી ઉપદેશ પ્રાપ્ત કરવો. "ઓળખાણની પરમ તીવ્રતા રાખવી, તો ઓળખાશે. મુમુક્ષુનાં નેત્રો મહાત્માને ઓળખી લે છે." (શ્રીમદ્ રાજચંદ્ર પ. ૨૫૪)

## સમ્યક્ત્વના ત્રણ ભેદ

ઉપર જે નિશ્ચયસમ્યક્ત્વ કહ્યું, તેના ત્રણ ભેદ નિમ્ન પ્રકારે છે :—

૧. ઉપશમસમકિત

૨. ક્ષયોપશમસમકિત

૩. ક્ષાયિકસમકિત

## ઉપશમસમકિત

ઉપશમસમકિતના બે ભેદ છે, તે—

૧. પ્રથમોપશમ સમકિત

૨. દ્વિતીયોપશમ સમકિત

પ્રથમોપશમ-સમ્યકત્વનું વર્ણન ઉપર થઈ ગયું છે, અર્થાત્ સમ્યગ્દર્શનની વિરોધી પાંચ કે સાત પ્રકૃતિઓનો ઉપશમ થાય છે તેને પ્રથમોપશમ-સમકિત કહે છે. પ્રથમોપશમ-સમકિત-અવસ્થામાં મૃત્યુ થતું નથી.

ઉપશમસમકિત કે ક્ષાયિકસમકિતમાં આત્માનો જે સમ્યગ્દર્શનનો ગુણ પ્રગટયો તે વિશુદ્ધિની અપેક્ષાએ સમાન છે, પરંતુ વિશેષતા એ છે કે-ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી અનંતકાળ સુધી હમેશાં વિદ્યમાન રહે છે; ત્યારે ઉપશમસમકિતનો કાળ અંતર્મુહૂર્તમાત્ર છે, ત્યાર પછી નિમ્ન પ્રકારની અવસ્થા પ્રાપ્ત થાય છે :-

૧. આત્માના મિથ્યાત્વભાવનો ઉદય થાય છે, તેમાં સમ્યક્ત્વના પ્રતિપક્ષી કર્મોમાંથી મિથ્યાત્વકર્મનો ઉદય નિમિત્ત હોય છે, તેથી 'મિથ્યાત્વ' નામનું પહેલું ગુણસ્થાન પ્રાપ્ત થાય છે.

૨. આત્માના પરિણામો સાસાદન-સમ્યગ્દૃષ્ટિરૂપ થાય છે, તેમાં અનંતાનુબંધી કષાયોમાંથી કોઈનો ઉદય નિમિત્ત હોય છે, તેથી આત્મા "સાસાદન-સમ્યગ્દષ્ટિ" નામનું બીજું ગુણસ્થાન પ્રાપ્ત કરે છે, ત્યાર બાદ પ્રથમ ગુણસ્થાને જાય છે.

૩. આત્માના પરિણામો મિશ્રભાવરૂપ થાય છે, એટલે કે આત્મા પોતાના પરિણામોથી સમ્યગ્મિથ્યાદષ્ટિ પ્રાપ્ત કરે છે. તેમાં મોહનીયકર્મની મિશ્રપ્રકૃતિનો ઉદય નિમિત્ત હોય છે, તેથી આત્મા 'સમ્યગ્મિથ્યાદષ્ટિ નામના ત્રીજા ગુણસ્થાને જાય છે.

૪. આત્મા પોતાના પરિણામોથી વેદક વા ક્ષયોપશમ-સમકિત પ્રાપ્ત કરે છે. તેમાં સમ્યગ્મોહનીયનો ઉદય નિમિત્ત-કારણ હોય છે.

આ ચારમાંથી કોઈ એક અવસ્થા તે આત્મા પ્રાપ્ત કરે છે.

જો કદાચિત્ અપ્રત્યાખ્યાની કે પ્રત્યાખ્યાની કષાયોનો ક્ષયોપશમ પણ સાથે જ થઈ જાય તો તે આત્મા 'દેશવિરત' કે દેશસંયમ નામના પાંચમા ગુણસ્થાને કે 'અપ્રમત્તસંયત' નામના સાતમા ગુણસ્થાને પણ પહોંચે છે.

આ પ્રથમોપશમ-સમ્યક્ત્વ ચોથા, પાંચમા, છઠ્ઠા કે સાતમામાંના કોઈ પણ ગુણસ્થાને હોઈ શકે છે.

હવે દ્વિતીયોપશમ-સમ્યક્ત્વ વિષે કહેવાય છે. ઉપશમ-શ્રેણિની સન્મુખ થયેલા મુનિમહાત્માને સાતમા ગુણસ્થાનમાં ક્ષયોપશમ-સમ્યક્ત્વમાંથી જે ઉપશમસમ્યક્ત્વ થાય છે તેને દ્વિતીયોપશમ-સમ્યક્ત્વ કહે છે.

આત્માના તથાપ્રકારના પરિણામોથી જે દ્વિતીયોપશમ-સમકિત પ્રાપ્ત થાય છે, તેમાં દર્શનમોહનીયની ત્રણ પ્રકૃતિના ઉપશમની સાથે સાથે અનંતાનુબંધી કષાયોનું વિસંયોજન થાય છે. અનંતાનુબંધી કષાયોનું અપ્રત્યાખ્યાનાદિરૂપ પરિણમન થવું તે વિસંયોજન છે.

દ્વિતીયોપશમ-સમ્યક્ત્વ ચતુર્થ ગુણસ્થાનથી માંડી

અગિયારમા ઉપશાંતમોહ ગુણસ્થાન પર્યંત હોય છે. અહીં ચોથે, પાંચમે અને છઠ્ઠે ગુણસ્થાને આ દ્વિતીયોપશમ-સમ્યક્ત્વ બતાવ્યું તેમાં એમ સમજવાનું છે કે–તે ઊપજે છે તો સાતમા ગુણસ્થાને જ, પરંતુ મુનિમહાત્માને ઉપશમ-શ્રેણિ વડે અગિયારમા ગુણસ્થાને પહોંચ્યા પછી ત્યાંથી નીચે ઉતરવાનું થાય છે ત્યારે છઠ્ઠે, પાંચમે અને ચોથે ગુણસ્થાને પણ આવી શકે છે, તે અપેક્ષાએ ૪–૫–૬ ગુણસ્થાનમાં દ્વિતીયોપશમ–સમકિત કહ્યું છે, અન્યથા તે ઊપજે છે તો સાતમા જ ગુણસ્થાને.

ક્ષાયિક–સમ્યક્ત્વની પેઠે ઉપશમસમકિત પણ ચળ, મલિન અને અગાઢ દોષોથી રહિત હોય છે.

જેના તળીયે કીચડ જામ્યો છે અને ઉપર નિર્મળ જળ છે, તેવું ઉપશમસમકિત છે.

## ક્ષયોપશમ–સમકિત

અનંતાનુબંધી કષાયચતુષ્ક તથા મિથ્યાત્વ, સમ્યગ્મિથ્યાત્વના વર્તમાન કાળમાં ઉદય આવવા યોગ્ય નિષેકોનો ઉદય થયા વિના જ તેની નિર્જરા થાય તે ક્ષય તથા તેના જ નિષેકોની ભાવિકાળમાં ઉદય આવવાયોગ્ય સત્તા હોય તે ઉપશમ છે અને સમ્યક્ત્વમોહનીય પ્રકૃતિનો ઉદય વર્તે છે એવી જે દશા છે તેને વેદક કે ક્ષયોપશમસમ્યક્ત્વ કહે છે.

સમ્યક્ત્વમોહનીયપ્રકૃતિ દેશઘાતી છે. તેનો ઉદય હોવા છતાં પણ સમ્યક્ત્વનો ઘાત થતો નથી. કિંચિત્ મલિનતા કરે પણ મૂળથી ઘાત ન કરે એવું નામ દેશઘાતી છે.

તેથી ચળ, મલિન તથા અગાઢ દોષો જેમાં હોય છે એવું જે સમળતત્ત્વાર્થશ્રદ્ધાન છે તે વેદક કે ક્ષયોપશમ-સમકિત છે.

અહીં મળ લાગે છે તેનું તારતમ્ય સ્વરૂપ તો કેવળજ્ઞાની જાણે છે. છતાં દૃષ્ટાંતથી આ પ્રમાણે દર્શાવી શકાય–વ્યવહારમાત્ર દેવાદિકની પ્રતીતિ તો હોય, પરંતુ સમાન અનંતશક્તિના ધારક અર્હંતો કે તીર્થંકરોમાં "આ મારા છે, આ અન્યના છે"–ઈત્યાદિ ભાવ તે ચલપણું છે. શંકાદિ મળ લાગે તે મલિનપણું છે. 'શ્રી શાંતિનાથજી શાંતિકર્તા છે'–ઈત્યાદિભાવ તે અગાઢપણું છે. આ ઉદાહરણ વ્યવહારમાત્ર દર્શાવ્યા છે, પરંતુ નિયમરૂપ નથી. આ સમ્યક્ત્વમાં નિયમરૂપ જે મળ લાગે છે તે તો કેવળીગમ્ય છે.

ક્ષયોપશમ–સમકિતનો જઘન્ય કાળ અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ કાળ સાધિક ૬૬ સાગરોપમ છે. ચોથા ગુણસ્થાનથી સાતમા ગુણસ્થાન સુધી આ સમ્યક્ત્વ હોય છે. આ ક્ષયોપશમસમકિત સમલ હોવા છતાં પણ કર્મક્ષપણનું કારણ છે.

ક્ષયોપશમસમકિત ઊગતા સૂર્યની પેઠે કાંઈક મળ સહિત છે.

ત્રણે પ્રકારના સમકિત કર્મોના ક્ષપણના અસાધારણ કારણ છે, સમ્યગ્દર્શનના સદ્‌ભાવ વિના સંવરયુક્ત નિર્જરા થતી નથી એ ધ્રુવ નિયમ છે. ચતુર્થ ગુણસ્થાનથી માંડી ઉપરના બધા ગુણસ્થાનોમાં થનારી વિશિષ્ટ નિર્જરાનું મૂળકારણ સમ્યગ્દર્શન છે.

## ક્ષાયિક-સમકિત

મિથ્યાત્વ, મિશ્ર અને સમ્યક્ત્વ મોહનીય તથા અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ એ સાતેય પ્રકૃતિનો સર્વથા ક્ષય થતાં અત્યંત નિર્મળ તત્ત્વાર્થશ્રદ્ધાન થાય તે ક્ષાયિક સમ્યક્ત્વ છે.

આ સમ્યક્ત્વ સાદિ-અનંત જાણવું. તે પ્રગટયા પછી આત્મા સાથે હમેશાં અનંત કાળ રહેવાવાળું છે, છૂટે નહિ, કારણ કે પ્રકૃતિઓનો મૂળથી નાશ થયો છે.

ક્ષાયિક-સમ્યક્ત્વ એટલું દૃઢ હોય છે કે તર્ક તથા આગમની વિરૂદ્ધ, શ્રદ્ધાને ભ્રષ્ટ કરનાર વચનો કે હેતુ આ સમકિતને ભ્રષ્ટ કરે નહિ. વળી ભયોત્પાદક આકાર કે ગ્લાનિકારક પદાર્થો જોઈને ભ્રષ્ટ થાય નહિ. ત્રણ લોક ઉપસ્થિત થાય અને તેને ભ્રષ્ટ કરવા ધારે તો પણ ભ્રષ્ટ થાય નહિ, કારણ કે આત્માના શ્રદ્ધાગુણનો પરમ શુદ્ધ પર્યાય પ્રગટી ગયો છે.

દર્શનમોહનીય કર્મના ક્ષય થવાનો પ્રારંભ કેવળી કે શ્રુતકેવળીના પાદમૂલમાં (નિકટમાં) જ થાય છે. તેનો આરંભ કરનાર કર્મભૂમિમાં જન્મેલો મનુષ્ય જ હોય છે. કદાચિત્ પૂર્ણ ક્ષય થયા પહેલાં મરણ થઇ જાય તો ક્ષપણની સમાપ્તિ ચાર ગતિમાંથી કોઈ પણ ગતિમાં થઈ શકે છે.

મિથ્યાત્વમાંથી સીધું ક્ષાયિક–સમ્યક્ત્વ થતું નથી. સર્વપ્રથમ ચોથે ગુણસ્થાને ઉપશમસમ્યક્ત્વ પ્રગટે છે અને ત્યારબાદ ઉપશમમાંથી ક્ષયોપશમ થઈ ક્ષાયિક સમ્યક્ત્વ થાય છે.

ક્ષાયિક–સમ્યક્ત્વ શુદ્ધ સ્ફટિકમણિ સમાન કેવળ નિર્મળરૂપ છે.

ક્ષાયિક સમ્યક્ત્વ પ્રગટયા પહેલાં જો આગળના ભવના આયુષ્યનો બંધ ન થયો હોય તો તે આત્મા તે જ ભવમાં સકલ કર્મોનો અંત કરીને અવશ્ય સિદ્ધપદ સંપ્રાપ્ત કરે છે. જો પૂર્વે આયુષ્યબંધ થયો હોય અને ત્યારબાદ ક્ષાયિક સમકિત થયું હોય તો ત્રણ કે ચાર ભવમાં અવશ્ય સિદ્ધપદ સંપ્રાપ્ત કરે છે. જે ભવમાં ક્ષાયિક સમકિત પ્રગટે તે ભવ સહિત વધુમાં વધુ ચાર ભવ થાય. તે એ રીતે કે—

જો સમ્યક્ત્વ સંપ્રાપ્ત થયાં પહેલાં એટલે કે મિથ્યાત્વ–દશામાં આગળના ભવ માટે ભોગભૂમિના યુગલિયા મનુષ્ય કે તિર્યંચના આયુષ્યનો બંધ થઈ ગયો હોય તો કુલ ચાર

ભવ કરીને મોક્ષ પ્રાપ્ત કરે છે, તે ભવો આ પ્રમાણે છે: ૧. વર્તમાન મનુષ્યનો ભવ, ૨. યુગલિયા મનુષ્ય કે તિર્યંચનો ભવ, ૩. દેવલોકનો ભવ અને ૪. મનુષ્યભવ. આ ચોથા મનુષ્યભવમાં તે આત્મા કેવળજ્ઞાન પ્રગટાવીને મોક્ષ પ્રાપ્ત કરે. જો યુગલિયાના આયુષ્યનો બંધ ન થયો હોય તો ત્રણ ભવ કરે.

## સમ્યક્ત્વના પાંચ લક્ષણો

સમ્યગ્દશાનાં પાંચ લક્ષણો છે.

શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા, અનુકંપા.

ક્રોધાદિ કષાયોનું શમાઇ જવું, ઉદય આવેલા કષાયોમાં મંદતા થવી, વાળી લેવાય તેવી આત્મદશા થવી અથવા અનાદિકાળની વૃત્તિઓ શમાઈ જવી તે 'શમ'.

મુક્ત થવા સિવાય બીજી કોઈ પણ પ્રકારની ઈચ્છા નહીં; અભિલાષા નહીં તે 'સંવેગ'.

જ્યારથી એમ સમજાયું કે ભ્રાંતિમાં જ પરિભ્રમણ કર્યું; ત્યારથી હવે ઘણી થઈ, અરે જીવ! હવે થોભ, એ 'નિર્વેદ.'

માહાત્મ્ય જેનું પરમ છે એવા નિઃસ્પૃહી પુરૂષોનાં વચનમાં જ તલ્લીનતા તે 'શ્રદ્ધા'–'આસ્થા.'

એ સઘળાં વડે જીવમાં સ્વાત્મતુલ્ય બુદ્ધિ તે 'અનુકંપા.'

શ્રીમદ્ રાજચંદ્રજી (પ. ૧૩૫)

સમ્યગ્દષ્ટિ નિઃશંક હોય છે, તેથી નિર્ભય હોય છે. અને કારણ કે સાત ભયથી રહિત હોય છે તેથી નિઃશંક હોય છે, અડોલ હોય છે.

સમ્યગ્દષ્ટિઓ સદાય સર્વકર્મના ફળ પ્રત્યે નિરભિલાષ હોવાથી કર્મપ્રત્યે અત્યંત નિરપેક્ષપણે વર્તે છે. તેથી ખરેખર તેઓ અત્યંત નિઃશંક અને દૃઢ નિશ્ચયવાળા હોવાથી અત્યંત નિર્ભય હોય છે. સમ્યગ્દષ્ટિને જે કર્મનો ઉદય આવે છે તેનો તે, સ્વામિત્વના અભાવને લીધે, કર્તા થતો નથી માટે ભયપ્રકૃતિનો ઉદય આવવા છતાં પણ નિઃશંક રહે છે.

એ સાત ભય આ પ્રમાણે છે :—

૧. આ લોકનો ભય
૨. પરલોકનો ભય
૩. વેદનાભય
૪. અરક્ષાભય
૫. અગુપ્તિભય
૬. મરણભય
૭. આકસ્મિક ભય

**આ લોક અને પરલોક ભય**—આ લોકમાં મેં ધન અને અન્ય ભોગોપભોગની સાનુકૂળ સામગ્રી મેળવી છે તે રહેશે કે નહિ ? ઘણા કષ્ટથી ધન પ્રાપ્ત કર્યું છે, વ્યાપારધંધામાં રચ્યોપચ્યો રહ્યો છું, તેમાં કાર્ય–અકાર્યનો પણ કાંઇ વિચાર રાખ્યો નથી. આટલા બધા કષ્ટપૂર્વક મેળવેલું

ધન અને અન્ય સામગ્રી ભેળી કરી તેનો નાશ તો નહિ થાય ને ? અજ્ઞાની ધનમાં અત્યંત આસક્ત થઈને આવી રીતે ભય સેવે છે. પરંતુ નિશ્ચયથી તો એમ છે કે એ અજ્ઞાની કેવળ વિકલ્પજાળનો જ કર્તા-ભોક્તા છે; રાગનો કર્તા-ભોક્તા બને છે, પરંતુ લક્ષ્મી વગેરે પરવસ્તુનો ન તો તે કર્તા છે કે ન ભોક્તા છે. અજ્ઞાન-અવસ્થામાં આવી સત્ય વસ્તુ તેની સમજમાં આવતી નથી, તેથી ભય રહ્યા કરે છે.

પરલોકમાં મારું શું થશે ? અહીં સુખ માટે અનુકૂળ સામગ્રી પ્રાપ્ત થઈ છે તે પરભવમાં પણ મળશે કે નહિ ? જો નહિ મળે તો મારું શું થશે ? એમ અજ્ઞાની ભય સેવે છે.

હવે સમ્યગ્દષ્ટિ જ્ઞાની આત્મા એમ અનુભવે છે કે- આ મારું ચૈતન્ય જ મારો લોક છે, શાશ્વત છે, સર્વકાળે પ્રગટ એવો મારો ચિત્સ્વરૂપ લોક છે, આ સિવાયનો બીજો કોઈ લોક - આ લોક કે પરલોક - એ મારાં નથી. જ્યારે સમ્યગ્દષ્ટિ જ્ઞાની આત્માએ સ્વસ્વરૂપ સિવાય અન્ય કશું જ પોતાનું માન્યું નથી તો પછી તેને આ લોક કે પર લોકનો ભય શાનો હોય ? તે તો નિરંતર નિઃશંકપણે વર્તતો હોય છે અને પોતાના જ્ઞાનસ્વભાવને સદા અનુભવે છે. માટે તેમને આ લોક, પરલોકનો કોઈ ભય હોતો નથી.

**વેદનાભય**—અઘાતી વેદનીયકર્મના ઉદયનિમિત્તે સાતાવેદનીયના ઉદયથી સુખના કારણો મળી આવે છે અને અસાતાવેદનીયના ઉદયથી દુઃખના કારણો મળી આવે છે. આ કારણો જ કાંઈ સુખ–દુઃખ ઊપજાવતા નથી, પરંતુ મોહકર્મના ઉદયમાં જોડાઈને આત્મા પોતે જ સુખદુઃખ માને છે. માટે બાહ્ય વસ્તુ તો સુખદુઃખનું નિમિત્તમાત્ર છે. સુખદુઃખ થાય છે તે મોહના નિમિત્તથી થાય છે. આ સુખદુઃખને ભોગવવું તે વેદના છે. આ રીતે પુદ્ગલથી થતી દુઃખ આપનારી વેદના તો મને પ્રાપ્ત નહિ થાય ?–એવી ચિંતા રહે તે વેદનાભય છે.

સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની આત્મા એમ માને છે કે હું સ્વયં વેદક છું, સ્વયંવેદ્ય છું. હું તો મારા જ્ઞાનને સ્વયં વેદું છું. આત્મા વેદનાર છે અને જ્ઞાન વેદાવાયોગ્ય છે. આ રીતે જ્ઞાનીને પોતાના એક જ્ઞાનમાત્ર સ્વરૂપનો ભોગવટો છે, વેદન છે. જ્ઞાની પુદ્ગલથી થયેલી વેદનાને વેદના જ જાણતા નથી. માટે સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને વેદનાભય નથી. તેઓ સદાય નિર્ભય વર્તતા થકા પોતાના જ્ઞાનને અનુભવે છે, માટે તેઓ નિઃશંક વર્તે છે.

**અરક્ષાભય**—જો કોઈ મારો રક્ષક ન હોય તો રક્ષણ વિનાનો હું થઈ જઈશ. જો કોઈ મારું રક્ષણ કરનાર હોય તો તો હું રહું, નહિ તો નાશ પામું. આ પ્રમાણે ચિંતા કરવી તે અરક્ષાભય છે.

જ્ઞાની તો એમ જાણે છે કે–હું તો જ્ઞાનસ્વરૂપ છું. જ્ઞાન સ્વયમેવ સત્સ્વરૂપ છે. સત્તાસ્વરૂપ વસ્તુનો કદી નાશ થતો નથી. તેથી પર વડે રક્ષણ શેનું જોઇએ ? જ્ઞાની આમ જાણતા હોવાથી તેમને અરક્ષાનો ભય નથી. તેઓ તો નિઃશંક વર્તતા થકા પોતાના સ્વાભાવિક જ્ઞાનને સદા અનુભવે છે.

**અગુપ્તિભય**—ગુપ્તિ એટલે જેમાં ચોર વગેરે પ્રવેશ ન કરી શકે એવો કિલ્લો, ભોંયરૂં વગેરે. આવા સ્થળમાં પ્રાણીઓ નિર્ભયપણે વસી શકે છે. આવું ગુપ્ત સ્થળ ન હોય તો રહેનાર પ્રાણીને અગુપ્તપણાને લીધે ભય રહે છે. તે અગુપ્તિભય છે.

જ્ઞાની તો એમ જાણે છે કે–મારૂં સ્વરૂપ જ વસ્તુતઃ પરમ ગુપ્તિ છે, અર્થાત્ અભેદ્ય કિલ્લો છે. મારા સ્વરૂપમાં કોઈ બીજું પ્રવેશી શકતું નથી. સ્વાભાવિક જ્ઞાન આત્માનું સ્વરૂપ છે, તેથી જ્ઞાન આત્માની પરમ ગુપ્તિ છે. જ્ઞાનસ્વરૂપમાં રહેલો આત્મા ગુપ્ત છે, કારણ કે જ્ઞાનસ્વરૂપમાં અન્ય કોઈનો પ્રવેશ થઈ શકતો નથી. માટે આત્માનું જરા પણ અગુપ્તપણું નહિ હોવાથી જ્ઞાનીને અગુપ્તપણાનો ભય ક્યાંથી હોય ? જ્ઞાની તો નિરંતર નિઃશંક વર્તતા થકા પોતાના સ્વાભાવિક સહજ જ્ઞાનસ્વરૂપને સદા અનુભવે છે.

**મરણભય**—સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત એ પાંચ ઈંદ્રિય પ્રાણ; મન-વચન-કાયા એ ત્રણ બળપ્રાણ,

એક શ્વાસોચ્છ્વાસ અને એક આયુ આ પ્રમાણે દશ પ્રાણ (અથવા જે પ્રાણીને જેટલા પ્રાણ હોય) તે પ્રાણો નાશ પામે તેને લોકો મરણ કહે છે. પરંતુ આત્માને પરમાર્થથી ઇંદ્રિયાદિ દશ પ્રાણમાંથી કોઈ પ્રાણ નથી. આત્માનો પ્રાણ તો નિશ્ચયથી જ્ઞાન છે-ચૈતન્ય છે. જ્ઞાન સ્વયમેવ શાશ્વત હોવાથી તેનો કદાપિ નાશ થતો નથી; માટે આત્માનું મરણ કદી થતું નથી એવો અમર આત્મા છે. જ્ઞાની આ પ્રમાણે જાણતા હોવાથી તેમને મરણનો ભય ક્યાંથી હોય? તેઓ તો નિઃશંક વર્તતા થકા સદા પોતાના જ્ઞાનસ્વરૂપને નિરંતર અનુભવે છે.

**આકસ્મિક ભય**—કાંઈક અણધાર્યું અનિષ્ટ એકાએક ઉત્પન્ન થઈ જશે તો?—એવો ભય લોકોને રહે છે તે આકસ્મિક ભય છે.

જ્ઞાની તો એમ જાણે છે કે આત્માનું જ્ઞાન સ્વતઃસિદ્ધ છે, એક છે, અનાદિ છે, અનંત છે, અચળ છે. તેમાં બીજાનો ઉદય નથી. અર્થાત્ તેમાં બીજું કાંઈ ઉત્પન્ન થઈ શકતું નથી; માટે તે જ્ઞાનમાં આકસ્મિક (અણધાર્યું, એકાએક) કાંઈ પણ થતું નથી. આવું જાણતા જ્ઞાનીને અકસ્માતનો ભય ક્યાંથી હોય? તેઓ તો નિરંતર નિઃશંક વર્તતા થકા સદા પોતાના જ્ઞાનભાવને અનુભવે છે.

આ રીતે જ્ઞાનીને સાતમાંથી કોઈ પણ ભય હોતો નથી.

ટંકોત્કીર્ણ એવું જે નિજ રસથી ભરપૂર જ્ઞાન તેના સર્વસ્વને ભોગવનાર સમ્યગ્દૃષ્ટિને જે નિઃશંકિત આદિ ચિહ્નો છે તે સમસ્ત કર્મોને હણે છે; માટે કર્મનો ઉદય વર્તવા છતાં અને ભય આદિ પ્રકૃતિના ઉદયને ભોગવે છતાં પણ સમ્યગ્દૃષ્ટિને નિઃશંકિત આદિ ગુણો વર્તતા હોવાથી તેમને **શંકાદિકૃત** કર્મનો બંધ જરા પણ થતો નથી, પરંતુ પૂર્વકર્મની નિર્જરા જ થાય છે.

## સમ્યગ્દર્શનના આઠ અંગ

સમ્યગ્દર્શની આત્માને નિઃશંકિત પ્રમુખ સમકિતના આઠ અંગ સહાયમાં રહે છે. જેમ શરીરના આઠ અંગોથી શરીર જુદું નથી પરંતુ આઠ અંગોનો સમુદાય એ જ શરીર છે, તે પ્રમાણે સમ્યગ્દર્શનના અંગો કે ગુણો પોતાના અંગી કે ગુણી સમ્યગ્દર્શનથી જુદા નથી, કે સમ્યગ્દર્શન પોતાના અંગથી જુદું નથી. તે આઠ અંગ આ પ્રમાણે છેઃ—

**૧ નિઃશંકતાગુણ**–આ લોક, પરલોક આદિ સાત ભયનો અભાવ અથવા તત્ત્વોમાં સંશયનો અભાવ સમ્યગ્દૃષ્ટિને હોય છે. તેમને કર્મના ઉદયમાં સ્વામિત્વનો અભાવ હોવાથી તેના કર્તા થતા નથી. તેથી તેમને શંકાકૃત બંધ નથી, પરંતુ નિર્જરા છે.

**૨ નિષ્કાંક્ષિતગુણ**–પરદ્રવ્ય આદિમાં રાગરૂપ વાંછાનો અભાવ તે નિષ્કાંક્ષિત ગુણ છે. પંચેંદ્રિય–ભોગોના વિષયો જે પરદ્રવ્ય છે તેને વશીભૂત થઈને અંતવાળા એવા જે સુખાદિ દુઃખમિશ્રિત છે તેમાં શાશ્વત અને અંત વિનાના હોવાનું

શ્રદ્ધાન થવું તથા તે સુખાદિ હમેશાં રહો એવી માઠી ભાવના કરવી તે કાંક્ષા દોષ છે. સમ્યક્ત્વીને એ પ્રકારનો કાંક્ષાદોષ ન હોવાથી તેઓ નિષ્કાંક્ષિત છે.

એકાંતવાદથી દૂષિત થયેલા અન્યમતિઓએ માનેલા અનેક પ્રકારના વ્યવહારધર્મોની તેને વાંછા નથી કે તે ધર્મનો તેને આદર નથી.

આ રીતે સમ્યગ્દૃષ્ટિ આત્મા વાંછારહિત હોવાથી તેમને વાંછાથી થતો બંધ નથી.

૩. **નિર્વિચિકિત્સાગુણ**–વિચિકિત્સા એ ગ્લાનિ કે અણગમાનું નામ છે. તે અણગમા કે ગ્લાનિ રહિતપણું તે નિર્વિચિકિત્સાગુણ છે. પરદ્રવ્યાદિમાં દ્વેષરૂપ ગ્લાનિનો અભાવ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને હોય છે. "જૈનમતમાં બધી બાબતો સારી છે, પરંતુ મુનિઓ સ્નાન વગેરે કરતા નથી, તે સારૂં નથી, દોષ છે."–એવા કુત્સિત ભાવ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને હોતા નથી. તે ઉપરાંત અપવિત્ર, દુર્ગંધયુકત કે અણગમો પેદા કરે એવી વસ્તુઓના નિમિત્તે સમ્યક્ત્વીના ચિત્તમાં જરા પણ ગ્લાની ન થાય, અણગમો ન આવે. આપણી દૃષ્ટિમાં આવે છે તે બધી વસ્તુઓ પુદ્ગળની બનેલી છે. તેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વગેરે ગુણો છે, તેનું સમયે સમયે પરિવર્તન થયાં કરે છે, જેમાં સુગંધમાંથી દુર્ગંધ, મનોજ્ઞ વર્ણમાંથી અમનોજ્ઞ વર્ણ વગેરે થયાં કરે છે, એવો જ પુદ્ગળ–વસ્તુનો સ્વભાવ છે. જ્ઞાની તેમાં ગ્લાનિ કરતાં નથી, તેથી તેમને વિચિકિત્સાકૃત બંધ નથી, પરંતુ નિર્જરા છે.

૪. **અમૂઢદષ્ટિગુણ**–સમકિતી આત્માની આ નિર્મળ દૃષ્ટિ છે. ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે તથા પોતાના શુદ્ધ આત્મામાં શ્રદ્ધાન, કેવળીપ્રરૂપિત તત્ત્વોના યથાસ્થિત સ્વરૂપમાં શ્રદ્ધાન વગેરે કારણોને લઈને સમ્યગ્દૃષ્ટિ આત્માની દૃષ્ટિ નિર્મળ બની છે તેથી અમૂઢદૃષ્ટિ છે. તેમને તત્ત્વોમાં અને દેવાદિકમાં અન્યથા પ્રતીતિરૂપ મોહનો અભાવ વર્તે છે તે તેમની અમૂઢદૃષ્ટિ છે. તેમને કોઈ પદાર્થ પ્રત્યે અયથાર્થદૃષ્ટિ હોતી નથી.

લોકમાં ઘણા માણસો વિપરીત ભાવથી પ્રવર્તતા હોય કે જેમાં મિથ્યાત્વવર્ધક ક્રિયાને ધર્મ માનવામાં આવતો હોય તો પણ સમ્યગ્દષ્ટિ આત્મા દેખાદેખીથી કદી પણ ન પ્રવર્તે એવું અમૂઢદષ્ટિગુણનું બળ હોય છે. અને સિદ્ધાંતમાં અટળ હોય છે. તેથી તેમને મૂઢદષ્ટિકૃત બંધ નથી, પરંતુ નિર્જરા જ છે.

૫. **ઉપગૂહનગુણ**–ઉપગૂહન એટલે ગોપવવું કે ઢાંકવું એવો અર્થ થાય છે. ધર્માત્મામાં કોઈ વાર દોષ આવી જાય તો તે ધર્માત્માના દોષને ઢાંકવા તે 'ઉપગૂહન છે. નિશ્ચયનયથી નિજ નિરંજન નિર્દોષ પરમાત્માના આચ્છાદક (ઢાંકનારા) દોષોને તે જ પરમાત્માના સમ્યગ્શ્રદ્ધાન-જ્ઞાન-ચારિત્રથી ઢાંકવા, ગોપવવા કે તેનો નાશ કરવો તે ઉપગૂહનગુણ છે.

અથવા આ ગુણનું બીજું નામ 'ઉપબૃંહણ' પણ છે. ઉપબૃંહણનો અર્થ વધારવું એવો થાય છે. ટંકોત્કીર્ણ એક

જ્ઞાયકભાવમયપણાને લીધે, સમ્યગ્દષ્ટિ આત્મા સમસ્ત શક્તિમાં વધારો કરતા હોવાથી ઉપબૃંહક અર્થાત્ આત્મશક્તિના વધારનારા છે. એ રીતે સમ્યગ્દષ્ટિને પોતાની આત્મશક્તિની વૃદ્ધિ થતી હોવાથી, જીવની શક્તિની નિર્બળતાથી (મંદતાથી) થતો બંધ હોતો નથી, પરંતુ નિર્જરા જ છે.

૬. **સ્થિતિકરણગુણ**–જો કોઈ મુનિ-શ્રાવક વગેરે દર્શન અને ચારિત્રમોહના ઉદયથી દર્શન, જ્ઞાન કે ચારિત્રનો ત્યાગ કરવા ઇચ્છે તો તેને આગમથી અવિરૂદ્ધપણે, શક્તિ અનુસાર, ધર્મશ્રવણથી કે અન્ય કોઈ પ્રશસ્ત ઉપાયથી ધર્મમાં સ્થિર કરવામાં આવે છે તે વ્યવહારથી સ્થિતિકરણ છે. નિશ્ચયથી પોતાનો આત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગથી અર્થાત્ ધર્મથી ચ્યૂત થાય, ઉન્માર્ગે જાય તો સમ્યગ્દષ્ટિ આત્મા તેને માર્ગમાં જ સ્થિર કરતા હોવાથી, સ્થિતિકારી છે, તેથી તેમને માર્ગથી ચ્યુત થવાના કારણે થતો બંધ હોતો નથી, પરંતુ નિર્જરા જ છે.

૭. **વાત્સલ્યગુણ**–વાત્સલ્ય એટલે પ્રીતિભાવ. નિશ્ચયથી સ્વસ્વરૂપમાં પ્રેમ રાખવો કે સ્વસ્વરૂપની ઉપાસના કરવી તે વાત્સલ્યગુણ છે. મિથ્યાત્વ-રાગાદિ સમસ્ત શુભાશુભ બહિર્ભાવોમાં પ્રીતિ છોડીને, રાગાદિ-વિકલ્પોની ઉપાધિ રહિત થઈને, પરમ સ્વાસ્થ્યના સંવેદનથી ઉત્પન્ન નિત્ય આનંદ જેનું લક્ષણ છે એવા સુખામૃતના રસાસ્વાદમાં પ્રીતિ કરવી તે વાત્સલ્યગુણ છે.

સમ્યગ્દષ્ટિ આત્મા ટંકોત્કીર્ણ જ્ઞાયક સ્વભાવમયપણાને લીધે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રને પોતાની અભેદબુદ્ધિએ સમ્યક્‌પણે અનુભવતા હોવાથી, માર્ગવત્સલ અર્થાત્‌ મોક્ષમાર્ગ પ્રત્યે અતિ પ્રીતિવાળા છે, તેથી તેમને માર્ગની અપ્રાપ્તિથી થતો બંધ નથી, પરંતુ નિર્જરા જ છે.

વ્યવહારે આચાર્ય, ઉપાધ્યાય, મુનિ તથા અન્ય ધર્માત્મા સાધર્મીઓમાં તથા જૈનધર્મમાં અતિ પ્રીતિભાવ રાખવો તે વાત્સલ્યગુણ છે. સમ્યક્‌ત્વી આવા વાત્સલ્યગુણયુક્ત હોય છે.

૮. **પ્રભાવનાગુણ**–પ્રભાવના એટલે પ્રગટ કરવું, ઉદ્યોત કરવો. જૈન શાસનની પ્રભાવના કરવી, જૈન ધર્મનું માહાત્મ્ય પ્રગટ કરવું તે પ્રભાવનાગુણ સમ્યક્‌ત્વી આત્મામાં હોય છે.

નિશ્ચયથી સમ્યગ્દષ્ટિ આત્મા પોતાના જ્ઞાનની સમસ્ત શક્તિ પ્રગટ કરવા, વિકસાવવા કે ફેલાવવા વડે પ્રભાવ ઉત્પન્ન કરે છે અને એ રીતે પોતાના સ્વરૂપનું માહાત્મ્ય પ્રગટ કરે છે, તે પ્રભાવનાગુણ છે. તેથી તેમને જ્ઞાનની પ્રભાવનાના અપ્રકર્ષથી (જ્ઞાનની પ્રભાવના નહિ વધારવાથી) થતો બંધ નથી, પરંતુ નિર્જરા જ છે.

આ પ્રમાણે સમ્યક્‌ત્વના આઠ અંગ કે આઠ ગુણ જાણવા. આ અંગો વિના સમ્યગ્દર્શન નિર્મળ સકળ કાર્યકારી થતું નથી.

મિથ્યાદૃષ્ટિને પણ વ્યવહારરૂપ નિઃશંકિત આદિ અંગો હોય છે, પરંતુ જેવા નિશ્ચયથી સાપેક્ષતા સહિત સમ્યગ્દૃષ્ટિને હોય છે તેવાં હોતાં નથી.

## સમ્યક્ત્વમાં ૨૫ મળ

સમ્યક્ત્વમાં ૨૫ મળ છે, તે આ પ્રમાણે છે:-

**ત્રણ મૂઢતા**-દેવમૂઢતા, ગુરુમૂઢતા અને ધર્મમૂઢતા (લોકમૂઢતા).

### દેવમૂઢતા

અનંત જ્ઞાનાદિયુક્ત વીતરાગ-સર્વજ્ઞદેવનું સ્વરૂપ નહિ જાણતા, ખ્યાતિ-પૂજા-લાભ માટે રાગદ્વેષવાળા કુદેવ-ભૈરવ, શીતળા, ભૂત, પિતૃ, વ્યંતર, પીર-પેગંબર, ઓલિયા વગેરેનું આરાધન કરે તેને દેવમૂઢતા કહે છે.

### ગુરુમૂઢતા

આત્મજ્ઞાની નિર્ગ્રંથ સદ્‌ગુરુ કે જેમના ઉપદેશથી અજ્ઞાન ટળે એવા સાચા ગુરુનો નિર્ણય ન કરતાં, અજ્ઞાનીને ગુરુ તરીકે માનવા તે ગુરુમૂઢતા છે.

### ધર્મમૂઢતા

જિનેશ્વરદેવ પ્રરૂપિત દર્શનમૂળ ધર્મના આરાધનથી વીતરાગભાવ પેદા થાય એટલે કે આત્માનું સહજ નિષ્કષાય સ્વરૂપ પ્રગટે તે ધર્મને નહિ ઓળખતા, જેમાં હિંસા, ભોગ, કુતુહલ, શૃંગાર વગેરે પોષાતા હોય એને ધર્મ માની, તે

અધર્મનો આશ્રય કરવો, તેમાં પ્રીતિ કરવી કે શ્રદ્ધા કરવી તે *ધર્મમૂઢતા છે. ગંગા વગેરે તીર્થોમાં સ્નાન, જળમાં પ્રવેશી* મરવું કે અગ્નિમાં પ્રવેશી મરવું એ બધા પુણ્યના કાર્યો છે એવું માનવું તે લોકમૂઢતા છે.

**આઠ મદ**–તે જાતિ, કુળ, રૂપ, બળ, જ્ઞાન, પૂજા, તપ અને ઐશ્વર્ય.

**આઠ દોષ અથવા આઠ મળ**–શંકા, કાંક્ષા, વિચિકિત્સા, મૂઢદૃષ્ટિ, અનુપગૂહન, અસ્થિરિકરણ, અવાત્સલ્ય અને અપ્રભાવના. આ આઠ દોષો કે મળ તે સમ્યગ્દર્શનના આઠ અંગો કે ગુણોના જ પ્રતિપક્ષી છે. આઠ અંગોનું વર્ણન પહેલાં થઈ ચૂકયું છે.

**છ અનાયતન**–મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર એ ત્રણ અને એ ત્રણને ધારવાવાળા મળી કુલ છ અનાયતન, તેમાં માન્યતા કરવી તે અનાયતન દોષ છે. સમ્યક્ત્વાદિ ગુણોના આયતન–ઘર–આશ્રય–આરાધનાના નિમિત્તને 'આયતન' કહે છે. તેનાથી વિપરીત તે અનાયતન.

આ પચીસ દોષથી રહિત યથાતથ્ય નિર્મળ શ્રદ્ધાન જે આત્માને છે તે સમ્યગ્દૃષ્ટિ છે, માટે સમ્યક્ત્વી તે દોષોથી બચવા પુરુષાર્થ કરે છે.

## સમ્યક્ત્વીને આયુબંધ

સમ્યક્ત્વી દેવ કે નારકી, સમ્યક્ત્વ–અવસ્થામાં આગળના ભવનો આયુબંધ કરે તો તે મનુષ્ય ગતિનું જ આયુ બાંધે અને ઓજસ, કાંતિ, વિદ્યા, બળ, કીર્તિ, ઉન્નતિ, વિજય

અને સંપત્તિ સહિત જ મનુષ્યપણું પામે. કાણા, કુબડા, વિગેરે કુરુપતા કે વિકળ અંગવાળો કે ગરીબ કુળનો મનુષ્ય ન થાય. અલ્પ આયુ ન પામે. તિર્યંચ સમકિત-અવસ્થામાં આગળના ભવ માટે વૈમાનિક દેવનું જ આયુષ્ય બાંધે. કર્મભૂમિનો સમકિતી મનુષ્ય ચરમ શરીરી હોય તો આયુનો બંધ જ ન કરે. બાકી સમકિતી મનુષ્ય વૈમાનિક દેવગતિનું જ આયુષ્ય બાંધે.

ચારેય ગતિ આશ્રયી કોઇ પણ જીવે સમકિતયુક્ત અવસ્થામાં આયુષ્ય બાંધ્યું હોય તો નીચે જણાવેલા સાત બોલમાં બંધ પડે જ નહિ-

૧. નરકનું આયુષ્ય, ૨. તિર્યંચનું આયુષ્ય, ૩. વાણવ્યંતરદેવનું આયુષ્ય, ૪. ભવનપતિ દેવનું આયુષ્ય, ૫. જ્યોતિષી દેવનું આયુષ્ય, ૬. સ્ત્રીવેદ અને ૭. નપુંસકવેદ.

## સમકિતીને ૪૧ કર્મપ્રકૃતિનો અબંધ

ગોમ્મટસાર, કર્મકાંડમાં કહ્યું છે કે સમકિતીને ૪૧ કર્મપ્રકૃતિનો બંધ હોતો નથી. તે-

૧. મિથ્યાત્વ, ૨. હુંડકસંસ્થાન, ૩. નપુંસકવેદ, ૪. અસંપ્રાપ્તાસૃપાટિકા-સંહનન, ૫. એકેંદ્રિય, ૬. સ્થાવર-નામ, ૭. આતપનામ, ૮. સૂક્ષ્મ, ૯. અપર્યાપ્ત ૧૦. સાધારણ, ૧૧. બેઇંદ્રિય, ૧૨ ત્રેંદ્રિય, ૧૩. ચૌરિંદ્રિય, ૧૪-૧૬. નરકગતિ-નરકગત્યાનુપૂર્વિ-નરકઆયુ. આ સોળ

પ્રકુતિના બંધનું કારણ એક મિથ્યાત્વ જ છે, માટે સમકિતી આત્મા બાંધે નહિ.

હવે અનંતાનુબંધી કષાયચતુષ્કયના કારણે ૨૫ પ્રકૃતિનો બંધ થાય છે, તે–

૧–૪. અનંતાનુબંધી ક્રોધ, માન, માયા લોભ; ૫–૭ સ્ત્યાનગૃદ્ધિ–નિદ્રાનિદ્રા–પ્રચલાપ્રચલા; ૮–૧૦ દુર્ભગ–દુઃસ્વર–અનાદેય; ૧૧–૧૪. ન્યગ્રોધ પરિમંડળ–સ્વાતિ–કુબ્જ–વામન–સંસ્થાન; ૧૫–૧૮. વજ્રનારાચ–નારાચ–અર્ધનારાચ–કીલિત–સંહનન; ૧૯–અપ્રશસ્ત વિહાયોગતિ, ૨૦. સ્ત્રીવેદ, ૨૧, નીચગોત્ર, ૨૨–૨૪. તિર્યંચગતિ–તિર્યંચાનુપૂર્વિ, તિર્યંચ-આયુ અને ૨૫. ઉદ્યોતનામ.

આ પચીસ પ્રકુતિના બંધનું કારણ અનંતાનુબંધી કષાય છે, તેથી સમકિતી આત્મા બાંધે નહિ.

આ પ્રમાણે ૧૬+૨૫=૪૧ પ્રકુતિનો બંધ સમ્યગ્દષ્ટિ કરે નહિ.

## સમકિતીનો તત્ત્વસંબંધી યથાર્થ નિર્ણય

જ્યારે સમ્યગ્દર્શન પ્રકાશે છે ત્યારે અનાદિકાળનું મિથ્યાજ્ઞાન જે ભવહેતુરૂપ થતું હતું તે સમ્યગ્જ્ઞાનરૂપે પરિણમી ભવનિવૃત્તિરૂપ બની જાય છે. સમ્યગ્દર્શની આત્માનું આ સમ્યગ્જ્ઞાન અનેક સ્વભાવવાળા તત્ત્વો અથવા પદાર્થોનો યથાર્થ નિર્ણય કરનારૂં હોય છે. સમ્યક્ત્વી

સમ્યક્પ્રકારે વસ્તુને ઓળખીને સાચો જ નિર્ણય કરે છે. હજારો–લાખો કારણો મળે તો પણ સમ્યક્ત્વી આત્માને કદી પણ અશ્રદ્ધા થાય નહિ. તેમને તત્ત્વસંબંધી સંશય, વિપર્યય અને વિમોહ–એ ભાવો હોય નહિ. એ ત્રણ ભાવો શું છે તે અહીં બતાવાય છે.

**૧. સંશય :–** વિરૂદ્ધ બે પ્રકારનું જ્ઞાન હોય તેને સંશય કહે છે. જેમ કે રાત્રે કોઇને જોઇને સંશય થયો કે આ પદાર્થ માણસ પણ પ્રતિભાસે છે અને વ્યંતર જેવો પણ પ્રતિભાસે છે. તેની દૃષ્ટિમાં તેનો નિર્ધાર થતો નથી, તે સંશયદોષ છે.

અથવા એક માણસે છીપ લાવીને તે સંશયવાળા માણસને પૂછયું કે આ શું વસ્તુ છે ? છીપ છે કે રૂપું છે ? ત્યારે સંશયદૃષ્ટિવાળો હોવાથી તે માણસ કોઈ પણ જાતનો નિર્ણય કરી શકયો નહિ. આ રૂપું હશે ? કે છીપ હશે ? એમ વિમાસણમાં પડી ગયો. તેને કોઈ પણ પ્રકારે કાંઈ પણ સૂઝ પડી નહિ. આ છીપ પણ પ્રતિભાસે છે અને રૂપું પણ પ્રતિભાસે છે. તેની દૃષ્ટિમાં નિર્ધાર ન થયો.

એ જ રીતે સ્વરૂપના અને તત્ત્વના નિર્ણયમાં જેને ભૂલ પ્રવર્તે છે તે આત્મા સંશયવાળો છે. તેને એવા પ્રકારનો સંશય હોય છે કે આ આત્મા છે કે શરીર છે ? આત્મા અને શરીર એક જ હશે ? કે શરીરથી આત્મા

જુદો હશે ? આત્મા શરીરનું કાર્ય કરતો હશે કે નહિ કરતો હોય ? આવી રીતે તેને સ્વરૂપનો નિર્ણય હોતો નથી, તેથી સંશયદોષવાળો છે.

**૨. વિમોહ** :- આ વિમોહવાળા પુરૂષને છીપ લાવીને બતાવવામાં આવે અને પૂછવામાં આવે કે–કહો, આ શું વસ્તુ છે ? છીપ છે કે રૂપું છે ?

તે માણસ ઉત્તર આપે કે–જુઓ ભાઈ ! આ કાંઈક વસ્તુ તો છે, પણ શું છે તે હું જાણતો નથી. રૂપું કોને કહેવાય અને છીપ કોને કહેવાય તેની મને કાંઈ સૂઝ-સમજ નથી. અથવા તો કાંઈ ઉત્તર ન આપતાં તે ચૂપ જ રહે.

આ દૃષ્ટાંત પ્રમાણે વિમોહવાળો મનુષ્ય એ જાણતો નથી કે–સ્વભાવ શું છે ? પરભાવ શું છે ? આત્મા માટે મોક્ષમાર્ગ કયો છે ? આત્માને સંસારમાં ભમાવનાર એવો બંધમાર્ગ શું છે ? તેને કોઈ પ્રકારની સ્પષ્ટ સમજ નથી, તત્ત્વનો નિર્ણય નથી. નિશ્ચયમોક્ષમાર્ગ શું ? વ્યવહારમોક્ષ-માર્ગ શું ? તેની કાંઈ સમજ કે સૂઝ નથી. નિશ્ચયમોક્ષ-માર્ગ વિષે સાંભળવામાં આવે તો તેને લાગે કે આ બરાબર હશે. આ નિશ્ચયમોક્ષમાર્ગ સાચો હશે. તેમાં પ્રવર્તવાથી મોક્ષ પ્રાપ્ત થશે. વ્યવહારમોક્ષમાર્ગ સંબંધી સાંભળે તો એમ લાગે કે વ્યવહારમોક્ષમાર્ગ સાચો છે, તેથી મોક્ષ પ્રાપ્ત થાય છે. આમ કોઈ પણ પ્રકારની સ્પષ્ટ સમજ 'વિમોહવાળાને' હોતી નથી.

**૩. વિભ્રમ :–** વિભ્રમવાળાને વિપરીતરૂપે એક તરફનું જ્ઞાન હોય છે. તે માણસ વસ્તુને અન્યથા જાણે છે.

વિભ્રમવાળા માણસને છીપ બતાવીને પૂછવામાં આવે કે આ છીપ છે કે રૂપું છે ? તો તે ઉત્તર આપશે કે એમાં પૂછવા જેવું શું છે ? તેમાં શંકા કરવા જેવું કશું જ નથી. હું પ્રત્યક્ષપ્રમાણથી કહી શકું છું કે આ રૂપું છે. રૂપા સિવાય કશું જ નથી. તમે આને શું છીપ માનો છો ? તો તમારી એ જૂઠી માન્યતા છે. આ તો રૂપું અને સર્વથા પ્રકારે રૂપું જ છે. આ પ્રમાણે અન્યથા પ્રકારે એક તરફનું મિથ્યા જ્ઞાન હોય તે વિભ્રમ છે.

તે પ્રમાણે વિભ્રમવાળો મનુષ્ય મિથ્યા જ્ઞાનથી એવો નિર્ણય કરે છે કે શરીર તે જ હું છું. એમાં કાંઈ શંકા કરવા જેવું નથી. હવે જ્યારે શરીરમાં જ અહંબુદ્ધિ આવી તેવો મનુષ્ય શરીરને જ આત્મા માનીને વિભ્રમ સેવી રહ્યો છે તેને આત્મતત્ત્વ શું છે ? તે સંબંધી વિચાર કરવાનો અવકાશ જ કયાં રહ્યો ? તે મૂઢ જીવ મોહબુદ્ધિથી હણાયેલો છે.

તે જ પ્રમાણે જે વ્યવહાર–મોક્ષમાર્ગ છે તેને કોઈ વિભ્રમયુક્ત મનુષ્ય સાચો અર્થાત્ નિશ્ચયમોક્ષમાર્ગ માનીને સાચા મોક્ષમાર્ગ પ્રત્યે લક્ષ પણ ન આપે તો સાચો મોક્ષ–માર્ગ અર્થાત્ નિશ્ચયમોક્ષમાર્ગ જાણવાનો તેને અવકાશ જ રહેતો નથી.

હવે જે સમ્યગ્દૃષ્ટિ આત્મા છે તે આ સંશય, વિમોહ અને વિભ્રમ દોષોથી સર્વથા રહિત હોય છે. તે મનુષ્ય પોતાના જ્ઞાયક–આત્માનું સ્વરૂપ યથાર્થરૂપે જાણે છે અને શરીરાદિરૂપ પરપદાર્થનું સ્વરૂપ પણ યથાર્થરૂપે જાણે છે. તેમાં તેને સંશય નથી, વિમોહ નથી કે વિભ્રમ પણ હોતો નથી.

તે સમ્યગ્દૃષ્ટિ વિકારમાર્ગને પણ જાણે છે અને નિષ્કષાયી માર્ગને પણ યથાર્થ જાણે છે. તેની જાણકારીમાં ભૂલ હોતી નથી. પોતાના સમ્યગ્નિર્ણયમાં તેને કશા પ્રકારનો સંદેહ હોતો નથી. તે તો હમેશાં પોતાના સ્વભાવ તરફ ઢળેલા હોય છે. વિભાવને કદી પણ પોતાનો સ્વભાવ માનતા નથી. નિષ્કષાયી ભાવની પ્રાપ્તિ જે માર્ગે થાય તે જ સાચો મોક્ષમાર્ગ માને છે અને તેમાં પ્રવર્તવાના ઉદ્યમી હોય છે. તેમને સ્વરૂપના અને તત્ત્વના સમ્યગ્નિર્ણયનું બળ પ્રાપ્ત થયું હોય છે. તેમની અદ્‌ભુત દશા હોય છે. લાખો માણસ જે ધર્મ નથી તેને ધર્મ માને તો પણ સમ્યક્ત્વી કદી પણ પોતાના દૃઢ નિર્ણયમાં ફેરફાર ન કરે.

આવી હોય છે સમ્યગ્દૃષ્ટિની પરિણતિ ! આવો હોય છે તેમનો દૃઢ નિશ્ચય ! આવી હોય છે તેમની અમૂઢદૃષ્ટિ !

**સમાપ્ત**

જગત્પૂજ્ય

# શ્રી તીર્થંકરદેવ

લેખક

ભીખાલાલ ગિરધરલાલ શેઠ

# તીર્થંકરોની સ્તુતિ

સુરેંદ્રો, અસુરેંદ્રો અને નરેંદ્રોથી જે વંદિત છે અને ઘાતીકર્મમળ જેમણે ધોઈ નાખેલ છે એવા તીર્થરૂપ અને ધર્મના કર્તા શ્રી વર્ધમાનસ્વામીને હું પ્રણમું છું.

વળી વિશુદ્ધ સત્તાવાળા શેષ તીર્થંકરોને સર્વ સિદ્ધ-ભગવંતો સાથે અને જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર તથા વીર્યાચારવાળા શ્રમણોને પ્રણમું છું.

તે સર્વને તથા મનુષ્યક્ષેત્રમાં વર્તતા અર્હંતોને સમુદાય-રૂપે અને પ્રત્યેક પ્રત્યેકને વ્યક્તિગત વંદુ છું. એ રીતે અર્હંતોને, સિદ્ધોને, આચાર્ય-ઉપાધ્યાયવર્ગને તથા સર્વ સાધુઓને નમસ્કાર કરીને, તેમના વિશુદ્ધ–દર્શન–જ્ઞાન–પ્રધાન આશ્રમને પામીને હું સામ્યને પ્રાપ્ત કરૂં છું, કે જેનાથી નિર્વાણની પ્રાપ્તિ થાય છે.

એ ભગવાન મહાવીરસ્વામીની વિદ્યા અર્થાત્ કેવળ-જ્ઞાન અલોકાકાશ સહિત ભૂત, વર્તમાન અને ભવિષ્યના સમસ્ત અનંતાનંત પર્યાયો સહિત છ દ્રવ્યોના સમુદાયરૂપ સમસ્ત લોકને યુગપત્ પ્રતિબિંબિત કરે છે, પ્રકાશે છે.

સહજ આનંદ અને સહજ ચૈતન્ય પ્રકાશમય હોવાથી જે અતિ મહાન છે અને અનેકાંતમાં સ્થિત જેનો મહિમા છે, તે પરમાત્માને નમસ્કાર હો. સ્યાત્કાર જેનું જીવન છે એવી જિનભગવાનની સિદ્ધાંત પદ્ધતિ, જે દુર્નિવાર નય સમૂહના વિરોધનો નાશ કરનારી ઔષધિ છે તે જયવંત વર્તો.

જગત્પૂજ્ય

# શ્રી તીર્થંકરદેવ

જગત્પૂજ્ય, પરમ ઇષ્ટ, પરમોપકારી શ્રી તીર્થંકરદેવના સ્વરૂપનું તથા તેમના પાંચેય કલ્યાણકનું અહીં સંક્ષિપ્ત વર્ણન કર્યું છે.

તીર્થંકરદેવના કલ્યાણકનો ઉત્સવ ઇંદ્રો અને દેવો ઘણા જ ઉલ્લસિત ભાવથી ઊજવવા માટે આ તિર્યંગ્લોકમાં આવે છે. તીર્થંકરદેવની સર્વોત્કૃષ્ટ પુણ્યપ્રકૃતિ હોય છે. દેવાધિદેવપણાને લીધે જિનેશ્વરદેવ ઇંદ્રો અને દેવોથી વંદ્ય અને પૂજ્ય છે. આવા અસાધારણ નમસ્કારને યોગ્ય વિશ્વમાં અન્ય કોઈ હોતું નથી.

## તીર્થંકરનામકર્મનો બંધ

તીર્થંકરનામકર્મની પ્રકૃતિ બાંધવાનું કારણ એ છે કે પાછલા ત્રીજા ભવે શુદ્ધાત્મસ્વરૂપના ભાન અને સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત એવો ઉત્કૃષ્ટ પ્રશસ્ત રાગભાવ આવે છે કે બધાય જીવો વીતરાગ-ધર્મને પામો અને પોતાના આત્માનું કલ્યાણ કરો. આ ઉત્કૃષ્ટ શુભ પરિણામ છે, કે જેમાં એવા પરમ યોગ્યવાન્ આત્માને આવી ઉત્કૃષ્ટ પુણ્યપ્રકૃતિ બંધાઈ

જાય છે, તેથી તે આત્મા ત્રીજા ભવે તીર્થંકર બને છે અને તેમના ઉપદેશના નિમિત્તે સંસારી અનેકાનેક જીવો વીતરાગ ધર્મને પામી, સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રને આરાધી મોક્ષ પામે છે. જો કોઈ આત્મા ચારિત્ર પાળી ન શકે તો તે સમ્યગ્દર્શનની સંપ્રાપ્તિ કરી લે છે અને પરંપરાએ મોક્ષ સાધી લે છે. જે મોક્ષસ્વભાવ દ્રવ્યદળમાં શક્તિરૂપે પડેલો છે, તેની અભિવ્યક્તિ થાય છે, પ્રગટે છે.

## ગર્ભકલ્યાણક

હવે આ પરમ ઇષ્ટ આત્મા ભરતક્ષેત્રમાં જ્યારે અંતિમ ભવરૂપે પધારવાના હોય ત્યારે છ મહિના અગાઉ ઇન્દ્રો તેમની માતા પાસે આવીને સ્તુતિ કરતાં કહે છે કે–" હે માતા ! આપ રત્નકુક્ષિધારિણી છો. આપની કુક્ષિથી ત્રિલોકનાથ તીર્થંકરદેવનો મંગળ જન્મ થવાનો છે. તે પ્રભુ થોડા સમય પછી નિર્ગ્રંથ–મુનિ બની "કેવળજ્ઞાન"–આત્માની પૂર્ણ ઐશ્વર્યદશા પ્રગટાવશે. એ પ્રભુના નિમિત્તથી ઘણા આત્માર્થી જીવો આત્મધર્મ પામી પોતાના આત્માનું કલ્યાણ સાધશે. તીર્થંકરદેવની માતાની સેવા કરવા સ્વર્ગલોકમાંથી દેવીઓ પણ આવે છે.

પ્રભુ ગર્ભમાં પધારે છે તે પહેલું ગર્ભકલ્યાણક છે. પ્રભુ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન–એ ત્રણ નિર્મળ જ્ઞાન સાથે લઈને જ માતાના ગર્ભમાં આવે છે. આવા ઉત્તમ, પવિત્ર, પરમ ઇષ્ટ આત્માનું જે ક્ષેત્રે આવાગમન થાય

છે. ત્યાં મોક્ષનું મંડળ ઉભું થાય છે. પ્રભુનું પરમઇષ્ટ નિમિત્ત પામવાને માટે ત્યાં ભાગ્યવાન જીવો પણ હોય છે.

## જન્મકલ્યાણક

અનુક્રમે ગર્ભસ્થિતિ પૂર્ણ થયે, તીર્થંકરદેવનો જન્મ થાય છે. જન્મ સમયે પ્રભુના માતાને કે પ્રભુને જરા પણ કષ્ટ પડતું નથી.

તે સમયે ઇંદ્રો ત્યાં આવી ભગવાનનો જન્મકલ્યાણક ઊજવે છે, મોટો ઉત્સવ કરે છે. તેઓ સ્તુતિ કરે છે કે હે માતા! જગત્‌ને મહાન્ ઉપકારનું નિમિત્ત એવા તીર્થંકર ભગવાનની જન્મદાત્રી જનેતા! આપને ધન્ય છે કે આવા ત્રણભુવનના નાથ તીર્થંકરદેવને આપે જન્મ આપ્યો છે! ત્યાર બાદ ઇંદ્ર ભગવાનને મેરૂપર્વત પર લઈ જાય છે અને ત્યાં પાંડુકશિલા પર ભગવાનને બિરાજમાન કરી ક્ષીરસાગરના જળથી વિરાટ અભિષેક કરે છે. પછી બધા દેવો ભગવાનને વંદન કરે છે અને ભગવાનની સ્તુતિ કરે છે. આ પ્રમાણે સ્તુતિ કર્યા બાદ પ્રભુને માતાની પાસે મૂકી જાય છે.

શહેરના સમસ્ત મનુષ્યો પણ આ મંગળમય પાવન ઉત્સવ ઊજવે છે.

તીર્થંકરદેવની સ્તુતિ કરતાં શ્રી આનંદઘનજી મહારાજ કહે છે કે–

"નિરમલ ગુણમણિ રોહણ ભૂધરા,
મુનિજન માનસહંસ, જિ૦
ધન્ય તે નગરી, ધન્ય વેલા ઘડી,
માતપિતા કુલ વંશ. જિ૦"

અર્થાત્–હે જગત્પતિ! આપ રોહણાચલ પર્વતમાં ઉત્પન્ન થતાં નિર્મળ મણિ જેવા ગુણવાળા છો; વળી મુનિજનના મનરૂપી માનસરોવરમાં હંસની પેઠે રમનારા છો. તે નગરી, તે સમય, માતા, પિતા, કુળ અને વંશ ધન્ય છે કે જ્યાં આપ તીર્થંકર જેવા સર્વોત્કૃષ્ટ પુરૂષ જન્મ્યા છો.

## જન્મથી અતિશય

તીર્થંકરપ્રભુને જન્મથી જ નીચે દર્શાવેલા દશ અતિશયો હોય છે–

૧. મળ–મૂત્રનો જન્મથી જ અભાવ.

૨. પરસેવાનો જન્મથી જ અભાવ.

૩. શરીરમાં શ્વેત (સફેદ) લોહીનું હોવું.

૪. શરીરનું સમચતુરસ્ર સંસ્થાન.

૫. વજ્રઋષભનારાચ સંહનન (આ શરીરની સબળતા દર્શાવે છે.)

૬. સુંદર રૂપ.

૭. શરીર તથા શ્વાસોચ્છ્વાસમાંથી સુગંધ આવવી.

૮. ઉત્તમ લક્ષણયુક્ત.

૯. અનંત બળ.

૧૦. મધુર વચન.

## બાળજીવન તથા ગૃહસ્થજીવન

ભગવાનનું બાળજીવન પણ અસાધારણ અને અપૂર્વ હોય છે.

**પ્રશ્ન**–તેઓશ્રીનું ગૃહસ્થ-જીવન કેવા પ્રકારનું હોય છે?

**ઉત્તર**–તીર્થંકરદેવ ઉચ્ચ કુળમાં અર્થાત્ ક્ષત્રિય કુળમાં જન્મે છે. એ ઉચ્ચ કુળમાં સુખ-સમૃદ્ધિ અને માન-પ્રતિષ્ઠા વિપુલ માત્રામાં હોય છે. છતાં તીર્થંકરદેવને આ બાહ્ય સંયોગોનું આકર્ષણ કે પ્રલોભન હોતું નથી. ઉત્કૃષ્ટ પુણ્ય-પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા આ ઇષ્ટ સંયોગોને પોતાના સ્વરૂપથી અત્યંત ભિન્ન અનુભવે છે.

તીર્થંકરદેવ ગૃહવાસમાં પણ આત્મજ્ઞાની, વિચારવાન, વિવેકી, નિર્ભીક અને ભેદ વિજ્ઞાની હોય છે. સ્નેહીજનો સાથે રહેવા છતાં અંતરંગમાં સર્વથા અલિપ્ત હોય છે. અંતરંગમાં મહાન્ વૈરાગ્ય હોય છે અને સઘળા પરપદાર્થોથી પોતાના આત્માને ભિન્ન અનુભવે છે. તેઓશ્રી તત્ત્વાર્થનો યથાર્થ નિર્ણય કરનારા હોય છે.

## માંસાહારનિષેધ

**પ્રશ્ન**–તીર્થંકરદેવ ક્ષત્રિય કુળમાં જન્મે છે એમ કહ્યું, તો કેટલાક લોકો એવું માને છે કે ક્ષત્રિયકુળમાં તો માંસાહાર હોય છે, તેથી તીર્થંકરદેવ પણ ગૃહસ્થાવાસમાં માંસાહાર કરતા હશે. આવી કોઇ કોઈ વ્યક્તિઓ માન્યતા ધરાવે છે. તે માન્યતા સત્ય હોઈ શકે?

**ઉત્તર**-એવું કહેનારે જૈનધર્મને ઓળખ્યો નથી અને તેના સિદ્ધાંતથી કેવળ અનભિજ્ઞ છે. તેમણે સંસારમાં જે સર્વોત્કૃષ્ટ પુરુષ છે તેમના આત્માને ઓળખ્યો જ નથી.

તીર્થંકરદેવ કરૂણાના સાગર હોય છે. તેઓ કદી પણ માંસાહાર કરતા નથી, એટલું જ નહિ, પરંતુ તેમના માતા પિતા પણ શુદ્ધ શાકાહારી અને ઉત્તમ આત્મા હોય છે. કરુણામૂર્તિ તીર્થંકરદેવ અભક્ષ્ય આહાર કદી કરે નહિ.

માંસની પ્રાપ્તિ માટે પંચેંદ્રિય જીવોની નિર્દય અને અત્યંત ક્રૂરતાપૂર્વક હિંસા કરવામાં આવે છે. આવી ક્રૂરતા પૂર્વક પંચેંદ્રિય પશુ-પક્ષીઓને મારી નાખવાના પરિણામો અત્યંત નિકૃષ્ટ હોય છે. આવી રીતે પ્રાપ્ત થયેલા માંસમાંથી બનાવેલો આહાર અભક્ષ્ય છે. આર્ય નામ ધરાવનાર કોઈ પણ પુરુષ અભક્ષ્ય આહાર કરે નહિ કે તેનું અનુમોદન પણ કરે નહિ, તો પછી તીર્થંકરદેવ તો અભક્ષ્ય આહાર કરે જ કેમ? કદી ન કરે.

માંસથી તૈયાર થયેલા ભોજનની ઇચ્છા કરનારને ઘણી લોલુપતા અને તીવ્ર મમત્વ હોય છે, શરીરમાં અત્યંત મોહ હોય છે. માંસનું ભોજન કરતી વખતે પણ અત્યંત સરાગતા હોય છે અને ખાતી વખતે એવો તીવ્ર મૂર્ચ્છાભાવ હોય છે કે ખાનાર પાપથી ડરતો નથી. માંસાહારમાં ઘણો આરંભ છે. માંસનું ભોજન મનુષ્યનો સ્વાભાવિક-પ્રાકૃતિક આહાર નથી. તેમાં દ્રવ્ય હિંસા ઉપરાંત અત્યંત ભાવ હિંસા રહેલી છે.

તીર્થંકરદેવને નિર્મળ ભેદવિજ્ઞાન હોય છે, તેથી શરીરને પ્રત્યક્ષ ભિન્ન અનુભવે છે. અતઃ શરીરને પોષવા માટે આવો અભક્ષ્ય આહાર કદી ન કરે. તીર્થંકરને અભક્ષ્ય આહાર કરવાનું માનવું ઘણું અનર્થકારી અને અકલ્યાણકારી છે.

અભક્ષ્ય આહાર કોણ કરે ? જે અજ્ઞાની છે, રસ લોલુપી છે, ઘોર પાપી, કુમતિવાળા અને ભ્રષ્ટજીવનવાળા હોય તેઓ માંસાહાર કરે છે. શાસ્ત્રમાં તેમને અનાર્ય કહ્યા છે. તેઓ પોતાના આત્માનું અહિત કરનારા, આત્મવંચક છે. માંસલોલુપી જીવો મૃત્યુ પામીને, કર્મથી પ્રેરિત, અંધકારમય ઘોર નરકમાં ઉત્પન્ન થાય છે, જ્યાં તીવ્ર તાપ ભોગવતાં નિવાસ કરે છે. માંસાહાર નિંદનીય આચરણ છે. આર્યપુરુષોને એવું આચરણ હોય નહિ.

ભગવાન તીર્થંકરદેવનો જ્યારે જન્મ થાય છે ત્યારે ત્રણ લોકમાં તેમનો મહિમા ગવાય છે. ત્રણ લોકમાં અજવાળા થાય છે અને નરકના અત્યંત દુઃખી જીવો પણ થોડા સમય માટે શાંતિ પામે છે, એવો જેમનો મહિમા છે એવા જિનેશ્વરદેવ અભક્ષ્ય આહાર કરે એવું માનવું તે જીવાત્માનું અજ્ઞાન પ્રદર્શિત કરે છે.

આ સંબંધમાં શાસ્ત્રના પુરાવા અત્રે ઉપયોગી થઈ પડશે.

ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યયન ૫ માં ગાથા ૯ તથા ૧૨ માં કહ્યું છે કે—

"....માંસને ભોગવતો થકો, આ કાર્ય સારૂં છે એમ માને છે આવા દુરાચારીઓ નરકના સ્થાનોમાં ઉત્પન્ન થાય છે, જ્યાં આવા ક્રૂર ભયંકર કર્મ કરનારા નરકની અસહ્ય વેદના ભોગવે છે.

તે જ સૂત્રના "મૃગાપુત્રીય" નામના ૧૯મા અધ્યયનમાં મૃગાપુત્ર પોતાના માતા-પિતાને કહે છે કે–

જરા અને મરણથી ઘેરાયેલા અને ચાર ગતિરૂપ ભયથી વ્યાપ્ત આ સંસારમાં મેં જન્મ-મરણ અને ભયંકર વેદનાઓ ઘણીવાર સહન કરી છે. (ગા. ૪૬)

એવા એવા ભવો કરી, માંસાહારનો લોલુપી બની, અભક્ષ્ય આહાર કરી નરકમાં ઊપજ્યો ત્યાં અભક્ષ્ય આહારના પરિણામે કેવું દુઃખ સહન કરવું પડે છે તે વર્ણવતા મૃગાપુત્ર કહે છે કે-

નરકમાં પરમાધાર્મિક દેવો નારકીને દુઃખ આપતાં કહે છે કે "હે અનાર્ય! અનિષ્ટ કાર્યના કરનાર! તને પૂર્વ જન્મમાં માંસ અતિ પ્રિય હતું" એમ કહીને હું જ્યારે નારકી બન્યો હતો ત્યારે મારા શરીરમાંથી માંસ તોડીને તેના ટૂકડા કરીને અગ્નિ જેવા લાલ ભડથા બનાવીને મને જ મારું માંસ તે પરમાધાર્મિકોએ ખવડાવ્યું હતું. (ગાથા ૬૯)

અષ્ટપ્રાભૃતમાં કહ્યું છે કે–

"હે ભવ્ય! તું જો તો ખરો! શાલિસિકથ જે તંદુલ–

મત્સ્ય છે તે પણ અશુદ્ધભાવ કરીને મહાનરકમાં જઈ પડયો” (ભાવપ્રાભૃત ગાથા ૮૮)

તંદુલમત્સ્યનું ચોખાના દાણા જેવડું શરીરનું નાનકડું સંસ્થાન, તેણે પંચેંદ્રિય મોટી મોટી માછલીઓને ખાઈ જવાની ઇચ્છા કરી, ખાઈ શકે તેમ તો કયાં હતું? પરંતુ ભાવહિંસાનું સ્વરૂપ જ ખરી હિંસા છે. “મારૂં શરીર આ મહામત્સ્ય જેવડું મોટું હોય તો સમુદ્રના બધા જીવોને ખાઈ જાઉં, એકને પણ જીવતો ન છોડું” –એવા પંચેંદ્રિય જીવના વધ કરવાના અને તેનું માંસ ભક્ષણ કરવાના અત્યંત ક્રૂર પરિણામો કરવાથી તે તંદુલમત્સ્ય મરીને સાતમી નરકભૂમિમાં જઈને ઊપજ્યો. ત્યાં તીવ્ર, ભયાનક, અસહ્ય, ઘોર અને પ્રચંડ વેદનાઓ સહન કરી.

ઠાણાંગસૂત્રના ચોથા ઠાણામાં કહ્યું કે—

“મહા આરંભ, મહા પરિગ્રહ, કુણિમ આહાર (માંસાહાર) તથા પંચેંદ્રિય જીવોનો વધ–એ કૃત્યોથી નરકયોગ્ય આયુષ્ય બંધાય છે.”

ઉત્તરાધ્યયનસૂત્ર, “એલક” નામના સાતમા અધ્યયનમાં ગાથા ૭ માં કહ્યું કે–

“બકરા વગેરે પશુઓનું માંસ શેકીને ખાનાર, મોટી ફાંદવાળો તથા અપથ્ય ખાઈને શરીરમાં લોહીને જમાવનાર એવો અધર્મી જીવ નરકગતિ પામે છે.”

જિનેશ્વરદેવને કેવળજ્ઞાન સંપ્રાપ્ત થયા પછી તેમના

દિવ્યધ્વનિમાં એમ આવે છે કે અભક્ષ્ય આહાર–માંસાહાર કરનાર પાપી અને અધર્મી આત્મા નરકગતિનું આયુષ્ય બાંધે છે. તેમની વાણીમાં માંસાહારાદિનો નિષેધ કરવામાં આવ્યો હોય છે. જેમના દિવ્યધ્વનિમાં આવો ઉપદેશ આવતો હોય તે સર્વોત્કૃષ્ટ દેવ, દેવાધિદેવ ગૃહસ્થાવાસમાં હોય ત્યારે સ્વયં અભક્ષ્ય આહાર કરે એવો સ્વપ્નમાં પણ વિચાર થઈ શકે નહિ.

પ્રભુની દેશનામાં મહામોહનીયકર્મ બાંધવાના ત્રીશ સ્થાનક દર્શાવવામાં આવે છે, તેમાં ત્રસપ્રાણીઓની હિંસા પણ એક કારણ દર્શાવ્યું હોય છે, ત્રસપ્રાણીઓની હિંસા કરનારાના નિર્ધ્વંસ પરિણામો હોય છે. એવા નિર્ધ્વંસ પરિણામોથી પંચેન્દ્રિય પશુ–પક્ષીઓની કરવામાં આવેલી હિંસાથી બનેલો અભક્ષ્ય આહાર તીર્થંકરદેવ ગૃહવાસમાં પણ ભોગવે નહિ.

જે તીર્થંકરદેવના શાસનમાં રહેલો સમસ્ત જૈનસંઘ સંપૂર્ણતઃ શાકાહારી હોય છે, જેમાં શ્રાવકશ્રાવિકાઓ પણ અંતર્નિહિત થાય છે, એવા તીર્થંકરદેવ ગૃહસ્થાવાસમાં અભક્ષ્ય આહાર કરે એવો કુતર્ક પણ ઘણો અનર્થકારી નીવડે છે. તીર્થંકરદેવના આત્માની મહાન આશાતના તેમાં રહેલી છે, તે ભૂલવું ન જોઈએ.

## તપકલ્યાણક

તીર્થંકરદેવ ભોગફળવાળા કર્મો હવે ભોગવાઈ ગયા

છે, અર્થાત્ મહાભિનિષ્ક્રમણ કરવાનો સમય પરિપકવ થઈ ગયો છે એમ જાણે છે, ત્યારે સર્વસંગ પરિત્યાગ કરી મહાભિનિષ્ક્રમણ માટે પ્રવૃત્ત બને છે.

તે પહેલાં દેવતાઓએ પૂરેલા દ્રવ્ય વડે વાર્ષિક દાન આપે છે. પ્રભુના મહાભિનિષ્ક્રમણના ભાવને જાણીને લોકાંતિક દેવો આવીને પ્રભુને પ્રાર્થના કરે છે કે "હે નાથ! તીર્થ પ્રવર્તાવો." ત્યારબાદ પ્રભુનો દીક્ષાભિષેક થાય છે. તે દીક્ષા-કલ્યાણક કે તપકલ્યાણક કહેવાય છે. ઇંદ્રો અને દેવો આ તપકલ્યાણક ઊજવે છે. નંદીશ્વર દ્વીપમાં પણ મોટો ઉત્સવ કરે છે.

ભગવાન સંસારથી નિવૃત્ત થઈને નગ્ન નિર્ગ્રંથપદ–મુનિપણું અંગીકાર કરે છે, તે વખતે ભગવાનને સીધું "અપ્રમત્ત–સંયત" નામનું સાતમું ગુણસ્થાન પ્રગટે છે. પ્રભુ નિર્ગ્રંથ બની આત્મધ્યાનમાં સ્થિર થાય છે કે શીઘ્ર પ્રભુને "મનઃપર્યવ" નામનું ચતુર્થ જ્ઞાન પ્રગટે છે. આ ચતુર્થ જ્ઞાન જેમને પ્રગટવાનું હોય તેમને નિયમથી સાતમા ગુણસ્થાનમાં જ પ્રગટે. આ ચતુર્થ જ્ઞાન પણ પ્રભુને અતિ નિર્મળ હોય છે. સંસારમાં રાગનું જે નિમિત્ત હતું તે પણ હવે ટળી ગયું, તેથી જ્ઞાનની નિર્મળતા અને ઉજ્જવળતા પ્રગટ થઈ. સાધનાકાળમાં પ્રભુ ચાર જ્ઞાન યુક્ત હોય છે, પ્રાયઃ મૌન ધારણ કરે છે. આવા નિર્મળ ચાર જ્ઞાન હોવા છતાં પ્રભુ ઉપદેશ આપતા નથી. છદ્મસ્થ-અવસ્થામાં કોઇ પણ તીર્થંકર ઉપદેશ આપે જ નહિ.

## સાધનાકાળ

સાધનાકાળમાં ભગવાન જ્ઞાન–ધ્યાનની સ્થિરતા, ઇચ્છા-નિરોધરૂપ તપ એવી પ્રમત્ત–અપ્રમત્ત દશામાં કેવળજ્ઞાન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી રહે છે. તેમાં બહુધા તો પ્રભુનો અપ્રમત્ત–દશામાં જ સાધનાકાળ વ્યતીત થાય છે.

તીર્થંકરદેવ સાધનાકાળમાં વનવાસી બને છે. પરંતુ આ કથન પણ ઉપચારમાત્ર જ છે, કારણ કે તીર્થંકરદેવ તો વસ્તુતઃ વનમાં નહિ, પરંતુ આત્મામાં વસતા હોવાથી આત્મવાસી જ હોય છે, ભગવાન વાસ્તવમાં તો ન ગર્ભવાસી હોય છે કે ન ગૃહસ્થવાસી કે ન વનવાસી હોય છે, પરંતુ આત્મવાસી જ હોય છે.

પ્રભુ પ્રાયઃ મહા વૈરાગ્યવંત હોય છે. જે થોડો રાગ રહી ગયો હોય છે તેને તોડીને વીતરાગપદ પ્રાપ્ત કરવા માટે સતત સાધના કરતા હોય છે. કોઈ તીર્થંકરની સાધના થોડો સમય ચાલે છે અને કોઈ પ્રભુની સાધના વધુ સમય ચાલે છે. જેમ કે ભગવાન ઋષભદેવનો સાધના કાળ એક હજાર વર્ષ સુધી રહ્યો હતો, તો ભગવાન મહાવીરનો સાધના કાળ સાડા બાર વર્ષ રહ્યો.

ભગવાનને ન કોઇ શત્રુ હોય છે કે ન કોઈ મિત્ર હોય છે. કોઇને શત્રુ માનવો તેમાં દ્વેષભાવ રહેલો છે અને મિત્ર માનવામાં રાગ ભાવ રહેલો છે. તીર્થંકર દેવને સાધના-કાળમાં સર્વે પ્રાણી પ્રત્યે સમભાવ વર્તે છે, પછી ભલે

કોઈ દુર્બુદ્ધિથી પ્રભુને કષ્ટ આપે કે કોઈ ભક્તિભાવથી પૂજે.

ભગવાનની સૌમ્ય મૂર્તિ હોય છે, સ્વાભાવિક સરળતા હોય છે, શાંત સ્વભાવ છે.

આત્મસાધનારત પ્રભુ અંતરોન્મુખી વૃત્તિવાળા હોય છે. તેથી કદી જો બાહ્ય અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગ પ્રાપ્ત થાય તો પણ ભગવાનનું ચિત્ત અસ્વસ્થ બનતું નથી. એવો કોઈ પણ સંયોગ આવે તો તે ભગવાનના જ્ઞાનના જ્ઞેયરૂપે જ રહે છે, અર્થાત્ ભગવાન પોતાના જ્ઞાનમાં જાણે જ છે, પરંતુ ચિત્તમાં ક્ષોભ પેદા થતો નથી. આત્મા સ્વયં પોતાના વિકારનો કર્તા છે અને વિકાર તેનું કર્મ છે. **જો તે વિકાર કરે નહિ તો થાય નહિ.**

## કેવળજ્ઞાન–કલ્યાણક

આત્મનિમગ્નતાની અત્યંત ઉગ્રતમ દશા દ્વારા સાધનાવસ્થામાં જે સૂક્ષ્મ રાગ અંતર્માં રહ્યો હતો તેનો પણ અભાવ કરીને પ્રભુ ક્ષીણકષાય–વીતરાગ–છદ્મસ્થ નામના બારમા ગુણસ્થાને આવે છે. દશમા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાને જે સૂક્ષ્મ લોભ રહ્યો હતો તે આ બારમા ગુણસ્થાને ક્ષય થયો હોય છે. એ પ્રભુ વીતરાગપદ ધારણ કરે છે. અહીં મોહનીયકર્મની સકળ પ્રકૃતિનો ક્ષય હોય છે. સ્ફટિકના નિર્મળ પાત્રમાં રાખેલા જળની પેઠે ચિત્ત નિર્મળ બની ગયું છે. અહીં મોક્ષમાર્ગ પૂર્ણતાને

પામે છે. તેરમા ગુણસ્થાને સર્વજ્ઞતા હોય છે તે મોક્ષ-માર્ગનું ફળ છે.

મોહનીયકર્મ હણાતાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય એ ત્રણ કર્મપ્રકૃતિ અંતર્મુહૂર્તમાં યુગપત્ (એક સાથે જ) હણાઈ જાય છે. પ્રભુ હવે સર્વજ્ઞ અને સર્વદર્શી બને છે. આ સયોગી-કેવળી નામનું તેરમું ગુણ-સ્થાન છે.કેવળ-જ્ઞાન પ્રગટયું તે જ્ઞાનકલ્યાણક છે.

સૌધર્મ ઇંદ્રને વિશેષ ચિન્હો વડે જાણકારી થાય છે કે ભગવાન તીર્થંકરદેવ સર્વજ્ઞ બન્યા છે. પ્રભુની સાધના અને છદ્મસ્થાવસ્થા સમાપ્ત થઈ છે. ઈંદ્ર તથા અન્ય દેવો તત્કાળ ભગવાન પાસે આવે છે અને તપ-કલ્યાણકની પેઠે આ કેવળજ્ઞાન કલ્યાણક દેવો અને મનુષ્યો અત્યંત ઉત્સાહ અને આનંદ-પૂર્વક ઊજવે છે.

## સમવસરણ

ઇંદ્રની આજ્ઞાથી કુબેર, ભગવાનની ધર્મસભાનું નિર્માણ કરે છે. તેમાં સભામંડળની રચના થાય છે. તીર્થંકરની સભામાં દેવ-દેવીઓ, શ્રાવક-શ્રાવિકાઓ ઉપરાંત પશુ-પક્ષીઓ પણ આવે છે. રાજા હો કે રંક હો, શેઠ હો કે નોકર હો, અમીર હો કે ગરીબ હો, માનવ હો કે પશુ હો, સર્વને ભગવાનના સમોસરણમાં આવીને ભગવાનની વાણી સાંભળ-વાનો સમાન અધિકાર છે. બધા સાથે બેસીને શ્રવણ કરે છે અને સર્વે પ્રાણીઓ પોતપોતાની ભાષામાં સમજી જાય છે. કોઈને ભગવાનની વાણી પ્રત્યે શંકા ઊપજતી નથી.

સર્વે શાંતિપૂર્વક ધર્મ શ્રવણ કરે છે. ભગવાનની સૌમ્ય મૂર્તિ અને શાંત સ્વભાવ જોઈને હિંસક પશુઓ પણ સ્વભાવગત વૈર–વિરોધ તથા ક્રૂરતા છોડીને સામ્યભાવ ધારણ કરે છે. સિંહ અને બકરી સાથે બેસીને ધર્મશ્રવણ કરે છે. કોઇ કોઇને બાધા કરતું નથી. સમવસરણનું વાતાવરણ સહજ શાંતિમય બની ગયેલું હોય છે.

આ સમવસરણની રચના અદ્‌ભુત હોય છે. જ્યાં સ્વયં તીર્થંકરદેવ બિરાજમાન હોય અને તેમનો દિવ્યધ્વનિ છૂટતો હોય, તથા જેની વ્યવસ્થા સ્વંય ઈંદ્રે કરાવી હોય તે સમવસરણનું વર્ણન શબ્દોમાં તો થઈ શકે એવું નથી; આ બધા બાહ્ય સંયોગો તીર્થંકરદેવના ઉત્કૃષ્ટ પુણ્યને લઇને થાય છે.

## ધર્મોપદેશ

તીર્થંકરદેવની દિવ્યવાણી શ્રવણ કરીને સમસ્ત પ્રાણી-જગત્ હર્ષાયમાન બની ઊઠે છે. ભગવાનના દિવ્યધ્વનિમાં શુદ્ધાત્માનું સ્વરૂપ પ્રતિપાદન થયેલું હોય છે. પ્રત્યેક દ્રવ્ય સ્વતંત્ર છે. પ્રત્યેક આત્મા સ્વતંત્ર છે. કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને આધીન હોતું નથી. કોઈ આત્મા કે જડ પદાર્થ કોઈ પણ આત્માને દુઃખી કરવા કે સુખી કરવા સમર્થ નથી. આત્મા સ્વયં પોતાની ભૂલથી દુઃખી થાય છે. એ ભૂલ એક જ છે કે–"પોતાનું સ્વરૂપ ભૂલી જવું તે, પોતાના સ્વરૂપનું અજ્ઞાન" આત્માનું યથાર્થ સ્વરૂપ જાણવાથી એ મહાન્ ભૂલ મટે છે અને આત્માને મોક્ષમાર્ગ પ્રાપ્ત થાય છે.

પોતાના દ્રવ્યદળમાં અનંત શક્તિ ભરી પડી છે. પ્રત્યેક આત્મા દ્રવ્ય સ્વભાવથી પરમ શુદ્ધ, બુદ્ધ અને અંજન રહિત નિર્મળ છે. આવું પોતાનું સ્વરૂપ જે કોઈ સમજે, પોતાના સ્વરૂપમાં સમાઈ જાય, તે આત્મા સ્વયં ભગવાન બની જાય છે. ભગવાન કોઈ જૂદા હોતા નથી. જે કોઈ આત્મા પોતાનું ઉપાદાન જાગ્રત કરે છે અને મોક્ષમાર્ગમાં પુરુષાર્થ ઉપાડે છે, તે આત્મા ભગવાન બની જાય છે.

પોતાના શુદ્ધસ્વભાવ તરફ દૃષ્ટિ વળતાં અને સ્વ-ભાવનો આશ્રય કરતાં, પર્યાયમાં પરમશુદ્ધપણું પ્રગટ થતાં કેવળજ્ઞાન-સિદ્ધદશા સંપ્રાપ્ત થાય છે.

આવા પ્રકારના ભગવાનના ધર્મોપદેશથી અનેક આત્મા સમ્યક્ત્વરત્નની સંપ્રાપ્તિ કરીને મોક્ષમાર્ગમાં ચાલી સમ્યગ્-દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના કરીને પોતાના આત્માનું કલ્યાણ કરે છે.

## તીર્થંકરદેવ અઢાર દોષરહિત હોય છે.

વીતરાગ સર્વજ્ઞદેવ નિમ્ન અઢાર દોષરહિત હોય છેઃ-

| | | |
|---|---|---|
| ૧. ક્ષુધા | ૭. ચિંતા | ૧૩. મદ |
| ૨. તૃષા | ૮. જરા | ૧૪. રતિ |
| ૩. ભય | ૯. રોગ | ૧૫. વિસ્મય |
| ૪. રોષ | ૧૦. મૃત્યુ | ૧૬. નિદ્રા |
| ૫. રાગ | ૧૧. પરસેવો | ૧૭. જન્મ |
| ૬. મોહ | ૧૨. ખેદ | ૧૮. ઉદ્વેગ |

## સ્વરૂપ–કથન

આ તીર્થંકર પરમદેવના સ્વરૂપનું કથન છે.

તીર્થંકરદેવ સકળવિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન અને કેવળદર્શન, પરમ વીતરાગાત્મક આનંદ, અનંત વીર્ય (આત્મશક્તિ) ઇત્યાદિ અનેક વૈભવથી સમૃદ્ધ હોય છે.

સર્વજ્ઞ તીર્થંકરદેવ પરમ શાંતરસના સાગર એવા વૈરાગ્યમૂર્તિ હોય છે. અંદરથી આત્મામાં પરમ શુદ્ધસ્વભાવ પ્રગટી ગયો એટલે નિમિત્તનૈમિત્તિક–યોગે દેહની મુદ્રા પણ તેવી જ પ્રગટે છે, જે મુદ્રાના અંતર્ભાવે દર્શન થતાં આત્માનું દર્શન પ્રગટે એવો કોઈ અપૂર્વ ભાવ હોય છે.

આત્માની તે સર્વોત્કૃષ્ટ પવિત્ર દશા છે. શાંત વીતરાગ મુદ્રા છે, એવા શુદ્ધાત્માને આ સર્વજ્ઞ જિનેશ્વરદેવે પ્રગટાવ્યો છે.

કેવળીભગવંતને સમયે સમયે આત્માની શક્તિઓના શુદ્ધ પર્યાયો પ્રગટયા કરે છે, તેથી સમયે સમયે પરિપૂર્ણ આનંદ આદિ અનંત શુદ્ધ ગુણોને ભગવંત વેદે છે, અનુભવે છે.

તીર્થંકરદેવને નિશ્ચયસમ્યગ્દર્શન સહિત ચારિત્રગુણની સંપૂર્ણ શુદ્ધતા થઈ છે. તેને યથાખ્યાત–ચારિત્ર કહે છે. પોતાના સ્વરૂપમાં જ લીન થવું, સમાઈ જવું, ચરવું, રમવું તે નિશ્ચયચારિત્ર સંપૂર્ણપણે તીર્થંકરદેવને પ્રગટયું છે. તેઓ **કાર્યપરમાત્મા છે. સમયસાર છે.**

તીર્થંકરદેવના સમસ્ત અર્થપર્યાય પરમશુદ્ધપણે અર્થાત્ સ્વભાવપણે પ્રગટે છે એટલે કે સમયસમયનું સ્વભાવ-પરિણમન થાય છે. જેવું દ્રવ્યદળનું શુદ્ધસ્વરૂપ છે તેવા જ નિર્મળ, પરમશુદ્ધ અર્થપર્યાયો પ્રગટે છે.

તીર્થંકરદેવનો સ્વયંભૂ-આત્મા સમસ્ત મોહનીયના અભાવને લઈને અત્યંત નિર્વિકાર શુદ્ધચૈતન્યસ્વભાવવાળા નિજ આત્માને અનુભવતા, સ્વયમેવ સ્વપરપ્રકાશલક્ષણ જ્ઞાન અને અનાકુળતાલક્ષણ સુખરૂપે થઈને પરિણમે છે.

સર્વ દ્રવ્યોના જે પર્યાયો હજુ ઉત્પન્ન થયા નથી અર્થાત્ જે ભવિષ્યમાં ઉત્પન્ન થવાના છે; તથા જે પર્યાયો ભૂતકાળમાં ઉત્પન્ન થઈને વિલય પામી ગયા છે એવા જે પર્યાયો ખરેખર અદ્યાપિ અવિદ્યમાન હોવા છતાં પણ તીર્થંકર સર્વજ્ઞદેવ પોતાના સકળવિમળ જ્ઞાનમાં પ્રત્યક્ષ જાણી રહ્યા છે, એટલે કે ભૂત-વર્તમાન-ભવિષ્યકાળના સમસ્ત પદાર્થોના સમસ્ત પર્યાયો સર્વજ્ઞદેવના જ્ઞાનમાં યુગપત્ પ્રત્યક્ષ છે. એ કેવળજ્ઞાન સર્વકાળે એકરૂપ રહેનારું, અચળ છે અને અન્ય-અન્ય જ્ઞેયોને જાણવારૂપે પલટતું નથી. જો કેવળજ્ઞાન આવું નિર્મળ ન હોય તો તે જ્ઞાનની દિવ્યતા શાની? કેવળજ્ઞાનની અખંડિત પ્રભાવવાળી આવી પ્રભુશક્તિ (મહા સામર્થ્ય) હોય છે.

સર્વજ્ઞપણું, સર્વદર્શીપણું, અવ્યાબાધ ઇંદ્રિયવ્યાપારાતીત અનંત સુખ અને અનંત શક્તિ તીર્થંકર કેવળીભગવાનને પ્રગટેલાં છે, તેથી તેમને જીવનમુક્તિ (દેહ હોવા છતાં મુક્તિ) નામનો ભાવમોક્ષ અત્રે જ થઈ ગયો છે.

## નિર્વાણ-કલ્યાણક

તીર્થંકર-સર્વજ્ઞદેવને ભાવમોક્ષ થતાં, પરમ સંવર સિદ્ધ થવાને લીધે, ભાવી કર્મપરંપરાનો નિરોધ થયો છે અને પરમ નિર્જરાના કારણભૂત ધ્યાન સિદ્ધ થવાને લીધે પૂર્વકર્મસંતતિ અર્થાત વેદનીય, નામ અને ગૌત્ર એ ત્રણ આઘાતી કર્મની સ્થિતિ સ્વભાવથી આયુકર્મ જેટલી જ તીર્થંકરદેવને હોય છે તે ચારેય અઘાતીકર્મોનો, ભવ છૂટવાના સમયે, અત્યંત વિયોગ થાય છે તે દ્રવ્યમોક્ષ છે, નિર્વાણ-કલ્યાણક છે.

જેમને પોતાના નિર્વાણનો પ્રેમ છે, ભાવના છે, કૃતકૃત્ય થવાની રુચિ છે, ઉત્સાહ છે એવા આત્માઓ તીર્થંકર દેવના નિર્વાણ-કલ્યાણક ઊજવે છે. તેથી ત્રિલોકનાથ, સર્વજ્ઞ-દેવ તીર્થંકર ભગવાનનું નિર્વાણ થતાં, ઈંદ્રો અને દેવો, પૂર્ણ પવિત્ર ભગવાનનો વિરહ થતાં શોકની લાગણી થવા છતાં પણ. અકષાયી સ્વરૂપની ભાવનાના બળ વડે, પરમ ઉલ્લસિત ભાવથી પ્રભુની ભક્તિ કરે છે, ગુણગ્રામ કરે છે અને સર્વજ્ઞદેવ તીર્થંકરનું નિર્વાણકલ્યાણક ઊજવે છે.

# શ્રાવક કંદમૂળ ખાય?

કંદમૂળ ખાવાની ઈચ્છા રાખનાર ગૃહસ્થ અનંત જીવો હોય છે તે સર્વને મારે છે, તેથી અનંતકાયવાળા નિગોદ છે તેવા કંદમૂળનો શ્રાવકે સર્વથા ત્યાગ કરવો જોઈએ, એમ "પુરુષાર્થસિદ્ધ્યુપાયમાં" કહ્યું છે.

સમ્યક્ત્વધારી શ્રાવક, અનંત જીવોના પિંડભૂત નિગોદ (સાધારણ) વનસ્પતિનો સર્વથા ત્યાગ કરે છે, તેમ જ આત્મ-જ્ઞાનની પ્રાપ્તિના હેતુથી સાધના કરનાર મુમુક્ષુ પણ તેને ત્યાગે છે.

સોયના એક અગ્રભાગ ઉપર રહે તેટલી સાધારણ વનસ્પતિ (નિગોદ) માં અસંખ્યાત શ્રેણિ છે, એકેક શ્રેણિમાં અસંખ્યાત પ્રતર છે, એકેક પ્રતરમાં અસંખ્યાત ગોળા છે. એકેક ગોળામાં અસંખ્યાત શરીર છે. એકેક શરીરમાં અનંતાનંત જીવો છે.

અથવા અસંખ્યાત સ્કંધો છે, એકેક સ્કંધમાં અસંખ્યાત અંડર છે, એકેક અંડરમાં અસંખ્યાત આવાસ છે, એકેક આવાસમાં અસંખ્યાત પુલવિ છે, એકેક પુલવિમાં અસંખ્યાત નિગોદિયા જીવોના શરીરો છે. તેમાંના એકેક શરીરમાં અનંત અનંત જીવો છે.

દ્રવ્યની અપેક્ષાથી સમસ્ત સિદ્ધરાશિથી તેમ જ સંપૂર્ણ અતીત (વીતી ગયેલા) કાળના જેટલા સમયો થાય તેનાથી અનંતગુણા જીવો એક નિગોદશરીરમાં રહેલા છે.

તેથી નિગોદકાય વનસ્પતિનો આહાર કરવો તે મહા-પાપનું કારણ છે. તે નરદમ અનંતજીવોનો પિંડ છે.

કંદમૂળ જમીનમાં રહેતાં સદાય કાચા હોય છે, કોઈ દિવસ પાકતાં નથી. જમીનમાંથી કંદમૂળને બહાર કાઢતાં, સ્ત્રીનો કાચો ગર્ભ બહાર ખેંચી કાઢવા જેવું તે કાર્ય છે. માટે શ્રાવકો સર્વથા તેમો ત્યાગ કરે છે.

# પારિભાષિક શબ્દોના અર્થ

**અગૃહીત-મિથ્યાત્વ**=નવું ગ્રહણ નહિ કરેલું એવું અનાદિથી ચાલી આવેલી વિપરીત માન્યતારૂપ મિથ્યાત્વ, જેમાં શરીરને પોતાનું માનવારૂપ દેહાત્મબુદ્ધિ હોય છે.

**અતીંદ્રિય**=ઇંદ્રિયોથી પર, આત્મામાંથી પ્રાપ્ત થતું.

**અધ્યાસ**=મિથ્યા આરોપણ, ભ્રાંતિ, પરમાં અહં-મમપણું.

**અનંતાનુબંધી**=અનંત સંસારનો બંધ કરાવે એવા કષાયો.

**અનુપચરિત-સદ્દભૂત=વ્યવહારનય**-જે નય એક પદાર્થમાં નિરૂપાધિક ગુણ અને ગુણીને ભેદરૂપ ગ્રહણ કરે તે નય.

**અનુભાગ**=કર્મની ફળ આપવાની શક્તિની તરતમતા.

**અર્થપર્યાય**=આત્માના પ્રદેશત્વગુણ સિવાયના બાકીના સંપૂર્ણ અનંત ગુણોના સમય-સમયના પરિણમનને અર્થપર્યાય કહે છે.

**અસંજ્ઞી**=મન વિનાના પ્રાણી, એકેંદ્રિય, વિકલેંદ્રિય તથા માતાપિતાના સંયોગ વિના ઉત્પન્ન થયેલા પંચેંદ્રિય મનુષ્ય તથા તિર્યંચ જીવો.

**અંતર્મુહૂર્ત**=બે ઘડી (૪૮ મિનિટ) થી ઓછો સમય.

**અંતઃકોડાકોડી સાગરોપમ**=૧ ક્રોડ × ૧ ક્રોડ×૧૦ એટલા પલ્યોપમનો એક સાગરોપમ થાય છે. (પલ્યોપમ અને સાગરોપમ એ બંને અસંખ્યાત વર્ષપ્રમાણ કાળ જાણવો).

૧ ક્રોડ ×૧ ક્રોડ સાગરોપમ=૧ ક્રોડાકોડી સાગરોપમ થાય. તેમાં થોડુંક ઓછું તે અંતઃક્રોડાકોડી સાગરોપમ.

ઉદાસીન=રાગદ્વેષ વિરહિતતા; સમભાવી.

ઉપાદાન=મૂળ દ્રવ્ય, જેમાં પરિણમનરૂપ કાંઈ કાર્ય થવું.

ઉદ્યોત શરીર=આતાપ રહિત પ્રકાશરૂપ શરીર.

એકત્વવિભક્ત=એક, અસંગ અને અન્ય દ્રવ્યથી અત્યંત ભિન્ન.

એકક્ષેત્રાવગાહપણું=પદાર્થોનું આકાશના એક જ પ્રદેશમાં સાથે રહેવાપણું.

કર્મભૂમિજ=કર્મભૂમિમાં જન્મેલા.

કષાયચતુષ્ક=ક્રોધ, માન, માયા, લોભ એ ચાર.

કુબ્જ=કુબડું શરીર.

ક્ષપણ=કર્મનો ક્ષય થવાની ક્રિયા.

ગૃહીતમિથ્યાત્વ=કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર, આદિને સાચા માનવારૂપ તથા તત્ત્વાદિને વિપરીતરૂપે માનવારૂપ નવી ઊંધી (મિથ્યા) માન્યતા.

જ્ઞેય=જ્ઞાનમાં જણાવાયોગ્ય વસ્તુ.

ટંકોત્કીર્ણ=ટાંકણાથી પત્થરની કરેલી મૂર્તિની જેમ એકાકાર; જેવો ને તેવો સ્થિત.

દ્રવ્યકર્મ=પુદ્ગળદ્રવ્યથી રચાયેલા જ્ઞાનાવરણાદિ આઠ કર્મો.

નિગોદ=એક શરીરમાં એક સાથે રહેલા અનંત જીવો તે નિગોદના જીવો છે. તેમને આહાર, શ્વાસોચ્છવાસાદિ સાથે જ હોય છે.

**નોકર્મ**=શરીર તેમ જ શરીરને લઈને ઊપજતા બધા સંબંધો, જેમકે માતા-પિતા, પતિ કે પત્ની, પુત્ર-પુત્રીઓ વગેરે નોકર્મ કહેવાય છે.

**ન્યગ્રોધપરિમંડળસંસ્થાન**=નાભિથી ઉપર જાડા અને નાભિની નીચે પતલા એવા શરીરની રચના.

**પર્યાય**=સમયે-સમયે દ્રવ્યની બદલતી અવસ્થા-વિશેષ.

**પર્યાયાન્તર**=એક અવસ્થા બદલી બીજી અવસ્થા થવી તે.

**ભાવકર્મ**=આત્મના ગુણોનો વિકારી ભાવ.

**ભેદવિજ્ઞાન**=એકત્વમાં રહેલા પોતાના આત્માને અન્ય સર્વે દ્રવ્યોથી અત્યંત ભિન્ન હોવાનું યથાર્થ જ્ઞાન થવું અને પરદ્રવ્યને પર માનવું તે.

**મમત્વબુદ્ધિ**=પરવસ્તુમાં મારાપણાની મિથ્યાબુદ્ધિ.

**મિથ્યાત્વ**=આત્મા અને તત્ત્વો સંબંધી વિપરીત શ્રદ્ધા.

**લબ્ધ્યપર્યાપ્તક**=જે જીવોની પર્યાપ્તિ પૂર્ણ થયા પહેલાં જ મૃત્યુ થઇ જાય તે લબ્ધ્યપર્યાપ્તક જીવો. પર્યાપ્તિ આ પ્રમાણે છે-આહાર, શરીર, ઇંદ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મન.

**લબ્ધ્યાત્મક**=લબ્ધિરૂપે.

**વામનસંસ્થાન**=ઠીંગણું શરીર.

**વિપરીત અભિનિવેશ**=પોતાની ખોટી અને વિપરીત માન્યતામાં મિથ્યા આગ્રહ-હઠ.

**સમયપ્રબદ્ધ**=એક સમયમાં બંધાતા કર્મ-પરમાણુઓનો સમૂહ.

**સમ્યગ્દર્શન**=આત્માના શ્રદ્ધાગુણનો નિર્મળ પર્યાય; આત્મસ્વરૂપની નિશ્ચયપ્રતીતિ; સમકિત; સમ્યક્ત્વ.

**સમ્યગ્મિથ્યાત્વ**=મિથ્યાત્વ પ્રકૃતિની શક્તિ થોડી ઘટી જાય છે ત્યારે તેને જ સમ્યગ્મિથ્યાત્વ કહે છે. તેમાં આત્માના પરિણામોને સમ્યક્ત્વરૂપ કે મિથ્યાત્વરૂપ–એમાંથી કોઈમાં કહી ન શકાય એવા મિશ્ર પરિણામો હોય છે.

**સંકરદોષ**=તત્ત્વોને સેળભેળ કરવાનો દોષ.

**સાદિ**=આદિ સહિત.

**સાધિક**=કાંઈક વધારે

**સ્ત્યાનગૃદ્ધિ**=જે નિદ્રામાં જ ઊભો થઈને ઘણા પરાક્રમના કાર્યો કરે, પરંતુ તેને કશું જ ભાન ન હોય કે નિદ્રામાં શું થયું, એવા પ્રકારની નિદ્રા.

**સ્વાતિસંસ્થાન**=ઉપરથી પતલું અને નાભિ નીચે જાડું એવું શરીર–સંસ્થાન.

**હુંડક સંસ્થાન**=ભયાનક, ખરાબ આકારનું, કોઈને જોવું ન ગમે તેવું શરીર–સંસ્થાન.

# સુભાષિત

જેમ મલિન દર્પણમાં પોતાનું પ્રતિબિંબ દેખાતું નથી તેમ રાગથી રંજિત એવા મલિન હૃદયમાં, રાગરહિત આત્મદેવ દેખાતો નથી એમ હે જીવ ! તું સંદેહરહિત જાણ.

હે જીવ ! સાંસારિક પદાર્થોની આશા સંસારરૂપી ખાડામાં ફસાવવાવાળી છે. પરંતુ તે આશાનો ત્યાગ મોક્ષને અપાવનાર છે. આ બે વાતનો યથાર્થ રીતે વિચાર કર અને જેમાં તને પોતાનું હિત ભાસે તેનું આચરણ કર.

જન્મ, મરણ એ જેના માતા-પિતા છે, આધિ-વ્યાધિ એ બે જેના સહોદર ભાઈ છે અને વૃદ્ધાવસ્થા જેનો પરમ મિત્ર છે એવા શરીરમાં રહીને તું અનેક પ્રકારની ચિત્ર-વિચિત્ર આશામાં વહી રહ્યો છે એ એક આશ્ચર્ય છે.

આ સંસારમાં સર્વ પુરુષોને જ્ઞાનથી જ સર્વ પ્રયોજનની સિદ્ધિ થાય છે. અજ્ઞાનથી કાંઈ પણ સિદ્ધિ થતી નથી. આમ જ્ઞાનનો ગુણ જાણીને મહાપુરુષો જ્ઞાનને કદાપિ છોડતા નથી.

દુઃખની નિવૃત્તિ દુઃખ જેનાથી જન્મ પામે છે એવા રાગ, દ્વેષ અને અજ્ઞાનાદિ દોષની નિવૃત્તિ થયા વિના, થવી સંભવતી નથી. તે રાગાદિની નિવૃત્તિ એક આત્મજ્ઞાન સિવાય બીજા કોઈ પ્રકારે ભૂતકાળમાં થઈ નથી, વર્તમાનકાળમાં થતી નથી, ભવિષ્યકાળમાં થઈ શકે તેમ નથી. (૩૭૫)

જ્ઞાનીપુરુષને જે સુખ વર્તે છે તે નિજસ્વભાવમાં સ્થિતિનું વર્તે છે. બાહ્યપદાર્થમાં તેને સુખબુદ્ધિ નથી, માટે તે તે પદાર્થથી જ્ઞાનીને સુખદુઃખાદિનું વિશેષપણું કે ઓછાપણું કહી શકાતું નથી. ( ૬૦૩ )

અનંત કાળથી પોતાને પોતા વિષેની જ ભ્રાંતિ રહી ગઈ છે; આ એક અવાચ્ય, અદ્ભુત વિચારણાનું સ્થળ છે. ( ૧૭૨ )

પોતાને ભૂલી ગયારૂપ અજ્ઞાન, જ્ઞાન મળવાથી નાશ થાય છે, એમ નિઃશંક માનવું. ( ૨૦૦ )

હે ભવ્યઆત્મા ! આત્માના શુદ્ધસ્વરૂપની ભાવના જ્ઞાન સહિત વિનયપૂર્વક હમેશાં કરો, નહિ તો મરણ આવતાં બહુ પશ્ચાત્તાપ થશે કે હું કંઈ કરી ન શક્યો. મરણનો સમય નિશ્ચિત નથી તેથી આત્મજ્ઞાનની ભાવના સદાય કરવાયોગ્ય છે.

જેમ સૂર્ય ઘોર અંધકારનો નાશ કરે છે, પવન વાદળોને નષ્ટ કરે છે, અગ્નિ મહાવનનો નાશ કરે છે, વજ્ર પર્વતનો નાશ કરે છે તેમ સમ્યગ્દર્શન કર્મોનો નાશ કરે છે.

અનંત સંસાર–પરિભ્રમણ કરી રહેલો એવો હું હવે એ અનાદિ પરિભ્રમણના આત્યંતિક અભાવને અર્થે પૂર્વે ક્યારેય પણ નહિ ભાવેલી, નહિ ચિંતવેલી અને નહિ પ્રતીત કરેલી એવી સમ્યગ્દર્શનાદિક નિર્મળ ભાવનાને ભાવું, આરાધું તથા પૂર્વે અનંત વાર ભાવેલી મિથ્યાદર્શનાદિક દુર્ભાવનાનો ત્યાગ કરું, ભૂલું.

અનેકાંતિક માર્ગ પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ કરાવવા સિવાય બીજા અન્ય હેતુએ ઉપકારી નથી. (૭૦૨)

જેનું મનરૂપી જળ રાગાદિ-વિભાવપરિણામો વડે ચંચળ થતું નથી તે જ નિજાત્મતત્ત્વનો અનુભવ કરી શકે છે. તેનાથી વિપરીત આત્મા સ્વાનુભવ કરી શકતો નથી. જ્યારે સરોવરનું પાણી સ્થિર હોય છે ત્યારે તેની અંદર પડેલું રત્ન સ્પષ્ટ દેખાય છે, તેવી રીતે મનરૂપી જળ સ્થિર થઈ જતાં આત્માનો સાક્ષાત્કાર થાય છે.

જે આત્મા પોતાના આત્માને ઉત્કૃષ્ટ દેખે, તેની જ સાથે ક્રીડા કરે, તેના જ માટે હિતસ્વરૂપ રહે, તેનાથી જ તે સુખી થાય, તેનો જ સંબંધ તે પામે અને તેમાં જ સ્થિર થાય, તો તે આનંદરૂપ અમૃતનો સમુદ્ર બની જાય છે. અધિક શું કહેવું ? સમસ્ત ઉપદેશોનું કેવળ આ જ રહસ્ય છે.

જેમ કોઈ મૂર્ખ માણસ સોનાની થાળીમાં ધૂળ ભરે છે, અમૃત વડે પોતાના પગ ધૂએ છે, શ્રેષ્ઠ હાથી ઉપર લાકડાનો ભાર લાદીને ઉપડાવે છે તથા કાગડાને ઉડાડવા માટે પોતાના હાથમાં રહેલું ચિંતામણિ-રત્ન ફેંકે છે, તેમ અજ્ઞાની જીવ પ્રાપ્ત થયેલ અત્યંત દુર્લભ મનુષ્ય-જન્મને પ્રમાદવશ થઈને વ્યર્થ ગુમાવી દે છે.

